Year : 5 Issue No : 7 - 8 Date : 01-03-2020 Sunday
Retail selling Price : Rs 100/- Annual Sub : 1200/-
Editor : Gagjibhai G. Sutariya

Place of Publication : Near Royal Heights, S. P. Ring Road,
Vaisnodevi Circle, Ahmedabad - 382481



समस्त पाटीदारनी એકતાનું ધામ

# સરદારધામ

વર્ષ-૫, અંક-૦૭-૦૮, ૧ ફેબ્રુઆરી-માર્ચ, ૨૦૨૦ કિંમત : ૧૦૦/-


એક વિચાર

## વિશેષાંક

સરદારધામ આયોજિત
ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૦
## એક આર્થિક ઐતિહાસિક અભિયાન

### સમિટની વિશેષતાઓ


- સામાજિક સમરસતાનું ઉદાહરણ
- પાટીદાર સમાજના ૧૨૮૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ સ્વયંસેવક તરીકે શ્રમદાન કર્યું
- ૯૦,૦૦૦ બિઝનેસ ટુ બિઝનેસ મીટિંગનો અનોખો વિશ્વ વિક્રમ
- અખંડ ભારતના શિલ્પી, લોહપુરુષ એવા સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની બીજા ક્રમની ૫૦ ફૂટની વિશાળ પ્રતિમાનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રુપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તથા કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાના હસ્તે અનાવરણ
- ૧૫૦૦થી વધુ ડેલિગેટ્સનું સીધું જોડાણ
- દીકરી સ્વાવલંબન યોજના અંતર્ગત ૧૨૦૦ દીકરીઓ દત્તક
- ૨૫૦થી વધુ પ્રોડક્ટ્સના નિર્માતાઓ, ઉત્પાદકો તથા ઉદ્યોગ સાહસિકો
- ૪૫ જેટલા કલાકારો દ્વારા અદ્‌ભૂત રંગારંગ કાર્યક્રમ
- પ્રથમ હરોળના ૧૦,૦૦૦થી વધુ ઉદ્યોગ સાહસિકોની હાજરી
- ૧૦થી વધુ દેશોમાંથી ૨૦૦ જેટલા એનઆરઆઈની ઉપસ્થિતિ
- ૬,૭૮,૦૦૦ મુલાકાતીઓ
- ૧૫ ટકા સર્વ સમાજના ઉદ્યોગ સાહસિકોને તક



SUNHEARRT
CERAMIK
axi
MARBLE
1200X2400 mm
BIG SLABS, GREAT ADVANTAGES.
LARGE AND VERSATILE
with large formats, less cuts are required
INTEMPORAL
contemporary ceramic tiles with timeless design
RESISTANT
withstands even more than stone or natural marbles
EASY TO CLEAN AND MAINTAIN
easy and quick to clean . keeping it's original look
MODULARITY
three different sizes create more possibilities
SUSTAINABLE AND ECOLOGICAL
clean ceramic, less waste
EASY TO INSTALL
quick installation, less difficulties, faster results
TECHNICAL SUPERIORITY
experience combined with research and innovation
SUNSHINE TILES CO P LTD
Corporate Office & Company Showroom:
101, 102, 103, First Floor, Titanium One, Nr. Pakwan Cross Road, S.G. Highway, Ahemdabad
T.: +91-79-29704833,
Toll Free: 1800 233 1012
E-mail: info@sunhearrt.com
Visit: www.sunhearrt.com
REGIONAL OFFICES
MUMBAI · DELHI · CHENNAI · INDORE · COCHIN · KOLKATA

EXPRESS LIFTS LTD.®

**COMMITTED**
to create **COMFORTABLE**
**TRAVEL** space..



**24 YEARS**
IN YOUR SERVICES

**OUR GOAL & VALUES**

- To become India's **No.1 company by 2026**

- **Commitment**
- **Best quality**
- **Trust**
- **Fearless & Risk Taker**
- **Responsibility**

SMS'EXPRESS' TO
<52424>

**Toll Free:**
**1800-2331-232**
www.expresslift.co.in
info@expresslift.co.in

**FACTORY**

Ode Gam, Nr.S.P Ring Road,Inside Pirana Gate, Nr. Canal
Ode, Ahmedabad-27.**Phone : +91 079-29705882/83**

**HEAD OFFICE**

Express House, B/h. Natraj Rly. Crossing, Mithakhali, Ahmedabad-06
**Ph : +91-79-2642 0061 | Fax : 91-79-2642 0134**

# સરદારધામના લક્ષ્યબિંદુઓ...

### ૧. સમાજનું વૈશ્વિક જોડાણ

- ❖ ગામથી લઇ વિશ્વ સુધી પાટીદાર સમાજનું સામાજિક, આર્થિક અને ભાતીગળ જોડાણ.

### ૨. પગદંડીથી મહામુકામ તરફ પ્રયાણ

- ❖ **પ્રથમ ચરણમાં** ૨૦૦૦ દીકરા-દીકરીઓ માટે સુવિધાપૂર્ણ અને છાત્રાલયની ઉત્તમ વ્યવસ્થા.
- ❖ સમાજનું મધ્યસ્થ કાર્યાલય તથા કારકિર્દી ઘડતર તાલીમ કેન્દ્ર આકાર લેશે.
- ❖ **બીજા ચરણમાં** પર્યાપ્ત જમીન મેળવીને ૮૦૦૦ દીકરા-દીકરીઓ માટે સુવિધાપૂર્ણ છાત્રાલયની ઉત્તમ વ્યવસ્થા ઊભી કરવી અને સમય સાથે જરૂરિયાત મુજબ નવા કેન્દ્રો ઊભાં કરવાં.

### ૩. સમાજસેતુ યોજના

- ❖ સરકારશ્રીમાં પ્રવૃત્ત કે નિવૃત્ત અધિકારીઓ તથા સમાજ શ્રેષ્ઠીઓના સહયોગથી વિવિધ સમસ્યાઓના નિવારણ માટે માર્ગદર્શન કેન્દ્ર.

### ૪. અતિથિ ભવન

- ❖ ભારતવર્ષમાંથી તેમજ વિદેશમાંથી આવતા પાટીદાર પરિવારના અતિથિઓ માટે રહેવા-જમવાની વ્યવસ્થા સાથે ઉત્તમ સુવિધાપૂર્ણ અતિથિ ભવન.

### ૫. ઉજ્જવળ ભવિષ્ય યોજના

- ❖ પર્યાપ્ત ફંડની વ્યવસ્થા પછી ઉચ્ચ અભ્યાસ અર્થે સમાજના જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વગર વ્યાજની લોનની વ્યવસ્થા.
- ❖ વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દીના ઘડતર માટે યોગ્ય તાલીમ અને માર્ગદર્શન કેન્દ્ર ઊભું કરવું.
- ❖ શિક્ષિત દીકરા-દીકરીઓને સરકારી, ખાનગી કે જાહેરક્ષેત્રે સન્માનપૂર્વક રોજગારી પ્રાપ્ત થાય તે માટેના પ્રયત્નો કરવા.

## સંસ્થાની હાલની પ્રવૃત્તિ

૧. હૉસ્ટેલ બિલ્ડીંગ પ્રૉજેક્ટ ૨૦૨૦
૨. GPSC/UPSC સિવિલ સર્વિસ કેન્દ્ર
૩. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (GPBS) ૨૦૧૮-૨૦-૨૨-૨૪-૨૬
૪. ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GPBO)
૫. યુવા તેજ-તેજસ્વિની સંગઠન
૬. દીકરી સ્વાવલંબન યોજના



સૂચિત પ્લાન

સમસ્ત પાટીદારની એકતાનું ધામ
# સરદારધામ
વિશ્વ પાટીદાર કેન્દ્ર
સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

**તંત્રી**
ગગજી સુતરિયા

**એડીટોરીયલ**
ટીમ સરદારધામ

**પરામર્શક સમિતિ**
સ્વામી શ્રી સચ્ચિદાનંદજી
એચ. એસ. પટેલ (IAS, Retd.)
પદ્મશ્રી મથુરભાઈ સવાણી
જય વસાવડા
ટી. જી. ઝાલાવાડિયા
પારસભાઈ પટેલ
ડૉ. પ્રભુદાસ પટેલ
ડૉ. રૂપલ એ. પટેલ
જીનાબેન એચ. પટેલ

**સહતંત્રી**
ડૉ. જાગૃતિ જે. પટેલ

**સંપાદક**
કૃષ્ણકાંત જે. પટેલ

**ડિઝાઇન**
અજય-મનિષ

**સંકલન**
કિન્તુ ગઢવી

જાહેરખબર વિભાગ
૯૭૧૨૯ ૫૨૩૫૮



**નોંધ**
આ માસિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે તેની સાથે તંત્રી કે સંસ્થા સહમત છે તેવું મનાવું નહીં. સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન. ન્યાયંત્ર અમદાવાદ.



**મુખ્ય કાર્યાલય**
**સરદારધામ**
ઑફિસ : સરદારધામ, રોયલ હાઇટ્સ પાસે, એસ. પી. રીંગ રોડ,
વૈષ્ણોદેવી સર્કલ, અમદાવાદ - ૩૮૨૪૨૧
ફોન : ૭૫૭૫૦૦૧૫૪૮/૯૬/૯૭, ૭૫૭૫૦૦૧૪૨૮/૩૮
ઇ-મેલ : info.sardardham@gmail.com
વેબસાઈટ : www.sardardham.org
ટ્રસ્ટ રજી. નં. ઈ/૨૦૯૨૪/અમદાવાદ

Published by : **Gagjibhai G. Sutariya** on behalf of **Sardardham** and Printed at Krishna Graphics and Printers, B/4, Anand Mangal Complex, Opp. Omkar House Swastik Char Rasta, Navrangoura, Ahmedabad - 380009 and **Published from** Near Royal Heights, S.P. Ring Road, Vaishnodeve Circle, Ahmedabad - 382481
**Editor - GAGJIBHAI G. SUTARIYA**

છુટક અંકની કિંમત : રૂ. ૧૦૦/-
વાર્ષિક લવાજમ : રૂ. ૧,૨૦૦/-
વિદેશ : ૭૦ ડોલર
આજીવન સભ્ય (૧૦ વર્ષ) રૂ. ૧૦,૦૦૦/-


## તંત્રીલેખ

વ્હાલા બંધુ-ભગિનીઓ,

મનમાં કેટલાંક સંકલ્પો હતાં કે સમાજ માટે આધુનિક સમય પ્રમાણે કંઈક વિશેષ આયોજન થાય. આ માટે આંખોની સામે શિક્ષણ એ એક જ વિકલ્પ હતો. આ માટે હૉસ્ટેલ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ એક માત્ર સમાજની પ્રાથમિક્તા જણાઈ. સમાજના બુદ્ધિજીવી વર્ગો સાથે બેસીને તેમની પાસેથી સૂચનો મંગાવ્યા. વિદેશમાં વસતાં મિત્રોની ઈચ્છાઓ પણ જાણી, સ્થાનિક બુદ્ધિજીવીઓની સલાહ લીધી અને સમાજની એક બ્લ્યૂ પ્રિન્ટ બનાવી. જેમાં ઉદ્યોગ સાહસિક્તા પણ એક ઉન્નત સમાજની શિરમોર સફળતા છે અને એના માટે સ્પર્ધાત્મ પરીક્ષાઓ અને શિક્ષણની સાથે સાથે સમાજના યુવાનોમાં ઉદ્યોગ સાહસિક્તા વિક્સે તે માટે જીપીબીએસ-૨૦૨૦ એક સફળ સંકલ્પ રહ્યો. સરદાર સાહેબની વિરાટ પ્રતિમા વિશ્વની બીજા નંબરની સરદાર સાહેબની સૌથી ઊંચી પ્રતિમા લેખાઈ. તેના અનાવરણનું દ્રશ્ય એટલું નિરાળું હતું કે આજે પણ સમાજના દરેક વ્યક્તિઓના મોઢે આ દુર્લભ ઘટનાનો વરતારો સતત મળ્યા કરે છે.

૩૪ જેટલાં મોટા ગજાના સ્પોન્સર્સ સાત લાખ લોકોએ, લગભગ ૧૨૦૦ જેટલાં સ્વયંસેવકો, ટીમ જીપીબીએસ, ટીમ જીપીબીઓ, યુવા તેજ/તેજસ્વિની ત્રણસોને પાંચ ટ્રસ્ટીઓ,એ સિવાય ચેતન ભગત, વિવેક બિન્દ્રા, કુમાર વિશ્વાસ, કાજલ ઓઝા વૈદ્ય, જય વસાવડા જેવા ઉચ્ચ કોટીના વક્તાઓનો સહકાર સાંપડ્યો. યુવા શક્તિ માટે સમાજમાં જે કાંઈ શ્રેષ્ઠ હતું તે ચારે તરફથી લાવીને પીરસ્યું. ૫૦૦ જેટલાં સ્ટોલધારકોએ પણ પોતાની પ્રોડક્ટ થકી આ સમિટને ઉજળી બનાવી. આ તો શરુઆત છે. આશા રાખું કે મારી આગળની પેઢી આનાથી પણ વિશેષ અને વધુ સારી સમિટ કરીને સમગ્ર દેશ અને દુનિયાને આર્થિક રાહ બતાવશે. એ જ અભ્યર્થના સહ, જય સરદાર જય હિંદ...

**આપનો કલ્યાણ મિત્ર**
**ગગજી સુતરિયા**


**લવાજમ અહીં સ્વીકારવામાં આવે છે**
**સરદારધામ**
રોયલ હાઈટ્સ પાસે, એસ. પી. રીંગ રોડ, વૈષ્ણોદેવી સર્કલ, અમદાવાદ - ૩૮૨૪૨૧ સંપર્ક : ૯૭૧૨૯ ૫૨૩૫૮

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૦ની ભવ્યતા | ટીમ સરદારધામ | ૧૦ |
| દ્વિતીય ભવ્ય સમિટ આપતાં મન હર્ષ અનુભવે છે | ગગજી સુતરિયા | ૧૬ |
| ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના આયોજન માટે... | વિજયભાઈ રૂપાણી | ૧૯ |
| પાટીદાર સમાજ નોકરી મેળવવાની સાથે નોકરી આપનારો સમાજ બને | નીતિનભાઈ પટેલ | ૨૧ |
| માઈગ્રેશન કરતી પ્રજા સૌથી વધુ સફળ થાય છે | મનસુખભાઈ માંડવિયા | ૨૩ |
| નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગોને જોડતી અનોખી સમિટ | જીતુભાઈ વાઘાણી | ૨૫ |
| જેવું ઈચ્છશો તેવા તમે બનવા લાગશો | વિવેક બિન્દ્રા | ૨૭ |
| પ્રામાણિકતા વગરનો વેપાર... | ગોવિંદભાઈ ધોળકિયા | ૩૧ |
| સતત ઈનોવેશન કરતા રહીએ | જયંતિભાઈ પટેલ | ૩૩ |
| ૧૯મી સદી ઇંગ્લેન્ડની હતી... | કુમાર વિશ્વાસ | ૩૬ |
| અન્યનું ભલું કરવાથી કુદરત સફળતાનો માર્ગ મોકળો કરે છે | સવજીભાઈ ધોળકિયા | ૪૧ |
| નાનું શા માટે વિચારવું જોઈએ ? | જય વસાવડા | ૪૩ |
| પાટીદાર સમાજ જમીનને સ્પર્શીને ચાલનારો સમાજ છે | કાજલ ઓઝા વૈદ્ય | ૪૬ |
| સફળ થવા માટે એક ચોક્કસ લક્ષ્ય જરૂરી | ચેતન ભગત | ૫૦ |
| સરદાર સાહેબની પ્રતિમા જોઈને હું ખૂબ ભાવુક બની ગયો | મુકેશ પટેલ | ૫૪ |


## ટીમ સરદારધામ

| | |
|---|---|
| ઉપપ્રમુખશ્રી – કન્વીનરશ્રી GPBO | શ્રી નટુભાઈ એમ. પટેલ |
| ઉપપ્રમુખશ્રી | શ્રી કાંતિભાઈ એલ. ગઢિયા |
| ઉપપ્રમુખશ્રી (ઉત્તર ગુજરાત) | શ્રી વિષ્ણુભાઈ વી. પટેલ (સી.એ.) |
| ઉપપ્રમુખશ્રી (મધ્ય ગુજરાત) | શ્રી પારૂલભાઈ એલ. પટેલ |
| ઉપપ્રમુખશ્રી (દક્ષિણ ગુજરાત) | શ્રી દિયાળભાઈ કે. વાઘાણી |
| ઉપપ્રમુખશ્રી (સૌરાષ્ટ્ર ઝોન) | શ્રી પરેશભાઈ એમ. ગજેરા |
| મહામંત્રી | શ્રી જશવંતભાઈ એ. પટેલ |
| નાણાંમંત્રીશ્રી | શ્રી જગદીશભાઈ વી. ભુવા |
| બાંધકામ મંત્રીશ્રી | શ્રી સંજયભાઈ કે. સાવલિયા |
| ઔદ્યોગિક સંકલન મંત્રીશ્રી | શ્રી કે. આઈ. પટેલ |
| મંત્રીશ્રી (મધ્ય ગુજરાત) | શ્રી રમેશભાઈ એ. પટેલ |
| મંત્રીશ્રી (સૌરાષ્ટ્ર) | શ્રી કિશોરભાઈ વી. વિરમગામા |
| મંત્રીશ્રી (ઉત્તર ગુજરાત) | શ્રી પારસભાઈ એમ. પટેલ |
| મંત્રીશ્રી (સૌરાષ્ટ્ર) | શ્રી બિપીનભાઈ બી. વેકરીયા |
| સહ નાણાંમંત્રીશ્રી | શ્રી ભાવિનભાઈ આર. પટેલ |
| માર્ગદર્શક | શ્રી કાંતિભાઈ વી. ઉકાણી |
| માર્ગદર્શક | શ્રી કાંતિભાઈ એન. પટેલ (રામ) |
| માર્ગદર્શક | શ્રી ત્રિકમભાઈ જી. ઝાલાવાડીયા |
| માર્ગદર્શક (રાજકોટ) | શ્રી નાથાભાઈ એમ. કાલરિયા |
| માર્ગદર્શક (રાજકોટ) | શ્રી મહેન્દ્રભાઈ વી. ગજેરા |
| સી.ઈ.ઓ. | શ્રી એચ. એસ. પટેલ આઈ.એ.એસ.(નિ.) |
| એડવાઈઝર, સમાજ સુરક્ષા | શ્રી ડી. જે. પટેલ આઈ.પી.એસ.(નિ.) |
| કન્વીનરશ્રી (ઉ. ગુ.) | શ્રી દશરથભાઈ વી. પટેલ |
| કન્વીનરશ્રી (કચ્છ) | શ્રી બી. કે. પટેલ (સી.એ.) |
| કન્વીનરશ્રી,GPBS /GPBO(ઉત્તર ગજરાત) | શ્રી ગોવિંદભાઈ એમ. પટેલ |
| કન્વીનરશ્રી,GPBS /GPBO(ભાવનગર) | શ્રી જે. ડી. પટેલ |
| કન્વીનરશ્રી,GPBS /GPBO(ભરૂચ) | શ્રી વિપુલભાઈ વી. ગજેરા |
| કન્વીનરશ્રી,GPBS /GPBO(આણંદ) | શ્રી કાંતિભાઈ વી. ભુવા |
| કન્વીનરશ્રી,GPBS /GPBO(દક્ષિણ ગુજરાત) | શ્રી મનહરભાઇ જે. સાચપરા |
| કન્વીનરશ્રી,GPBS(અમદાવાદ, ગાંધીનગર) | શ્રી મનોજભાઈ ડોબરિયા |
| પ્રોજેક્ટ ચેરમેનશ્રી | શ્રી એમ. બી. ભાલાલા |
| પ્રમુખ સેવક | ગગજી જી. સુતરિયા |

| | | |
|---|---|---|
| અસરકારક બ્રાંડ બિલ્ડિંગ | | ૫૬ |
| ઉદ્યોગ ગૃહોનું સમાજ પ્રત્યેનું પ્રદાન | પદ્મશ્રી મથુરભાઈ સવાણી | ૬૩ |
| ગૌસંસ્કૃતિ થકી દેશનો વિકાસ | ગોપાલ સુતરિયા | ૬૫ |
| બિઝનેસમાં ડિસિપ્લિન | | ૬૮ |
| સુરક્ષિત સમાજ એ સમયની માંગ | ડી. જે. પટેલ | ૭૪ |
| જીપીબીએસ એક સામાજિક યજ્ઞ છે | નટુભાઈ પટેલ | ૭૫ |
| હું કોઈ ખિતાબ માટે નહીં પણ યુવાનોના વિકાસ માટે કામ કરી રહ્યો છું | ગગજી સુતરિયા | ૭૭ |
| રેકોર્ડ બ્રેકિંગ ૯૦ હજાર બીટુબી મીટિંગ્સ | | ૮૧ |
| GPBS – ૩, ૪, ૫ જાન્યુઆરી ૨૦૨૦ કાર્યક્રમ દરમ્યાન થયેલ સ્થાપક ટ્રસ્ટી/ટ્રસ્ટીશ્રી, દાતાશ્રીનું લિસ્ટ | | ૮૨ |
| GPBS – ૩, ૪, ૫ જાન્યુઆરી ૨૦૨૦ કાર્યક્રમ દરમ્યાન થયેલ સરદારધામ દીકરી સ્વાવલંબન યોજનાનું લિસ્ટ | | ૮૩ |
| વડોદરા ખાતે સરદારધામ – મધ્ય ગુજરાતનું ભૂમિપૂજન | | ૮૪ |
| સરદારધામ રાજકોટ ખાતે યુપીએસસી-જીપીએસસી કેન્દ્રનો પ્રારંભ | | ૮૬ |
| ઇન્ડસ યુનિવર્સિટી દ્વારા શ્રી ગોવિંદભાઈ ધોળકિયાને ડૉક્ટરેટ ડિગ્રી | | ૮૯ |
| સ્વયંસેવકો તરીકે યુવા તેજ-તેજસ્વિનીની શિસ્તબદ્ધ સેવા | | ૯૨ |
| સરદારપ્રસાદ | | ૯૫ |
| રોજનો રૂપિયો એક દીકરીઓ વિકસે અનેક | | ૯૬ |
| જીપીબીએસ ૨૦૨૦ પાટીદાર સમાજ રત્નો | | ૯૭ |
| ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ દરમ્યાન અગ્રણીઓની ઝલક | | ૧૦૦ |

# સરદારધામ થકી સર્જાઈ
# સમસ્ત પાટીદારોની સિદ્ધીઓ

- ફક્ત ત્રણ દિવસમાં ૬,૭૮,૦૦૦ પાટીદારો ઉદ્યોગ અને રોજગારના માધ્યમથી ભેગા મળ્યા.
- ૩૪ જેટલા માતબર ઉદ્યોગપતિઓએ આ અખંડ ઉદ્યોગ યજ્ઞ માટે માતબર દાન આપ્યું.
- ૬૦,૦૦૦ જેટલી બિઝનેસ ડિલ થકી કરોડોનો બિઝનેસ કર્યો. સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનું ઉદાહરણ.
- એક સમાજ દ્વારા આ કક્ષાની ભવ્ય સમિટ થતી હોય તેવું વિશ્વમાં પ્રથમ ઉદાહરણ
- વીસ જેટલાં સમાજના શ્રેષ્ઠ વક્તાઓના અનુભવોનું ભાથું બાંધીને યુવા પેઢીએ બિઝનેસના પાઠ શીખ્યા.
- ૧૫૦૦ ડેલિગેટ્સનું સરદારધામ સાથે સીધું જોડાણ થયું.
- સરદારધામ થકી જીપીબીઓના ફલક પર એક સાથે ૧૦,૦૦૦ યુવા ઉદ્યોગપતિઓ ભેગા થયા જે આગળ જતાં સમાજની નવી કેડી કંડારશે.
- ગત સમિટ કરતાં સાતગણી મોટી સમિટમાં 'દીકરી સ્વાવલંબન યોજના' એક નવા મુદ્દા તરીકે ઉભરી આવ્યો અને સૌએ તેમાં મનમુકીને અનુદાન કર્યું.
- પાટીદાર સમાજના ૧૨૮૦ જેટલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ પોતાના અભ્યાસની સાથે સ્વયંસેવક તરીકેની સેવા બજાવીને આજના આધુનિક સમયમાં પણ સમાજસેવાનું સંશ્લિષ્ટ ઉદાહરણ છે.
- ૨૦૦ જેટલા એનઆરઆઈ બિઝનેસમેન મિત્રોના સહયોગથી ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ માત્ર સ્થાનિક સમિટ ન રહેતા બધું મળીને દસ જેટલાં દેશોમાંથી આવનારા સભ્યોને સાંકળતા એક આંતરરાષ્ટ્રીય સમિટ પણ બન્યું.
- ૨૫૦ જેટલી પ્રૉડક્ટ અને તેના સ્ટોલ્સ દ્વારા અનેક ઉદ્યોગપતિ મિત્રોને એકબીજાના ઉદ્યોગો જાણવાનું અને બિઝનેસનું જ્ઞાન મળેવવા સાથે જીપીબીએસ-૨૦૨૦ એક સંગીન સમિટ બની શકી.
- આ સમિટ માત્ર પાટીદાર સમાજ પૂરતી જ સીમિત ન રહેતા તેમાં ૧૫ ટકા જેટલાં અન્ય સમાજના સભ્યોએ પણ ભાગીદારી કરીને સામાજિક સમરસતાનું સંગીન ઉદાહરણ આપ્યું.

सत्यमेव जयते

प्रधान मंत्री

Prime Minister

# સંદેશ

વિશ્વ પાટીદાર સમાજ આયોજિત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન થઈ રહ્યું છે તે આનંદની વાત છે.

વેપાર એ સૈકાઓથી ચાલી રહેલો વિશ્વવ્યાપી વ્યવહાર છે. દુનિયાભરમાં આજે વેપાર ચાલકબળ બની ગયું છે, તમામ દેશો માટે વેપાર પ્રાથમિકતા ટોચ પર છે. ભારત માટે અર્થવ્યવસ્થાનું ધ્યેય દેશવાસીઓની આવક, એમની ease of living તેમજ એમના better tomorrow સાથે સીધું સંકળાયેલું છે. ભારતને માટે પાંચ ટ્રિલિયન ડોલર અર્થવ્યવસ્થાનું લક્ષ્ય પ્રાપ્ત કરવું સંભવ છે.

ગુજરાત પાસે વેપારની ઐતિહાસિક પરંપરા છે.ખંત, નિષ્ઠા અને કોઠાસૂઝ સાથે પાટીદાર સમાજ ખેતીથી માંડી આધુનિકતમ ટેકનોલોજી સાથે હરણફાળ ભરી રહ્યો છે.આ પ્રકારનું સમિટ આયોજન સફળ વ્યવસાયિકોને એકછત્ર નીચે લાવવાનું તેમજ નવા સાહસવીરો માટે અનુભવ અને પ્રેરણાનું માધ્યમ બની રહેશે. સહિયારા કદમ દ્વારા સમૃદ્ધિ તરફની આ આગેકુચ છે.

સમગ્ર આયોજનની સફળતા ઈચ્છું છે.

શુભકામના સહિત,

(નરેન્દ્ર મોદી)

નવી દિલ્હી
૦૫ પોષ, શક સંવત ૧૯૪૧
૨૬ ડિસેમ્બર, ૨૦૧૯

**Convenor**
Global Patidar Business Summit
Sardar Dham, Near Royal Heights
Vaishnodevi Circle, Ring Road
Ahmedabad
Gujarat - 382421

# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૦ની ભવ્યતા

કડકડતી ઠંડીમાં ખુલ્લા આકાશ નીચે સરદાર સાહેબની પ્રતિમા ઉપરથી જ્યારે લાલ મખમલી પડદો ઉંચકાયો ત્યારે સરદારધામનું કેમ્પસ જય સરદાર...જય સરદારના નારાઓથી ગૂંજી ઊઠ્યું હતું. આ સાથે જ હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ- ૨૦૨૦નો પ્રારંભ કરાવતા સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે વિશ્વના પડકારોને ઝીલી શકે તેવી જ્ઞાન-વિજ્ઞાન-ટેક્નોલોજીથી સજ્જ સમાજશક્તિના નિર્માણનું કાર્ય આવી સમિટના માધ્યમથી જ થઈ શકે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે સમાજના છેવાડાના વ્યક્તિના ઉત્થાન, ઉન્નતિ અને વિકાસની ચિંતા આખો સમાજ સાથે મળીને કરે ત્યારે જ 'સબ સમાજ કો લિયે સાથ મેં, આગે હૈ બઢતે જાના'નો ભાવ ચરિતાર્થ થાય છે.





સરદારસાહેબની વિશ્વમાં બીજા ક્રમની સૌથી ઊંચી પંચધાતુની પ્રતિમાનું અનાવરણ કરતાની સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરિયા અને પાટીદાર સમાજના અગ્રણીઓ અને યુવાઓમાં હર્ષોલ્લાસનું મોજું ફરી વળ્યું હતું. કડકડતી ઠંડીમાં ખુલ્લા આકાશ નીચે સરદાર સાહેબની પ્રતિમા ઉપરથી જ્યારે લાલ મખમલી પડદો ઉંચકાયો ત્યારે સરદારધામનું કેમ્પસ જય સરદાર... જય સરદારના નારાઓથી ગૂંજી ઊઠ્યું હતું. આ સાથે જ હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ- ૨૦૨૦નો પ્રારંભ કરાવતા સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે વિશ્વના પડકારોને ઝીલી શકે તેવી જ્ઞાન-વિજ્ઞાન-ટેક્નોલોજીથી સજ્જ સમાજશક્તિના નિર્માણનું કાર્ય આવી સમિટના માધ્યમથી જ થઈ શકે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે સમાજના છેવાડાના વ્યક્તિના ઉત્થાન, ઉન્નતિ અને વિકાસની ચિંતા આખો સમાજ સાથે મળીને કરે ત્યારે જ 'સબ સમાજ કો લિયે









સાથ મેં, આગે હૈ બઢતે જાના'નો ભાવ ચરિતાર્થ થાય છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ પાટીદાર સમાજને મહેનતુ, ઉદ્યમશીલ, ઇમાનદાર અને સમયની સાથે કદમ મિલાવનારો વિકાસશીલ સમાજ ગણાવતા કહ્યું કે વેપાર-ઉદ્યોગ, નોકરી-વ્યવસાય કે સ્પર્ધાત્મક પરીક્ષા - હરેક ક્ષેત્રે પાટીદારોએ સરદાર સાહેબના વારસદાર તરીકે દ્રઢ ઇચ્છાશક્તિ, લોખંડી મનોબળથી સફળતા મેળવી છે. તેમણે આ સમિટ માત્ર બિઝનેસ સમિટ નહીં પરંતુ યુવાઓને સ્વરોજગાર, ઉદ્યોગ માટે પ્રોત્સાહન, ઉચ્ચ શિક્ષણની વ્યાપક વૈશ્વિક તકોનું માર્ગદર્શન અને વિશ્વના પ્રવાહો સાથે તાલમેલ સાધે તેવી પ્રેરણા આપનારી સામાજિક વિકાસના હોલિસ્ટીક એપ્રોચ સાથેની સમિટ ગણાવી હતી.

યુવાનોને જોબ સિકર નહીં જોબ ગિવર બનાવવામાં આ સમિટ ઉપકારક બનશે એમ પણ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે સરકારના કાર્યો સાથે સમાજશક્તિ જોડાય તથા યુવાશક્તિનું જોમ, ઉમંગ અને સરદારધામ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર પણ ભળે તો વિકાસની ઊંચી છલાંગ અવશ્ય લગાવી શકાય.



**પાટીદાર સમાજ મહેનતુ, ઉદ્યમશીલ, ઈમાનદાર અને સમયની સાથે કદમ મિલાવનારો વિકાસશીલ સમાજ ગણાવતા કહ્યું કે વેપાર-ઉદ્યોગ, નોકરી-વ્યવસાય કે સ્પર્ધાત્મક પરીક્ષા - હરેક ક્ષેત્રે પાટીદારોએ સરદાર સાહેબના વારસદાર તરીકે દ્રઢ ઈચ્છાશક્તિ, લોખંડી મનોબળથી સફળતા મેળવી છે.**

તેમણે પાટીદાર સમાજના સૌને એવી પણ ખાતરી આપી હતી કે રાજ્યના-રાષ્ટ્રના વિકાસ અને રાષ્ટ્રનિર્માણના આવા સમાજસેવી આયોજનોને રાજ્ય સરકાર સહાય-સહયોગ આપશે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વૈશ્વિક વિકાસમાં પાટીદાર સમાજના ઉદ્યમ-મહેનત અને સાહસિકતાના યોગદાનની સરાહના પણ કરી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૦ને શુભેચ્છા આપતાં કહ્યું કે, પાટીદાર સમાજે નોકરી મેળવવાની સાથેસાથે નોકરી આપનાર બને એ માટેના સંનિષ્ઠ પ્રયાસો કરી રહ્યો છે. એ જ આ સમિટનું મુખ્ય ધ્યેય છે. પાટીદાર સમાજના લોકો દેશ-વિદેશમાં અનેક સ્થાને છે અને એનેક ક્ષેત્રોમાં આગળ છે પણ આપણે એટલામાં સંતોષ માનવો નથી પરંતુ, વધુને વધુ સુદ્રઢ વારસો આપણા યુવાનોને પણ આપવો છે. ઉદ્યોગ ક્ષેત્રે પણ આપણે એકબીજાને મદદરૂપ થઇને વધુને વધુ રોજગારી યુવાનોને આપવા માટે પણ આપણે સહિયારા પ્રયાસો કરીએ. શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું કે, ગુજરાતના

પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમિટની સફળતા માટે જે સંદેશો મોકલ્યો છે તેમાં પણ કહ્યું કે, આપણે ખેતીથી માંડીને આધુનિક ટેકનોલોજી ક્ષેત્રે આગળ વધ્યા છીએ એ માટે અભિનંદન આપ્યા છે ત્યારે દેશના સર્વાંગી વિકાસ માટે આપણી સવિશેષ જવાબદારી બને છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ પણ આવા અનેરા




અને ભવ્ય વિશાળ સમિટના આયોજન બદલ સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસનો જે મંત્ર આપ્યો છે તેને ચરિતાર્થ કરવા પણ પાટીદાર સમાજને ખભે ખભા મિલાવીને કામ કરવા આગળ વધવા તેમણે આહ્‌વાન પણ કર્યું હતું. સમાજ, સરકાર અને સેવાભાવી સંસ્થાઓ જો એક મંચ પરથી યોગદાન આપે તો ચોક્કસ વડાપ્રધાનશ્રીના મંત્રને આપણે સાકાર કરી શકશું, એમ તેમણે જણાવ્યું હતું.

શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું યુવાનોને રોજગારી આપવી એ સરકારની પ્રાથમિકતા છે અને રહેશે જ. અમારી સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૧.૫૦ લાખથી વધુ યુવાનોને સરકારી નોકરીઓ પૂરી પાડી છે અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પણ જાહેર કર્યું છે કે, આ વર્ષે ૩૫ હજારથી વધુ યુવાનોને સરકારી જોડવાની તક આપવામાં આવનાર છે ત્યારે પાટીદાર સમાજ સહિત સૌ સમાજના યુવાઓ ખૂબ મહેનત કરીને સફળતા મેળવે એવી શુભેચ્છા આપી હતી. પાટીદાર સમાજમાંથી ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સરકારી સેવામાં જોડાયા છે તેમને પણ આ પ્રસંગે શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી નીતિનભાઈએ વધુમાં ઉમર્યું હતું કે,રાજ્યના યુવાનોને શિક્ષણ, રોજગારી અને સરકારની સેવા કરવાની તક મળે એ માટે સરકારે વિવિધ યોજનાઓ કાર્યાન્વિત કરી છે જેનો મહત્તમ લાભ લેવો જોઇએ. જે યુવાનોને અનામતનો લાભ મળતો નથી તેવા યુવાનોને ઉચ્ચ શિક્ષણ માટે મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ શિષ્યવૃત્તિ સહિત ટ્રેનીંગ-કોચિંગ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે સાથેસાથે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે રૂ.૧૫ લાખની ઓછા વ્યાજની લોન પણ પૂરી પાડવામાં આવે છે જેનો અનેક યુવાઓએ લાભ લીધો છે. આગામી સમયમાં પણ વધુને વધુ યુવાનો આ યોજનાનો લાભ લઇને ઉચ્ચ શિક્ષણ મેળવીને ઉચ્ચ કારકિર્દી ઘડે એ માટે પણ શ્રી પટેલે શુભેચ્છા પાઠવી હતી.

સરકારની હકારાત્મક ઉદ્યોગલક્ષી નીતિના પરિણામે ‘ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ’માં ભારત વિશ્વમાં ૧૪૨માં ક્રમેથી ૭૪મા ક્રમે પહોંચ્યું છે. આજની આ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૦ માત્ર પાટીદાર સમાજના યુવા ઉદ્યોગપતિઓ માટે જ નહીં પણ સમગ્ર દેશના વિકાસમાં મહત્ત્વની સાબિત થશે તેમ ગ્લોબલ




પાટીદાર બિઝનેસ સમિટને સંબોધતા કેન્દ્રીય શિપિંગ રાજ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા રોકાણના વિવિધ નવા આયામોના પરિણામે ગત વર્ષે ભારતમાં ૬૪ બિલિયન ડોલરનું વિદેશી રોકાણ આવ્યું છે. દેશમાં MSMEને વધુ બળ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા માત્ર ૫૯ મિનિટમાં જ લોન મંજૂર કરવાની ખાસ સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે MSME ઉદ્યોગને વધુ





પ્રોત્સાહન આપવા ગુજરાતમાં પણ નાના ઉદ્યોગો માટે ત્રણ વર્ષ સુધી તમામ મંજૂરી લેવામાંથી મુક્તિ આપી છે. આ પ્રકારનું વાતાવરણ આજની પાટીદાર બિઝનેસ સમિટના નવા યુવા ઉદ્યોગકારોને ઉદ્યોગો સ્થાપવા વધુ પ્રોત્સાહિત કરશે. પાટીદારોના પરિશ્રમી સ્વભાવના પરિણામે આજે પાટીદાર સમગ્ર વિશ્વમાં પોતાની સફળ બિઝનેસમેન તરીકેની ઓળખ ઊભી કરી શક્યો છે. વતનનું ઋણ ચૂકવવા માટે પાટીદારો હંમેશાં તૈયાર રહ્યા છે જેના પરિણામે આજે આ સફળ પાટીદાર સમિટનું આયોજન શક્ય બન્યું છે તેમ જણાવી મંત્રી શ્રી માંડવિયાએ આ સમિટને સફળ બનાવવા બદલ સર્વેને અભિનંદન આપ્યા હતા.

સરદારધામના પ્રમુખ શ્રી ગગજીભાઇ સુતરિયાએ સૌને આવકારતા કહ્યું હતું કે, આજની આ સમિટ એકતાથી સમુદ્ધિ તરફની સમિટ છે સમાજનિર્માણથી રાષ્ટ્રનિર્માણ માટેની સમિટ છે. આ સમિટ પાટીદાર સમાજના સર્વાંગી વિકાસ માટેના મિશન-૨૦૨૬ને સાકાર કરવામાં ખૂબ જ અગત્યની સાબિત થશે. રાજ્ય સરકાર રાજ્ય ધર્મ નિભાવે છે જ્યારે અમે સમાજ ધર્મ નિભાવીએ છીએ. વડાપ્રધાનશ્રીના નયા ભારતના નિર્માણ માટે NGO, ઉદ્યોગપતિઓ અને સરકારનો સહયોગ ખૂબ જ જરૂરી છે.

તેમણે આ પ્રસંગે પાટીદાર સમાજ દ્વારા નિર્માણાધીન સરદારધામની ભાવિ પ્રકલ્પનાઓથી સૌને માહિતગાર કર્યા હતા. આ સાથે વર્ષ ૨૦૨૨માં સુરત ખાતે યોજાનાર ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ માટે અગાઉથી તમામ આયોજકોને શુભેચ્છાઓ આપીને સરદારધામના મુખ્ય દાતાશ્રીઓનો શ્રી સુતરિયાએ આભાર માન્યો હતો.

સમિટની સફળતા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યો હતો જેનું આ પ્રસંગે પઠન કરવામાં આવ્યું હતું.મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ અને સમાજના અગ્રણીઓના હસ્તે ડાયમંડ, સિલ્વર, પ્રાઇમ અને ડોમ સ્પોન્સર્સનું સન્માન કરવામાં આવ્યું હતું.

દીકરીઓને માત્ર એક રૂપિયાના ટોકન દરે પ્રતિવર્ષ



શિક્ષણ આપતી 'દીકરી સ્વાવલંબન યોજના' મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોન્ચ કરવામાં આવી હતી. આ ઉપરાંત કેળવણી ધામમાં શિક્ષણ મેળવીને સરકારી નોકરી મેળવવામાં સફળ થયેલા ૩૩૯ જેટલા પાટીદાર યુવક-યુવતીઓનું પણ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ત્રિ-દિવસીય ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટમાં બિઝનેસ ક્ષેત્રે યુવાઓને પ્રેરણાદાયી માર્ગદર્શન મળી રહે તે માટે વિવિધ વક્તવ્યોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે બિઝનેસ કોચ શ્રી વિવેક બિન્દ્રા, મેઘમણિગ્રૂપના શ્રી જયંતિભાઈ પટેલ, શ્રીરામકૃષ્ણ એક્ષપોર્ટના ચેરમેન શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, પ્રખર વક્તા અને યુવા કવિ શ્રી કુમાર વિશ્વાસ, શ્રી જય વસાવડા અને શ્રીમતી કાજલ ઓઝા વૈદ્ય ઉપસ્થિત રહીને યુવાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જ્યારે બીજા દિવસે બિઝનેસમાં ડિસીપ્લિન, અસરકારક બ્રાન્ડ બિલ્ડીંગ, એગ્રીકલ્ચરમાં ઈનોવેશન જેવા વિષયો પર સેમિનારનું પણ આયોજન કરાયું છે. ગાંધીનગર હેલીપેડ ખાતે યોજાયેલી આ સમિટમાં ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલ, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયા, પાટીદાર સમાજના સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, અમદાવાદના મેયર શ્રીમતી બિજલબેન પટેલ, સરદારધામના સ્થાપક ટ્રસ્ટીઓ, ટ્રસ્ટીઓ, દાતાશ્રીઓ, દેશ-વિદેશમાંથી આવેલા ઉદ્યોગપતિઓ, અધિકારીઓ, સમાજના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં પાટીદાર સમાજના યુવા ઉદ્યોગપતિ ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ■



સરદારધામ
GLOBAL PATIDAR BUSINESS SUMMIT

# દ્વિતીય ભવ્ય સમિટ આપતાં મન હર્ષ અનુભવે છે

## ગગજી સુતરિયા



**ગવર્મેન્ટ એકલાથી દેશ નથી બનવાનો. નવા ભારતનું નવનિર્માણ સરકાર, એનજીઓ અને કંપનીઓ થકી જ થશે. સરકાર જે પ્રકારે રિપોર્ટકાર્ડ રજૂ કરે છે તેવું મારે રિપોર્ટ કાર્ડ રજૂ કરવું છે. ૨૦૧૮થી ૨૦૨૦ સુધી શું કામ કર્યું તે વાત કરવી છે. ૨૦૧૮માં નક્કી કર્યું કે હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે આ સમિટ કરીશું તે કર્યું. આપણો સંકલ્પ હતો કે દસ હજાર ઉદ્યોગપતિઓનું સંગઠન ઊભું કરીશું, જે આપણે આજે કરીને બતાવ્યું છે. સરદારધામનું ભવન તેના અંતિમ ચરણમાં છે. યુવા તેજ-તેજસ્વિનીનું અંતર્ગત એક લાખ યુવાનો અને યુવતીઓનું સંગઠન પણ સમાજની સેવા માટે બની ચૂક્યું છે. લોહપુરુષ સરદાર સાહેબની પ્રતિમા શ્રી રણછોડભાઈ પટેલ દ્વારા આજે આપણને સૌને પ્રેરણા પ્રદાન કરી રહી છે. આપણે એક વચન એ પણ આપ્યું હતું કે જ્યારે ગ્લોબલ સમિટ કરી ત્યારે ૮૯ ટ્રસ્ટીઓ હતા આજે 303 ટ્રસ્ટીઓ છે. અલગ અલગ દિશાઓમાંથી આશીર્વાદ મળી રહ્યા છે.**

ઇસ સમિટ કો હો સકે ઉતના સજોયા હૈ ઔર બાકી રહા વહ સમાજ કી સોચ ઔર ઉપરવાલે પર છોડ દિયા હૈ...

યુવા શક્તિના સર્વાંગી વિકાસ માટે સરદારધામ ટ્રસ્ટીગણ વતી હું આપ સૌનું હાર્દિક અભિવાદન કરું છું. ૨૦૧૮માં આપણે સમિટ કરી ત્યારે મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં સમગ્ર કાર્યક્રમ થયો. આ વખતે આપણે સાત ગણી મોટી સમિટ કરી શક્યા. દોસ્તો, તે દિવસે સીએમ સાહેબે એક સરસ વાત કરી હતી કે સરકારનું કામ સરદારધામ કરવા જઈ રહ્યું છે અને સરકારે એનો રાજધર્મ નિભાવ્યો. દસ ટકા જમીન કપાતમાં કરી આપી. એફએસઆઈની વ્યવસ્થા કરી આપી. તેમણે તેમનો રાજધર્મ નિભાવ્યો અને અમે અમારો સમાજધર્મ નિભાવ્યો. પ્રૉફેશનલ ઈવેન્ટ થતી હોય ત્યારે અમે પાંચ હજાર રૂપિયામાં બુકિંગ કર્યું છે. બહેનોને પચાસ ટકાનું ડિસ્કાઉન્ટ આપ્યું છે. આ સમિટ

**સીએમ સાહેબે એક સરસ વાત કરી હતી કે સરકારનું કામ સરદારધામ કરવા જઈ રહ્યું છે અને સરકારે એનો રાજધર્મ નિભાવ્યો. દસ ટકા જમીન કપાતમાં કરી આપી. એફએસઆઈની વ્યવસ્થા કરી આપી. તેમણે તેમનો રાજધર્મ નિભાવ્યો અને અમે અમારો સમાજધર્મ નિભાવ્યો.**

સ્પોન્સરશ્રીઓના સહયોગથી સારી રીતે કરી શક્યા છીએ. દોસ્તો, મારા અંતરાત્માના અવાજથી એક વાત કરું છું કે ગવર્મેન્ટ એકલાથી દેશ નથી બનવાનો. સરકાર, એનજીઓ અને કંપનીઓ થકી જ દેશનું નવનિર્માણ થશે. સરકાર જે પ્રકારે રિપોર્ટકાર્ડ રજૂ કરે છે



**'દીકરી સ્વાવલંબન યોજના' પર આપણાં સૌનું ફોક્સ છે. સમાજની કોઈપણ દીકરી સરદારધામમાં રહેતી હોય અને જીપીએસસી/યુપીએસસીમાં તાલિમ લેતી હોય તો તેને સરદારધામ એક રૂપિયાના ટોકન પર તમામ સુવિધાઓ આપશે.**



તેવું મારે રિપોર્ટ કાર્ડ રજૂ કરવું છે. ૨૦૧૮થી ૨૦૨૦ સુધી શું કામ કર્યું તે વાત કરવી છે. ૨૦૧૮માં નક્કી કર્યું કે હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે આ સમિટ કરીશું તે કર્યું. આપણો સંકલ્પ હતો કે દસ હજાર ઉદ્યોગપતિઓનું સંગઠન ઊભું કરીશું, જે આપણે આજે કરીને બતાવ્યું છે. સરદારધામનું ભવન તેના અંતિમ ચરણમાં છે. યુવા તેજ-તેજસ્વિનીનું એક લાખ યુવાનો અને યુવતીઓનું સંગઠન પણ સમાજની સેવા માટે બની ચૂક્યું છે. લોહપુરુષ સરદાર સાહેબની પ્રતિમા શ્રી રણછોડભાઈ પટેલ દ્વારા આજે આપણને સૌને પ્રેરણા પ્રદાન કરી રહી છે. આપણે એક વચન એ પણ આપ્યું હતું કે જ્યારે ગ્લોબલ સમિટ કરી ત્યારે ૮૯ ટ્રસ્ટીઓ હતા આજે ૩૦૩ ટ્રસ્ટીઓ છે. અલગ અલગ દિશાઓમાંથી આશીર્વાદ મળી રહ્યા છે. આપણે એ પણ કહ્યું હતું કે સરદારધામ ચારેય દિશાઓમાં બને. ૧૨મી જાન્યુઆરીના રોજ વડોદરા ખાતે સરદારધામ-મધ્ય ગુજરાતનું ભૂમિપૂજન છે. ૨૦૨૨માં સુરતમાં ગ્લોબલ પાટીદાર સમિટ કરવા જઈ રહ્યા છીએ. પરેશભાઈ ગજેરા અને તેમની સમગ્ર ટીમે સક્રિયતા દાખવી છે કે જીપીબીએસ-૨૦૨૨માં સુરતમાં થશે અને ૨૦૨૪ની સમિટ આપણે રાજકોટ ખાતે કરવા જઈ રહ્યા છે. ૨૦૨૬ની સમિટ માટે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના મિત્રો પણ જોડાઈ રહ્યા છે. 'દીકરી સ્વાવલંબન યોજના' પર આપણાં સૌનું ફોક્સ છે. સમાજની કોઈપણ દીકરી સરદારધામમાં રહેતી હોય અને જીપીએસસી / યુપીએસસીમાં તાલિમ લેતી હોય તો તેને સરદારધામ એક રૂપિયાના ટોકન પર તમામ સુવિધાઓ આપશે. માત્ર સરદારધામ જ નહીં પરંતુ સરદારધામની તમામ શાખાઓ અને કેળવણીધામમાં પણ આ સુવિધાઓ મળતી રહેશે.

આપણામાંથી પ્રેરણા લઈને બ્રહ્મ સમાજ તેની બીજી સમિટ કરવા જઈ રહ્યો છે. આપણે બિનજરૂરી ખર્ચા, પરચા, ચર્ચા, કૈલાસ, વૈકુંઠમાંથી બહાર આવતા નથી. દુનિયા પર જેમ યહુદી સમાજ પોતાનું વર્ચસ્વ ભોગવે છે તેમ આપણો સમાજ પણ કેમ આગળ ના આવે.

મારે તમને ત્રણ ઉદાહરણ આપવા છે. એકલી સરકારથી દેશ બનવાનો નથી. સરકાર, એનજીઓ અને ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ આ ત્રણેયનો તાલમેલ થશે ત્યારે નવા ભારતનું નિર્માણ થશે. સરદારધામ લંબાવે છે હાથ અને ઝંખે છે તમારો તન, મન, ધનથી સાથ. ■

# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના આયોજન માટે સમગ્ર પાટીદાર સમાજ અભિનંદનને પાત્ર છે

## વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય





સમયની સાથે કદમ મિલાવવાની જે પાટીદારોની તત્પરતા છે તેના કારણે પાટીદાર સમાજ ઉદ્યોગ, નોકરી-ધંધા, યુ.પી.એસ.સી - જી.પી.એસ.સી જેવી પરીક્ષાઓમાં આગળ વધે તે માટે આ સરદારધામની રચના કરવામાં આવી છે. સમાજ પોતે જ આ બધી જ વ્યવસ્થા કરીને પોતાના યુવાનને આગળ લાવવાનું કામ સરદારધામ કરી રહ્યું છે. ગગજીભાઈએ આ અંગે વિસ્તૃત ભૂમિકા મૂકી છે. હું ગગજીભાઈને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું. જ્યાં જ્યાં સરકારની આવશ્યક્તા હશે ત્યાં રાજ્ય સરકાર તમારી સાથે હશે. આપણું ગુજરાત, ગાંધીનું ગુજરાત, સરદારનું ગુજરાત અને મોદીનું ગુજરાત એક લોખંડી દ્રઢ ઈચ્છાશક્તિ દ્વારા આગળ વધીને દુનિયાના પડકારોમાં આજના આ પાટીદાર સમિટ જે રીતે ફક્ત જોબ સિકર નહીં પણ જોબ ગીવર યુવાન બને અને તેમને માર્ગદર્શન મળે તે માટે આ સમિટની રચના કરવામાં આવી છે તે માટે તેમને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવું છું. આજે સરદાર સાહેબની એક ભવ્ય પ્રતિમા અને લોકાર્પણ માટે અમને નિમિત્ત બનાવ્યા તે માટે પણ હું મારી જાતને ભાગ્યશાળી ગણું છું. એ બદલ આપ સૌને ખૂબ ખૂબ આભાર. જય જય ગરવી ગુજરાત... જય સરદાર.

**હું ગગજીભાઈને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું. જ્યાં જ્યાં સરકારની આવશ્યક્તા હશે ત્યાં રાજ્ય સરકાર તમારી સાથે હશે. આપણું ગુજરાત, ગાંધીનું ગુજરાત, સરદારનું ગુજરાત અને મોદીનું ગુજરાત એક લોખંડી દ્રઢ ઈચ્છાશક્તિ દ્વારા આગળ વધીને દુનિયાના પડકારોમાં આજના આ પાટીદાર સમિટ જે રીતે ફક્ત જોબ સિકર નહીં પણ જોબ ગીવર યુવાન બને.**




સરદારધામ
GLOBAL PATIDAR BUSINESS SUMMIT

# પાટીદાર સમાજ નોકરી મેળવવાની સાથે નોકરી આપનારો સમાજ બને

## નીતિનભાઈ પટેલ

નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય



અત્રે ઉપસ્થિત સૌ મહાનુભાવો. આવા વિશાળ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ બદલ હું ખાસ તો ગગજીભાઈ અને સમગ્ર પાટીદાર સમાજનો અભિનંદન પાઠવું છું. પાટીદાર સમાજે નોકરી મેળવવાની સાથેસાથે નોકરી આપનાર બને એ માટેના સંનિષ્ઠ પ્રયાસો કરી રહ્યો છે. એ જ આ સમિટનું મુખ્ય ધ્યેય છે. પાટીદાર સમાજના લોકો દેશ-વિદેશમાં અનેક સ્થાને છે અને પોતાની મહેનતથી સમાજમા અનેક ક્ષેત્રોમાં આગળ છે, પણ આપણે એટલામાં સંતોષ માનવો નથી પરંતુ, વધુને વધુ સુદ્રઢ વારસો આપણા યુવાનોને પણ આપવો છે. ઉદ્યોગ ક્ષેત્રે પણ આપણે એકબીજાને મદદરૂપ થઇને વધુને વધુ રોજગારી યુવાનોને આપવા માટે પણ આપણે સહિયારા પ્રયાસો કરીએ.



આપણે ખેતીથી માંડીને આધુનિક ટેક્નોલોજી ક્ષેત્રે આગળ વધ્યા છીએ એ માટે વડાપ્રધાનશ્રીએ અભિનંદન આપ્યા છે ત્યારે દેશના સર્વાંગી વિકાસ માટે આપણી સૌની સવિશેષ જવાબદારી બને છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ આવા અનેરા અને ભવ્ય વિશાળ સમિટના આયોજન બદલ સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસનો જે મંત્ર આપ્યો છે, તેને ચરિતાર્થ કરવા પણ પાટીદાર સમાજને ખભે ખભા મિલાવીને કામ કરવા આગળ વધવા તેમણે આહ્‌વાન પણ કર્યું છે. ગગજીભાઈએ કહ્યું તેમ સમાજ, સરકાર અને સેવાભાવી સંસ્થાઓ જો એક મંચ પરથી યોગદાન આપે તો ચોક્કસ વડાપ્રધાનશ્રીના મંત્રને આપણે સાકાર કરી શકશું,

**પાટીદાર સમાજે નોકરી મેળવવાની સાથેસાથે નોકરી આપનાર બને એ માટેના સંનિષ્ઠ પ્રયાસો કરી રહ્યો છે. એ જ આ સમિટનું મુખ્ય ધ્યેય છે. પાટીદાર સમાજના લોકો દેશ-વિદેશમાં અનેક સ્થાને છે અને પોતાની મહેનતથી સમાજમા અનેક ક્ષેત્રોમાં આગળ છે, પણ આપણે એટલામાં સંતોષ માનવો નથી પરંતુ, વધુને વધુ સુદ્રઢ વારસો આપણા યુવાનોને પણ આપવો છે.**


યુવાનોને રોજગારી આપવી એ સરકારની પ્રાથમિકતા છે અને રહેશે જ. અમારી સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૧.૫૦ લાખથી વધુ યુવાનોને સરકારી નોકરીઓ પૂરી પાડી છે અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પણ જાહેર કર્યું છે કે, આ વર્ષે ૩૫ હજારથી વધુ યુવાનોને સરકારી જોડવાની તક આપવામાં આવનાર છે, ત્યારે પાટીદાર સમાજ સહિત સૌ સમાજના યુવાઓ ખૂબ મહેનત કરીને સફળતા મેળવે એવી શુભેચ્છા આપી હતી. પાટીદાર સમાજમાંથી ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સરકારી સેવામાં જોડાયા છે.

સમાજના હોનહાર યુથને શિક્ષણ, રોજગારી અને સરકારની જરૂરિયાત છે. સરકાર સતત વિવિધ યોજનાઓ થકી કામ કરે જ છે. અને તેનો મહત્તમ લાભ આપણે લેવો જોઇએ. જે યુવાનોને અનામતનો લાભ મળતો નથી તેમને ઉચ્ચ શિક્ષણ માટે મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ શિષ્યવૃત્તિ સહિત તાલિમની સુવિધાઓ આપવામાં આવી રહી છે. અત્યારે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે રૂ.૧૫ લાખની ઓછા વ્યાજની લોન પણ પૂરી પાડવામાં આવી રહી છે. છતાં સરદારધામ દ્વારા જે કામ થઈ રહ્યા છે તે સીધી રીતે યુવાનો માટે લાભદાયી છે.

# માઈગ્રેશન કરતી પ્રજા સૌથી વધુ સફળ થાય છે

## મનસુખભાઈ માંડવિયા

મંત્રીશ્રી, ભારત સરકાર



**વિશ્વમાં પટેલ અને યહુદીઓને સૌથી પૈસાદાર કોમ્યુનિટી માનવામાં આવે છે. કોઈ પણ કોમ્યુનિટીના સફળ થવાના કેટલાંક કારણો છે. માઈગ્રેશન કરતી પ્રજા હંમેશાં વધુ સફળ થાય છે. સ્વામી સચ્ચિદાનંદે ખૂબ સારી વાત કરી છે. પાટીદારનું કલ્ચર એ એગ્રીકલ્ચર છે. શ્રમનું, મહેનતનું, પુરુષાર્થનું કલ્ચર છે. સાહસિક્તા એ સફળતા અપાવે છે. આ એગ્રીકલ્ચરે આપણને મહેનત શીખવી છે. એગ્રી કલ્ચર એટલે એગ્રી કરે છે. દરેકને એગ્રી પણ કરી શકે છે અને એગ્રી પણ થઈ જાય છે. જ્યારે આ પ્લેટફોર્મના માધ્યમથી આપણે મળ્યા છીએ ત્યારે સરકાર જે દિશામાં, જે વિચાર સાથે ચાલી રહી છે તેનો સૌથી વધુ લાભ પાટીદાર ઉદ્યોગ સાહસિકો લે તે સ્વાભાવિક છે. આપણાં સૌમાં એક વાત છે જે સૌમાં સામાન્ય છે. આપણાં વતન પ્રત્યેનું દાયિત્વ હંમેશાં આપણને સાંકળી રાખે છે. પટેલ પોતાના વતન માટે કંઈ પણ કરવા માટે સતત પ્રયાસશીલ છે.**

મારી દ્રષ્ટિએ બીજી ગ્લોબલ સમિટ એટલા માટે અગત્યની છે કે આજે અન્ય રાજ્યો અને વિશ્વના દસ દેશોમાંથી પાટીદાર આગેવાનો અને ઉદ્યોગપતિઓ અહીં ઉપસ્થિત છે. ખુશીની વાત એ છે કે આ પ્રકારના કાર્યક્રમો અને એ પણ એવા સમયે આ સમિટનું આયોજન થઈ રહ્યું છે જ્યારે જેમાં ઉદ્યોગ સાહસિક્તા છે અને ઇનોવેટિવ ઈમ્પ્લિમેન્ટ કરવાની સૂઝ છે તેમના માટે આ સુવર્ણ અવસર છે. અત્યારે ભારત ઉદ્યોગ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. ઉદ્યોગ સાહસિક્તામાં ભારતનો રેન્ક ૧૪૨મો હતો, અત્યારે ૭૪મો થઈ ગયો છે. અત્યારે દેશ ઈન્ડસ્ટ્રીઝ માટેનું એક અગત્યનું ડેસ્ટિનેશન બની ગયું છે. ભારતમાં ફોરેન ઈન્વેસ્ટમેન્ટ વધ્યું છે. તેનું મુખ્ય કારણ એ છે કે ભારતમાં બિઝનેસની અનુકૂળતાઓ વધી છે. ભારતમાં ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળે તે પ્રકારના આયોજનો થઈ રહ્યા છે. આપણે ત્યાં એમએસએમઈ માટે ૫૯ મિનિટમાં લોન મળે તે પ્રકારની સુવિધા ઊભી થઈ છે. જે યુવાનોમાં કંઈક કરવાની ઈચ્છા છે તેમને સ્ટાર્ટ અપના માધ્યમથી પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. સરકાર ઉદાર હાથે સહયોગ કરી રહી છે. ૫ ટ્રિલિયન ઈકોનોમી બનાવવા માટે મોદીજી સતત પ્રયત્ન કરી રહ્યા છે. વિશ્વમાં પટેલ અને યહુદીઓને સૌથી પૈસાદાર કોમ્યુનિટી માનવામાં આવે છે. કોઈ પણ કોમ્યુનિટીના સફળ થવાના કેટલાંક કારણો છે. માઈગ્રેશન કરતી પ્રજા હંમેશાં વધુ સફળ થાય છે. સ્વામી સચ્ચિદાનંદે ખૂબ સારી વાત કરી છે. પાટીદારનું કલ્ચર એ એગ્રીકલ્ચર છે. શ્રમનું, મહેનતનું, પુરુષાર્થનું કલ્ચર છે. સાહસિક્તા એ સફળતા અપાવે છે. આ એગ્રીકલ્ચરે આપણને મહેનત શીખવી છે. એગ્રી કલ્ચર એટલે એગ્રી કરે છે. દરેકને એગ્રી પણ કરી શકે છે અને એગ્રી પણ થઈ જાય છે. જ્યારે આ પ્લેટફોર્મના માધ્યમથી આપણે મળ્યા છે ત્યારે સરકાર જે દિશામાં, જે વિચાર સાથે ચાલી રહી છે તેનો સૌથી વધુ લાભ પાટીદાર ઉદ્યોગ સાહસિકો લે તે સ્વાભાવિક છે. આપણાં સૌમાં એક વાત છે જે સૌમાં સામાન્ય છે. આપણાં વતન પ્રત્યેનું દાયિત્વ હંમેશાં આપણને સાંકળી રાખે છે. પટેલ પોતાના વતન માટે કંઈ પણ કરવા માટે સતત પ્રયાસશીલ છે. પોતાના વતનમાં તળાવ ઊંડું કરવું છે તો તેમાં લોકભાગીદારી કરીને એ કામ કર્યું. પરિશ્રમ, પુરુષાર્થ એ આપણો સ્વભાવ છે. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના માધ્યમથી આપણે દરેક પાટીદારો સુધી પહોંચી શક્યા છીએ. ગુજરાત સરકારે નિર્ણય કર્યો કે એમએસએમઈ ઉદ્યોગ ગુજરાતમાં સ્થાપવો હોય તો ત્રણ વર્ષ સુધી કોઈ પણ પ્રકારની મંજૂરી માટે તેને મુક્તિ આપવામાં આવી છે. જે આપણી એન્ટરપ્રિન્યોરશીપને પ્રોત્સાહિત કરવાનો નિર્ણય છે. આ સમિટમાં એક ઉદ્યોગપતિ બીજા ઉદ્યોગપતિને મળે તે માટે ગ્લોબલ પાટીદાર સમિટ છે. ગગજીભાઈ અને તેમની ટીમે કરેલો આ પ્રયત્ન વધુને વધુ ઉદ્યોગપતિઓને પ્રોત્સાહિત કરશે. જેમણે રસરુચિ લઈને આ સમિટમાં આર્થિક સહયોગ આપ્યો છે, સેવા દ્વારા શરીરશ્રમથી સહયોગ આપ્યો છે તે સૌને પણ અભિનંદન છે. ■

# નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગોને જોડતી અનોખી સમિટ

## જીતુભાઈ વાઘાણી

પ્રમુખશ્રી, ભા.જ.પ ગુજરાત



અત્રે ઉપસ્થિત પાટીદાર સમાજના મહાનુભાવો. આજે અહીં આવીને એ વાતનો આનંદ થાય છે કે સતત બે વર્ષના અંતરાલમાં આ બીજો સમિટનો હું સાક્ષી બની રહ્યો છું. આ સમિટ સમાજથી સમાજને જોડવાનું કામ કરી રહી છે. જે આપણાં સૌ માટે એક આનંદની વાત છે. અમે સૌ યુવાનોને સાથે રાખીને આ પ્રકારની સામાજિક પ્રવૃત્તિમાં જોડાવવા અને મદદરૂપ થવા સદાય તત્પર રહીશું. સમસ્ત પાટીદારની એકતાના ધામ એવા 'સરદારધામ'ના ઉપક્રમે આજથી શરૂ થયેલ ત્રિદિવસીય 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ' (GPBS-2020)માં સમાજમાં સૌથી વધુ લોકોને રોજગારી આપવા સાથે સારું એવું ટર્ન ઓવર કરતા ઉદ્યોગ સાહસિકોને 'પાટીદાર ઉદ્યોગ રત્ન એવોર્ડ' આપવામાં આવ્યો. આ સમિટ માત્ર પાટીદાર સમાજના જ નહીં પરંતુ સમસ્ત ગુજરાત અને દેશના યુવાનો માટે એક પ્રેરણાત્મક સમિટ સાબિત થશે.

**સરદારધામ સમાજ વિકાસથી રાષ્ટ્ર વિકાસનું માધ્યમ બની રહ્યું છે ત્યારે આ સમિટ થકી વધુને વધુ લોકોને રોજગાર અને બિઝનેસની તકો સાંપડી રહી છે. યુવાનોને દિશા આપી શકે તેવી સંસ્થા તરીકે સરદારધામ કામ કરી રહ્યું છે. 'યુવાશક્તિ'ને નાના, મધ્યમ તથા મોટા ઉદ્યોગોના આંતરિક તેમજ વૈશ્વિક જોડાણ થકી પ્રોત્સાહન મળશે તેમજ સમાજમાં નવા ઉદ્યોગપતિઓ તૈયાર કરવામાં મદદ મળશે.**

આ અવસરે યુવાનોને દેશ અને સમાજની પ્રગતિમાં અવિરત યોગદાન આપવા માટે રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં નિઃસ્વાર્થ સેવા આપવાનો એક મોકો મળી રહ્યો છે. સરદારધામ સમાજ વિકાસથી રાષ્ટ્ર વિકાસનું માધ્યમ બની રહ્યું છે ત્યારે આ સમિટ થકી વધુને વધુ લોકોને રોજગાર અને બિઝનેસની તકો સાંપડી રહી છે. યુવાનોને દિશા આપી શકે તેવી સંસ્થા તરીકે સરદારધામ કામ કરી રહ્યું છે જે આપણાં સમગ્ર સમાજ અને રાષ્ટ્ર માટે ગૌરવની વાત છે. આ બિઝનેસ સમિટથી 'યુવાશક્તિ'ને નાના, મધ્યમ તથા મોટા ઉદ્યોગોના આંતરિક તેમજ વૈશ્વિક જોડાણ થકી પ્રોત્સાહન મળશે તેમજ સમાજમાં નવા ઉદ્યોગપતિઓ તૈયાર કરવામાં મદદ મળશે.



આજે તકો વિસ્તરી રહી છે ત્યારે આજથી દશકો પહેલાં આવો માહોલ નહોતાં. આજે સમાજના શ્રેષ્ઠીઓ જે રીતે સમાજની યુવા શક્તિ માટે એક છત્ર નીચે આવીને કામ કરી રહ્યા છે તે આપણાં સૌ માટે ગૌરવ લેવા જેવી વાત છે. ■

# જેવું ઈચ્છશો તેવા તમે બનવા લાગશો

## વિવેક બિન્દ્રા



જે જે વસ્તુનું સ્મરણ થશે તું એવો જ બનતો જઈશ...એવું ગીતામાં લખેલું છે. પૃથ્વીના ઈતિહાસમાં સૌથી પહેલાં મોટિવેશનલ સ્પીકર ભગવાન શ્રી કૃષ્ણ હતા. તેમાં કોઈ એમેન્ડમેન્ટ નથી. પાંચ હજાર વર્ષથી ચાલતી આવે છે. તમારી માન્યતાથી જ પેટર્ન આવે છે. ડરની આગળ જીત છે. પણ ડરની આગળ દર્દ હોય છે. કંઈક મેળવવા માટે કશું ખોવાનું નથી હોતું પણ કંઈક કરવાનું હોય છે. મોબાઈલ ખોદશો તો કશું નહીં મળે. નવો લાવવો પડશે. આપણે નહીં પણ હું કરીશ. જવાબદારી આપણી નહીં પણ મારી હોય છે. આ સમાજ આપણો નહીં પણ મારો છે. જે દિવસ તમને આપણું નહીં પણ મારું લાગશે ત્યારે ફર્ક પડશે.

પાટીદાર કોમ્યુનિટી જ ગુજરાત છે. આજે દુનિયાના ડાયમંડનો ત્રીજો ભાગ ગુજરાતના ફાળે જાય છે. દુનિયાનો ત્રીજા ભાગનો ટેક્સટાઈલનો હિસ્સો ગુજરાત પાસે છે. અમેરિકાના મોટા ભાગના મોટેલ્સ પટેલોના છે. જો ગુજરાત એક સ્વતંત્ર દેશ હોત તો વિશ્વની ત્રીજા ક્રમની ઝડપથી વિકાસ કરનારી ઈકોનોમી હોત. આ કહેવત દરેક બાળકને શીખવાડવામાં આવે છે કે જીવનમાં કંઈક મોટું કરવું છે. દરેક પટેલ બાળકને શીખવવામાં આવે છે કે....કંઈક મોટું કરવું છે...વ્યક્તિ પોતાના જીવનમાં એટલું જ મોટું કરી શકે છે જેટલું મોટું એ વિચારી શકે છે. એટલું જ મોટું કરી શકે છે જેટલું તે બોલી શકે છે. મોટું કરવું મુશ્કેલ નથી પણ મોટું વિચારવું મુશ્કેલ છે. નાની સોચ અને પગની મોચ વ્યક્તિને ઊઠવા દેતી નથી. તમે સમય ખર્ચ કરવા આવ્યા છો કે રોકવા આવ્યા છો. આજે એક કમાલની વાત કરીશ કે પાટીદાર સમાજ ખેડૂત હતો અને જમીન સાથે જોડાયેલો સમાજ હતો અને આજે તે ધંધા સાથે જોડાયો. આની પાછળનું એક કારણ છે અને એ છે માન્યતા. થાઈલેન્ડમાં મહિલા પોતાના શરીરને છેદાવી શકે છે. અમેરિકાના લોકો આને ટોર્ચર કહે છે. આનું મુખ્ય કારણ તેનું મન છે. આ કામ તમે અને હું નથી કરી શક્તા. દુર્ગા પૂજામાં બંગાળમાં મહિલાઓ અગ્નિ પર ચાલે છે. દક્ષિણ ભારતમાં એક વ્યક્તિ પોતાની જાતને ખિલાથી લટકાવી દે છે. આની તરફ એક કારણ છે તેની માન્યતા. તે કરી શકે છે કારણ કે તેની માન્યતા છે. એશિયામાં એક સમુદાય લાશો ખાય છે. આપણે આ નથી કરી શક્તા. આ તે કેવી રીતે કરી શકે છે તેનું કારણ છે તેની માન્યતા. હું અને તમે નથી કરી શક્તા પણ તે કરી શકે છે. ગુજરાતી કોઈની સાથે ઝગડતો નથી. ગુજરાતીની ગાડી ક્યાંક અથડાઈ જાય તો ગુજરાતી કાચ બંધ કરી દે છે. ઓસામા બિન લાદેનની ટીમમાં બે વ્યક્તિઓ હતા. તેઓ મરવા અને મારવા માટે આટલા મોટિવેટેડ હતા. નેગેટિવ કામમાં મોટિવેટેડ છે ત્યારે આપણે પોઝિટિવ કામમાં મોટિવેટેડ થવું પડશે. પાટીદાર સમાજ લવ અને કુશના વંશજ છે. જેમાંથી લેવા અને કડવા પટેલ ભાગ પડ્યા. આજે મારા ભગવદ્ ગીતાના વીડિયો પાકિસ્તાનના લોકો પણ લાઈક કરે છે.

જે જે વસ્તુનું સ્મરણ થશે તું એવો જ બનતો જઈશ... એવું ગીતામાં લખેલું છે. પૃથ્વીના ઈતિહાસમાં સૌથી પહેલાં મોટિવેશનલ સ્પીકર ભગવાન શ્રી કૃષ્ણ હતા. તેમાં કોઈ એમેન્ડમેન્ટ નથી. પાંચ હજાર વર્ષથી ચાલતી આવે છે. તમારી માન્યતાથી જ પેટર્ન આવે છે. ડરની આગળ જીત છે. પણ ડરની આગળ દર્દ હોય છે. કંઈક મેળવવા માટે કશું ખોવાનું નથી હોતું પણ કંઈક કરવાનું હોય છે. મોબાઈલ ખોદશો તો કશું નહીં મળે. નવો લાવવો પડશે. આપણે નહીં પણ હું કરીશ. જવાબદારી આપણી નહીં પણ મારી હોય છે. આ સમાજ આપણો નહીં પણ મારો છે. જે દિવસ તમને આપણું નહીં પણ મારું લાગશે ત્યારે ફર્ક પડશે. ગાય દૂધ આપે છે. ના ગાય દૂધ નથી આપતી પણ તે કાઢવું પડે છે. માર્કેટમાંથી પેમેન્ટ પોતાની જાતે નથી મળતું પણ નીકાળવું પડે છે. મરઘી ઈંડું આપે છે તો હા તે આપે છે. તમને એમ કે ગાય નથી આપતી તો મરઘી પણ નથી આપતી. કેટલાંક ગ્રાહકો ગાય જેવા છે કેટલાંક મરઘી જેવા છે. ગાય અને મરઘી તો ઠીક છે પણ કેટલાંક કસ્ટમર તો બળદ જેવા હોય છે. હંમેશાં સાચા ગ્રાહકને ઓળખતા શીખો. પણ આ પેટર્ન ખરાબ કરવાનું કામ કોણ કરે છે એ સમજવું જોઈએ. આ પેટર્ન બે જણાં કરે છે...એક શકુનિ




અને બીજી મંથરા. આ દરેક જગ્યાએ જોવા મળે છે. દરેક પરિવાર અને સેમિનારમાં પણ હોય છે. તમને અહીંયા પણ મળશે. પ્રોગ્રામ તો સારો હતો પણ ચાર્જ વધારે હતો. શકુનિને જીવનમાંથી કાઢી નાંખો અને મંથરાને પણ જીવનમાંથી કાઢી નાંખો. મંથરા અને શકુનિ એક પ્રકારની માનસિક્તા છે. જીવનમાં કંઈક મેળવવું હોય તો રિસ્ક તો લેવું જ પડે. જર્મની ગુજરાત કરતાં પણ નાનું છે. જર્મનો પણ ગુજરાતીઓ કરતાં ઓછા છે. આર્યન તરીકે તેમને એટલા મોટિવેટ કરવામાં આવ્યા કે જર્મનીએ આખી દુનિયાને કંટ્રોલ કરી લીધી. શબ્દ અને વિચાર એકબીજા સાથે જોડાયેલા છે. મરા મરા કે રામ રામ. તમે કેવી રીતે શબ્દોનો પ્રયોગ કરો છો તે અગત્યનું છે. મજબૂરી કે જરૂરી બેમાંથી જે હશે તે પ્રમાણે થશે. કેવી રીતે શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. તમારે આજુબાજુમાંથી લાલ રંગ શોધવાનો છે. દસ જ સેકન્ડમાં આ રંગ શોધવાનો છે. જ્યારે તમે રંગ શોધતા હતા ત્યારે લીલો નહીં દેખાય. જે શોધશો તે જ મળશે. માખી એ જ છે અને મધમાખી પણ એ છે. એક જ જગ્યાએ માખી ગંદકીને શોધતી હોય છે અને એ જ બગીચામાં એક મધમાખી ફૂલોને શોધતી હોય છે. એક નાનકડી એક્ટિવિટી કરવા માંગું છું. કોઈ બહેન સ્ટેજ પર આવે. કોઈ તમારી પાસે આવીને સીધું જ કહે કે તમે મારી સાથે ડાન્સ કરશો એવું કહેવામાં આવે છે. આ ડાયરેક્ટ માર્કેટિંગનું ઉદાહરણ કહેવાય. પણ આ સાંભળીને તમે જ્યારે પેલાને લાફો મારો છો ત્યારે તેને કસ્ટમર ફીડ બેક કહેવામાં આવે છે. તમે બધાં સરદાર પટેલની સ્ટેચ્યુ ઑફ યુનિટીમાં માનનારા છો. સફળ માણસોથી એક વાર નહીં બે વાર ભૂલો થાય છે. તમારી એવી કઈ સ્ટ્રેટેજી છે કે જેમાં તમારો કસ્ટમર તમને એમ કહે કે વાહ. એવું શું કરવામાં આવે કે કસ્ટમર એમ કહે કે અરે વાહ. જ્યારે આપણે શ્રેષ્ઠ કામ કરીએ ત્યારે જ આપણને પ્રમોશન કે સફળતા મળે છે. કસ્ટમરના ઈમોશનને ટચ કરશો તો જ ધંધો આવશે. સુરતથી એક ફોન આવ્યો હતો. એક બહેન બોલતા હતા કે 'તમે મારા પતિને એવું તો શું શીખવાડી દીધું છે કે સવારના તેઓ ઘરના બધાની પેટર્ન જ ઠીક કરવામાં લાગેલા છે. બધાને સોફા પર બેસાડીને દરેકની પેટર્ન ઠીક કરે છે.' આપણે આપણી પેટર્ન ઠીક કરવાની છે. બીજા કોઈની નહીં. અર્નિંગ વધારવું હોય તો લર્નિંગ વધારવું છે. જે મારવાડી પાસેથી માલ ખરીદીને સિંધીને વેચે અને છતાં પૈસા કમાય છે તે ગુજરાતી છે. ગુજરાતી પર એક વીડિયો મેં બનાવ્યો હતો. પહેલીવાર કોઈ ભારતીયનો યુ ટ્યૂબમાં નંબર વન થયો હોય તો તે અમારી છે. જે વિશ્વમાં સૌથી વધારે છે. સો

ચેનલ ભેગી કરીને જેટલી વ્યૂઅરશીપ ના મળે એટલી વ્યૂઅરશીપ મારી યુ ટ્યૂબ ચેનલને મળી છે. તમે એક મિનિટમાં કેટલાં લોકોને મળી શકો છો. તમારામાંથી ઘણાં લોકો અન્યને મળવા ગયા તેમને કોઈને કોઈ મળવા આવશે. પણ જે મળવા નથી ગયા તેમને કોઈ મળવા નહીં આવે. જ્યારે તમે પહેલ કરશો ત્યારે લોકો પણ તમને મળવાની પહેલ કરશે. શક્યતાઓ શોધો. મુશ્કેલીઓ શોધશો તો મુશ્કેલી વધશે. શક્યતાઓને શોધશો તો શક્યતાઓ આવવા લાગશે. આ મન જે ઈચ્છે છે તે મોટું થઈ જાય છે. ધંધામાં બે વસ્તુ અગત્યની છે. ગ્રાહકની બર્નિંગ પ્રૉબ્લેમ અને બીજું એવું કેવી રીતે સોલ્વ કરું કે મારા સિવાય ચાલે જ નહીં. આને કહેવાય મોનોપોલીની ફૉર્મ્યુલા. આ વાત ખૂબ જ સરળ છે. મોટું કરવા માટેનો સૌથી પહેલો લેશન એ છે કે પ્રૉબ્લેમ, હેસલ જેટલો મોટો કરશો એટલું મોટું પ્રિમિયમ મળશે. એક મહિલાએ ઊભા ઊભા યુરિનેટ કરી શકાય એવું ડિવાઈસ શોધ્યું. જેના કારણે એક હજાર કરોડની કંપની બનાવી શકી. આ મહિલાએ પ્રૉબ્લેમ સોલ્વ કર્યો. સોસ બોટલમાંથી સોસ નથી નીકળતો અને જેવો નીકળે છે ત્યારે તે કપડાં બગાડે છે. આના કારણે જ પીચકું સોસ આવ્યો જે લોકોએ પસંદ કર્યો. આમ તમે કેટલાં અંશે લોકોનો પ્રૉબ્લેમ સોલ્વ કરો છો એ પ્રકારે લોકો તમને પસંદ કરે છે. ગુજરાતમાં મારી સાત ઑફિસ ચાલુ છે. આટલી મારી બ્રાંચ માત્ર ગુજરાતમાં જ છે. દરેક વ્યક્તિ પાસે પોતાના બિઝનેસનું કોસ્ટિંગ હોવું જોઈએ. એક સામાન્ય વાળંદને પણ પોતાના કામની કિંમત હોવી જોઈએ. મારી પાસે ઘણા બધા કેસ સ્ટડીઝ છે. કાતરનો ભાવ અને મહેનતની કોસ્ટિંગ કરીને તે કોસ્ટ કાઢે છે. એક વાત પૂછું છું કે તમારું માર્જિન અને સેલ્સ બંને ઘટી રહ્યું છે એવું થાય ત્યારે પ્રૉડક્ટ બદલવાનો સમય આવી ગયો છે. જ્યારે ઘોડા પરથી પડવાનું હોય ત્યારે પ્લાનિંગ કરીને પડવું જોઈએ. પ્લાનિંગ સાથે પડશો તો ઓછી તકલીફ થશે. ગ્રાહકની માનસિક્તા સમજો. આજે યુવાનોની માતા ગૂગલ છે અને સાસુ યુ ટ્યુબ છે. કોઈપણ પ્રકારની ઈન્ક્વાયરી માટે આપણે આ જ જોઈએ છીએ. ભારતમાં હોર્લિક્સ ફેઈલ ગયું કારણ કે ભારતીય માતા હંમેશાં પોતાના માટે નથી વિચારતી. ભારતીય માતાઓની માનસિક્તા જુદી છે. અમેરિકાની માતા અલગ છે. અમેરિકન માતાના ખોળામાં કૂતરું હોય છે અને બાળક આગળ ચાલે છે. કારણે બાળક તેના પતિની બીજી પત્નીનું હતું અને કૂતરું તેનું પોતાનું હતું. ભારતમાં જ્યારે કોલગેટ પેસ્ટ આવી ત્યારે લોકોને હાથમાં લઈને ઘસવાની ટેવ હતી. કોલગેટે ભારતમાં પેસ્ટના બદલે પાવડર મુક્યો અને તે ચાલી ગયો. કોર્ન ફ્લેક્સના કિસ્સામાં પણ ભારતમાં લોકો ગરમ દૂધ પીવા ટેવાયેલા હતા. ગરમ દૂધમાં કોર્ન ફ્લેક્સ નાંખો એટલે ખીચડી બની જાય. પાછળથી તેમણે ગરમ દૂધને લાયક કોર્ન ફ્લેક્સ બનાવ્યું અને લોકોને પસંદ આવ્યું. સુધારો કરવો જરૂરી છે. જો તમારા ગ્રાહકને ગમે તો તે રિપીટ કરો અને ના ગમે તો પ્રોડક્ટ બદલો.

એવું શું કરીએ કે જેથી રિકરિંગ બિઝનેસ થાય. જૂના કસ્ટમર વધુ સસ્તા હોય છે અને નવા કસ્ટમર આઠ ગણા મોંઘા હોય છે. એપલ, ગૂગલ, અમેઝોન અને માઈક્રોસોફ્ટ આ પ્લેટફોર્મ છે. જુગાર રમવાવાળા પૈસા નથી કમાતા. પણ જે જુગાર રમાડે છે તે વધુ પૈસા કમાય છે. એ જ લોકો પૈસા કમાય છે જે લોકો પ્લેટફોર્મ પૂરું પાડે છે. જ્યાં સુધી એક વેપારી ઓપરેશનમાં જ ફસાયેલો રહેશે ત્યાં સુધી તે પૈસા નહીં કમાય. જ્યાં સુધી ગોળ ગોળ ફરશો ત્યાં સુધી નહીં બને મોટો ગોલ. તમારે ઓપરેશનમાંથી બહાર આવીને બિઝનેસમાં માર્કેટ માટે બહાર નીકળવાનું છે. જ્યારે પ્રૉબ્લેમ પર ધ્યાન લગાવશો ત્યારે ગોલ નહીં દેખાય અને જ્યારે ગોલ દેખાય ત્યારે પ્રૉબ્લમ નહીં દેખાય. મારો છેલ્લો મેસેજ છે કે કેવી રીતે ફાસ્ટ મૂવર બનવાનું છે. દરેક કામ મુશ્કેલ હોય છે. સતત પ્રયત્ન જ તમને સફળ બનાવે છે. સૂતેલા સિંહના મોઢામાં હરણ નથી જતા તેમ તમારે જાતે જ કંઈ કરવાનું છે. બહાના નથી બનાવવાના, ધંધો વધારવાનો છે અને તેની જવાબદારી પણ મારી જ છે. તમે શું બનવા માગો છો ફાસ્ટ મૂવર કે સ્લો મૂવર. દરેક જણ પોતાની મુઠ્ઠીવાળીને બોલો કે તમે શું બનવા માંગો છે....બોલો ફાસ્ટ મૂવર...આ વીલ આઈ કેન બાઉન્સ બેક.

**સતત પ્રયત્ન જ તમને સફળ બનાવે છે. સૂતેલા સિંહના મોઢામાં હરણ નથી જતા તેમ તમારે જાતે જ કંઈ કરવાનું છે. બહાના નથી બનાવવાના, ધંધો વધારવાનો છે અને તેની જવાબદારી પણ મારી જ છે. તમે શું બનવા માગો છો ફાસ્ટ મૂવર કે સ્લો મૂવર.**

સરદારધામ
GLOBAL PATIDAR BUSINESS SUMMIT

# પ્રમાણિકતા વગરનો વેપાર, સિદ્ધાંત વિનાનું રાજકારણ અને સંસ્કાર વિનાનું શિક્ષણ નકામું

## ગોવિંદભાઈ ધોળકિયા



**મારે સૌને એક જ મેસેજ આપવાનો છે. યુવાનો અત્યારે સફળ થવા થનગની રહ્યા છે. પૈસા મળી ગયા એટલે સફળતા મળી ગઈ ? દરેકના સફળતાના ક્રાઈટેરિયા હોય છે. આપણને સંતોષ થાય તેવું જીવન જીવીએ તેને સફળતા કહેવાય. આપણે ગમતું કામ કરીએ ત્યારે જ સફળતા મળે છે. આપણે બધાં કિંમતી તો છીએ જ પણ આપણે મૂલ્યવાન પણ બનવાનું છે. આપણામાંથી ઘણાં બધા મૂલ્યવાન છે. ૧૯૨૨માં કિંગ એડવર્ડ-૫ વિશ્વની એક તૃતીયાંશ પૃથ્વીનો માલિક હતો. આવો મહાન કિંમતી માણસ પણ આપણાંમાંથી કેટલાં ઓળખે ? એની સાથે જ ગાંધીજી પાસે પૈસા નહોતા, તેઓ કિંમતી નહોતા પણ મૂલ્યવાન હતા. ગાંધીજીને આખી દુનિયા ઓળખે છે. એટલે આપણે કિંમતી તો બનવાનું પણ છે અને સાથે સાથે મૂલ્યવાન પણ બનવાનું છે.**

આજે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટમાં આપણે સૌ ગુજરાત અને ભારતભરના મિત્રો ભેગા થયા છીએ. એમાં આયોજન કરતાં આપણાં ગગજીભાઈ, નટુભાઈ, સગપરિયા સાહેબ, ઝાલાવાડિયા સાહેબ અને આપણે સૌ મિત્રો. હવે વાત એવી છે કે ગઈ વખતે મને અડધો કલાક આપ્યો હતો અને મને એમ હતું કે આ વખતે મારો પોણો કલાક હશે. મેં જ્યારે કાર્ડ જોયું ત્યારે ખબર પડી કે આપણે પંદર મિનિટ બેટિંગ કરવાની છે. મને પંદર મિનિટની દસ મિનિટ કીધી છે પણ આપણે પાંચ મિનિટમાં પૂરું કરી દેશું. ખરે ખર પ્રામાણિક્તા વગરનો વેપાર નકામો, સિદ્ધાંત વગરનું રાજકારણ નકામું, એની જેમ જ સંસ્કાર વગરનું શિક્ષણ નકામું, સંયમ વગરની સાધના નકામી, ખંત વગરની ખેતી નકામી. આપણાંમાં જો સમજણ ના હોય તો જીવન નકામું. અહીંયા બધાં સમજદાર ભેગા થયા છે. મારે સૌને એક જ મેસેજ આપવાનો છે. યુવાનો અત્યારે સફળ થવા થનગની રહ્યા છે. પૈસા મળી ગયા એટલે સફળતા મળી ગઈ ? દરેકના સફળતાના ક્રાઈટેરિયા હોય છે. આપણને સંતોષ થાય તેવું જીવન જીવીએ તેને સફળતા કહેવાય. આપણે ગમતું કામ કરીએ ત્યારે જ સફળતા મળે છે. આપણે બધાં કિંમતી તો છીએ જ પણ આપણે મૂલ્યવાન પણ બનવાનું છે. આપણામાંથી ઘણાં બધા મૂલ્યવાન છે. ૧૯૨૨માં કિંગ એડવર્ડ-૫ વિશ્વની એક તૃતીયાંશ પૃથ્વીનો માલિક હતો. આવો મહાન કિંમતી માણસ પણ આપણાંમાંથી કેટલાં ઓળખે ? એની સાથે જ ગાંધીજી પાસે પૈસા નહોતા, તેઓ કિંમતી નહોતા પણ મૂલ્યવાન હતા. ગાંધીજીને આખી દુનિયા ઓળખે છે. એટલે આપણે કિંમતી તો બનવાનું છે અને સાથે સાથે મૂલ્યવાન પણ બનવાનું છે. મૂલ્યવાન બનવા માટે આપણી પાસે નીતિ, નિયમ અને સંયોગ




**યુવાનો અત્યારે સફળ થવા થનગની રહ્યા છે. પૈસા મળી ગયા એટલે સફળતા મળી ગઈ ? દરેકના સફળતાના ક્રાઈટેરિયા હોય છે. આપણને સંતોષ થાય તેવું જીવન જીવીએ તેને સફળતા કહેવાય. આપણે ગમતું કામ કરીએ ત્યારે જ સફળતા મળે છે.**

જોઈએ. તેઓ મૂલ્યવાન હતા એટલે આપણાં ખિસ્સામાં આવી ગયા. આપણે મૂલ્ય અને કિંમતનો ફર્ક બનીને, પ્રમાણિક્તાથી ધંધો કરીએ ત્યારે આપણને આપણાં પ્રારબ્ધ અનુસાર મળે છે. તેના માટે પ્રયત્ન કરવાની જરૂર છે, પાપ કરવાની જરૂર નથી. તેઓ આજે પણ આ વાક્ય યાદ રાખીને બેઠા છે. મારું આપને એમ કહેવાનું છે કે પાટીદાર સમાજ, મહાન સમાજ, મૂલ્યવાન સમાજ અને આપણાં મૂલ્ય તૂટી ના જાય એવી રીતે આપણાં બાળકો પાસે અને આપણાં જનરેશન પાસે સફળતા આવે. સૌ કિંમતી બને અને સૌ મૂલ્યવાન બને. ■

સરદારધામ
GLOBAL PATIDAR BUSINESS SUMMIT

# સતત ઈનોવેશન કરતા રહીએ

જયંતિભાઈ પટેલ



**મોટિવેશનલ સ્પીકર તો મોટિવેટ કરે છે પણ મારી ઈચ્છા તો બધાને એન્ટરપ્રિન્યોર બનાવી દેવાની છે. લોકો અવનવા કામ કરે છે. અમારી બાજુ એક ખેડૂતે કાલા ફોલવાનું મશીન બનાવ્યું હતું. તો તમને વિચાર આવે કે લોકો કેવા કેવા કામ કરે છે. સતત ઈનોવેશનથી આપણે કંઈક નવું કરતાં રહેવું પડે. આપણે પંજાબથી ઘઉં વાઢવા માટે મશીન લાવતા. હવે આપણે એ પણ બનાવવા લાગ્યા છીએ. આપણાં ખેડૂતના છોકરાઓ ઓટોમાઈઝેશન તરફ વળે તે અગત્યનું છે. ખેતીમાં આપણે જોઈએ તો મોટા ભાગના વચેટીયા વેપારીઓ જ બધો નફો લઈ લેતા હોય છે. ખેડૂતોનું એક એવું પોર્ટલ માર્કેટ ના બનાવી શકીએ કે જેમાં બધાંને પોતાના સારા ભાવ મળે. આજે દેશનો મહત્તમ હિસ્સો ખેતી સાથે સંકળાયેલો છે. પટેલનો છોકરો ૨૫ હજારની નોકરી શોધવા જાય છે તેના કરતાં તે સારી ખેતી કરીને કમાઈ શકે છે.**

જય સરદાર... હું ખેડૂતનો છોકરો છું....પ્રૉફેશનલ સ્પીકર જેવું નહીં બોલી શકું. આપણે ગગજીભાઈ પાસેથી પણ ઘણાં સફળતાના સૂત્રો શીખી શકીએ. તેમણે કેવી રીતે ટીમ બિલ્ડિંગ કર્યું. કેવી રીતે બધાને મોટિવેટ કર્યા અને આ મોટો અશ્વમેઘ યજ્ઞ શરૂ કર્યો તે માટે હું બધાંને અભિનંદન આપું છું. સદાય સમાજ તેમનો ઋણી રહેશે. તમે પણ ખેડૂતના દીકરા છો અને હું પણ ખેડૂતનો દીકરો છું. અમારી પાસે એક પણ રૂપિયો નહોતો. હું મારા મોટા ભાઈ કાંતિભાઈની હૂંફથી એન્જિનિયર બન્યો. મેં એપ્રેન્ટિસ તરીકેની નોકરી ચાલુ કરી. મને થયું કે નોકરી કરું તેના કરતાં કરસનભાઈ, ધીરુભાઈ અંબાણી, ટાટા ગ્રૂપ જે રીતે ગુજરાતનું ગૌરવ છે એ રીતે અમે રોડ મેપ બનાવ્યો. સરકારે એ વખતે ૧૦૦ ટકા લોન આપેલી. વટવામાં એ વખતે કલર કેમિકલ્સનો ધંધો ચાલુ કરેલો. એ વખતે અમારું વર્કિંગ કેપિટલ વપરાઈ ગયું. ફરી પાછા અમે વર્કિંગ કેપિટલ માટે બેંકમાં ગયા.

પટેલમાં પહેલો વિચાર કુટુંબનો વિચાર આવે. મારો નાનો ભાઈ નટુભાઈ જે આવતા વર્ષે ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સમાં પ્રેસિડેન્ટ થવાના છે. કુટુંબને ભેગું કરીને અમે આગળ વધતા ગયા. જેમ જેમ કોમ્પિટિશન વધતી ગઈ એમ એમ અમે બિઝનેસને ડાયવર્સીફાઈડ કરતા ગયા. બધાં ડાઈઝ બનાવતા ગયા તો અમે પીગમેન્ટસમાં ગયા. બધાએ પીગમેન્ટ બનાવવાનું ચાલુ કર્યું તો અમે કલર કેમિકલ્સમાં એન્ટર થયા. આ રીતે અમારી સફર ચાલુ થઈ. અમારું સો માણસોનું કુટુંબ સમાઈ ગયું. અમારા ધંધામાં મુશ્કેલીઓ પડી ત્યારે અમે ફોકસ એપ્રોચ રાખતા. સખત મહેનતનો કોઈ પર્યાય નથી. સોક્રેટિસની સ્ટોરી તમને યાદ હોય તો એક છોકરો સફળતાના સૂત્રો જાણવા માટે આવ્યો. સોક્રેટિસે બીજા દિવસે પાંચ વાગ્યે આવવાનું કહ્યું. સવારે યુવાન પહોંચ્યો. સવારે સોક્રેટિસે તેને એક નદી કિનારે લઈ ગયા. એ યુવાનની સાથે સોક્રેટિસે નદીમાં જવા કહ્યું. બંને જણા ધીમે ધીમે નદીના પાણીમાં આગળ વધ્યા. થોડીવાર પછી નદીનું પાણી ઊંડુ થતું ગયું. સોક્રેટિસે પેલા યુવાનનું માથું પાણી ઊંડા પાણીમાં નાંખ્યું. પેલો યુવાન થોડીવાર તો હાંફળો ફાંફળો થઈ ગયો. સોક્રેટિસે પેલા યુવાનને કીધું, 'નદીના પાણીમાં પડતાની સાથે જ જે રીતે ઑક્સિજન લેવાનો પ્રયત્ન કરે છે એ જ રીતે જે દિવસે તું દરેક કામ કરતો થઈશ ત્યારે તું સફળ થઈ. આ જે ઝનૂન છે તે ઝનૂન જ આપણને સફળ બનાવે છે.'

**નદીના પાણીમાં પડતાની સાથે જ જે રીતે ઑક્સિજન લેવાનો પ્રયત્ન કરે છે એ જ રીતે જે દિવસે તું દરેક કામ કરતો થઈશ ત્યારે તું સફળ થઈ. આ જે ઝનૂન છે તે ઝનૂન જ આપણને સફળ બનાવે છે.**

મોટિવેશનલ સ્પીકર તો મોટિવેટ કરે છે પણ મારી ઈચ્છા તો બધાને એન્ટરપ્રિન્યોર બનાવી દેવાની છે. લોકો અવનવા કામ કરે છે. અમારી બાજુ એક ખેડૂતે કાલા ફોલવાનું મશીન બનાવ્યું હતું. તો તમને વિચાર આવે કે લોકો કેવા કેવા કામ કરે છે. સતત ઈનોવેશનથી આપણે કંઈક નવું કરતાં રહેવું પડે. આપણે પંજાબથી ઘઉં વાઢવા માટે મશીન લાવતા. હવે આપણે એ પણ બનાવવા લાગ્યા છીએ. આપણાં ખેડૂતના છોકરાઓ ઓટોમાઈઝેશન તરફ વળે તે

અગત્યનું છે. ખેતીમાં આપણે જોઈએ તો મોટા ભાગના વચેટીયા વેપારીઓ જ બધો નફો લઈ લેતા હોય છે. ખેડૂતોનું એક એવું પોર્ટલ માર્કેટ ના બનાવી શકીએ કે જેમાં બધાંને પોતાના સારા ભાવ મળે. આજે દેશનો મહત્તમ હિસ્સો ખેતી સાથે સંકળાયેલો છે. પટેલનો છોકરો ૨૫ હજારની નોકરી શોધવા જાય છે તેના કરતાં તે સારી ખેતી કરીને કમાઈ શકે છે. મોટી કંપનીઓ જો શાક વેચી શક્તી હોય તો પાટીદારનો દીકરો આ કામમાં પોતાની તક ના શોધી શકે ? દુનિયામાં મોટું વિચારવાની જરૂર છે. સુરતમાં ડાયમંડમાં, સિરેમિક્સમાં, જેતપુરમાં દરેક જગ્યાએ પાટીદારો આગળ છે. જ્યાં આપણે પાછળ છીએ ત્યાં આપણે મનોમંથન કરવું જોઈએ. આપણે આઈટી કરતાં પાછળ છીએ પણ સરદારધામ એક ચળવળ છે. આપણે બધા દોરીને લોટો લઈને આવેલા અને એ વખતે ઘણાં અમારા સાહસ માટે કહેતા કે તમે આટલું ઝડપથી કેમ કરો છો. અમે જૈફ વયે પણ ૮૦૦ કરોડનો બિઝનેસ કર્યો. એ જ ટાઈમમાં અમારી સેકન્ડ જનરેશન દરવાજા ખટખટાવતી હતી અને અમે વર્લ્ડ બેંકનો સંપર્ક કરીને વર્લ્ડ બેંક અમારી સાથે પચીસ ટકાના ભાગમાં આવવા તૈયાર થઈ. વિશ્વાસ, સહિષ્ણુતા, મૂલ્યો, મહેનત, પારદર્શિતા, નીતિ, સત્ય, નિષ્ઠા આ સંબંધો બધું જ ઉપયોગી નીવડે છે. અમે આ આઠ મંત્રો મનમાં રાખીને અમે આગળ વધ્યા છીએ. અમારી કંપની ૨૦૦૪માં સિંગાપોર ખાતે લિસ્ટ થઈ. ત્યાં જે શેર હોલ્ડર્સનું વોટિંગ થયું તેમાં મેઘમણીને



**વિશ્વાસ, સહિષ્ણુતા, મૂલ્યો, મહેનત, પારદર્શિતા, નીતિ, સત્ય, નિષ્ઠા આ સંબંધો બધું જ ઉપયોગી નીવડે છે. અમે આ આઠ મંત્રો મનમાં રાખીને અમે આગળ વધ્યા છીએ.**

ઈન્ડસ્ટ્રીઝમાં આગળ નથી. તેના માટે આપણે ડિજિટલ ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઇન્ડિયામાં આગળ વધવું જોઈએ. હજુ આપણે પૈસા વગર ધંધો નથી કરી શક્તા. મોરબીનો દાખલો લો, જેતપુરનો દાખલો લો...૨૫ લાખ, ૨૫ લાખની ભાગીદારી કરીને તેઓ સિરામિક્સની ઈન્ડસ્ટ્રીઝ કરે છે. આજે ચાઈનાની સામે કોઈ મોડેલ સફળ ગયું હોય તો તે સિરામિક્સનું મોડેલ સફળ ગયું છે. શું આપણે દરેક ક્ષેત્રોમાં પટેલોને કન્વર્ટ ના કરી શકીએ ? જેમ કૃષ્ણ ભગવાન અર્જુનને મોટિવેટ કરે છે તેમ દરેકના જીવનમાં સારો મેન્ટર જરૂરી છે. ઘણી વખત આપણે પટેલો જીતો મોસ્ટ ટ્રાન્સપરન્ટ કંપનીનો એવોર્ડ મળ્યો. વાતો ઘણી છે. સમય ઓછો છે. શૂન્યમાંથી મેઘમણીનું ૫૦૦૦ કરોડનું ટર્ન ઓવર છે અને આગામી દિવસોમાં અમારો ધ્યેય દસ હજાર કરોડનો છે. પૂજ્ય મોટાએ કીધેલું કે મારે સમાજને બેઠો કરવો છે. હું એકવાર પ્રમુખસ્વામીને મળેલો અને પ્રમુખ સ્વામીએ મારી પ્રવૃત્તિ જાણી. પરિવારની એક્તા વિશે જાણ્યું. ત્યારે તેમણે કહ્યું કે તારે મંદિર જવાની જરૂર નથી. સમાજ માટે કંઈકને કંઈક કરતાં રહો તો તમને ચોક્કસ કુદરત મદદ કરે છે.

# ૧૯મી સદી ઈંગ્લેન્ડની હતી, ૨૦મી અમેરિકાની અને ૨૧મી સદી હિન્દુસ્તાનની હશો

## કુમાર વિશ્વાસ



**લોકતંત્રના રુપમાં આપણે મજબૂત છીએ. રાજવંશોની પરંપરાઓ સમાપ્ત થઈ ગઈ છે અને સકારાત્મક તરીકે જોવામાં આવે તો કર્તવ્ય કરીને લોકપ્રિયતા પામવાની પ્રેરણા આપના સમાજમાંથી વિશેષ મળી રહી છે. જ્યારે આ દેશના શરીરના નિર્માતા અને લોકપ્રિય નેતા સરદાર પટેલ તેમની પ્રથમ લડાઈમાં કદાચ પાછા પડ્યા હશે પરંતુ ૭૦ વર્ષ પછી આજે તેઓ આગળ છે. દરેક રાજવંશીઓ પાછળ છે. જે રાજવંશોમાં પેદા થયા હતા તેઓ પાછળ છે અને પટેલ આગળ છે. છેલ્લા ૭૦ વર્ષમાં કેટલાંક નાયક થયા છે જેમાં સરદાર ભગતસિંહનું નામ છે, સરદાર પટેલનું નામ છે, મહારાણાપ્રતાપનું નામ છે, શિવાજીનું નામ છે. જો કે દિલ્હી અને મધ્યપ્રદેશમાં કે મુંબઈમાં કેટલાંક બુદ્ધિજીવીઓ છે જેઓ આમનામાંથી પણ કેટલાંક કીડાઓ કાઢે છે. એમનો તો ઈશ્વર જ માલિક છે. ૧૩૫ કરોડ ભારતીયોમાં નાનકડાં બાળકને પણ સરદાર વલ્લભભાઈ પટેલ વિશે બોલો તો તેનું હૃદય ભારતમાતાની જય બોલવા માટે તત્પર થઈ જશે.**

આપ સૌને સાદર પ્રણામ, મારું સૌભાગ્ય છે કે હું ભારતના આત્મા અને નિર્માતા ગાંધીના ગુજરાતમાં છું અને ભારતીય લોકતંત્રના શરીરના નિર્માતા પટેલના વંશજોની સામે આજે ઊભો છું. હું અને તમે આજે એક એવા દૌરમાં મળી રહ્યા છીએ જ્યારે દેશ અલગ પ્રકારના સવાલો સામે ઝઝૂમી રહ્યો છે. હું દિલ્હીથી આવ્યો તો ખૂબ જ ઠંડી હતી અને અહીં ઉતર્યો તો ગરમી હતી. અહીં ગરમી છે જ્યારે દિલ્હીમાં રાજનૈતિક ગરમી છે. લોકો રોડ પર બેઠા છે, અલગ અલગ સવાલોનો સામનો કરી રહ્યા છે. લોકતંત્રના સમયમાં આવો સમય આવે છે. તમે આખા વિશ્વમાંથી પધારેલા પાટીદારો છો. ભારતીય પાસપોર્ટ લઈને જ્યારે બહાર જઈએ ત્યારે આપણી ક્ષેત્રીય ઓળખાણ લુપ્ત થઈ જતી હોય છે. અને આપણે જે કંઈ કરીએ છીએ તેના પરથી જ આપણી ઓળખાણ બને છે. જ્યારે અમેરિકાના મોટા મોટા હાઈવે પર એક શહેરમાંથી બીજા શહેરમાં જતી વખતે હાઈવે પર એક્ઝિટ લઈને જ્યારે હું થોડીવાર માટે એક હૉટલમાં રોકાઈએ ત્યારે તેના જે રિસેપ્શન જોવા મળે છે ત્યાં કોઈને કોઈ પટેલ હોય છે. જ્યારે મને એ જાણવા મળે છે કે આ મોટેલ કે હોટેલનો માલિક એ પટેલ છે ત્યારે મને મારું ઉત્તર પ્રદેશ નાનું લાગે છે અને મારું ભારત મોટું થઈ જાય છે.

કોઈ પણ શરીર કોશિકાઓ વગર નથી બની શકતું. અહીંયા ઘણાં ગુણીજનો બેઠા છે. મોટા લોકો બેઠા છે. મારી જેટલી ઉંમર છે તેના કરતાં પણ વધારે તેમનો અનુભવ છે. આપની સાદાઈ એ છે કે આપ આટલા સફળ હોવા છતાં પણ મને સાંભળી રહ્યા છો. પરંતુ આપણે આજે એક એવા સમયમાં આવીને ઊભા છીએ કે જ્યારે આપણું શરીર તો સ્વસ્થ છે પરંતુ આત્મા નબળો પડી ગયો છે.

હું જે વાત કરવા જઈ રહ્યો છું તે માટે હું આશા રાખું છું કે આપ થોડું સમજશો અને પાટીદાર સમાજના લોકો કે જે મોટા ભાગના ઉદ્યોગ સાહસિકો છે અને તેઓ દરેક ક્ષેત્રમાં આગળ છે તેઓ પણ તેમની નીચે કામ કરતા લોકોને આ વાત કહેશે. મેં તમારા પ્રબંધકોને પણ પૂછ્યું કે આ ઈવેન્ટમાં કેટલાં લોકો હશે તો મને જવાબ મળ્યો કે ૩-૪ હજાર લોકો. તો હું થોડો હસ્યો. ત્યારે આયોજકોએ મને જણાવ્યું કે લોકો ઓછા હોવાના કારણે આપ હસતા હોવ એવું લાગે છે. ત્યારે મેં જવાબ આપ્યો કે ના એવું નથી પરંતુ જેટલાં છે તે આર્થિક રીતે સબળ છે અને તેમાંના એક એક વ્યક્તિ હજારો, લાખોને પ્રભાવિત કરવાની ક્ષમતાવાળા છે. સંસ્થાઓ ધરાવતા લોકો છે જેઓ પોતાનું યુનિટ ચલાવે છે. છેલ્લા ૭૦ વર્ષમાં આપણે જ્યાં સુધી પહોંચ્યા છીએ ત્યાંથી હવે પાછળ જોવાનો સમય આવી ગયો છે. લોકતંત્રના રુપમાં આપણે મજબૂત છીએ. રાજવંશોની પરંપરાઓ સમાપ્ત થઈ ગઈ છે અને સકારાત્મક તરીકે જોવામાં આવે તો કર્તવ્ય કરીને લોકપ્રિયતા પામવાની પ્રેરણા આપના સમાજમાંથી વિશેષ મળી રહી છે. જ્યારે આ દેશના શરીરના નિર્માતા અને લોકપ્રિય નેતા સરદાર પટેલ તેમની પ્રથમ લડાઈમાં કદાચ પાછા પડ્યા હશે પરંતુ ૭૦ વર્ષ પછી આજે તેઓ આગળ છે. દરેક રાજવંશીઓ પાછળ છે. જે રાજવંશોમાં પેદા થયા હતા તેઓ પાછળ છે અને પટેલ આગળ છે. છેલ્લા ૭૦ વર્ષમાં કેટલાંક નાયક થયા છે જેમાં સરદાર ભગતસિંહનું નામ છે, સરદાર પટેલનું નામ છે, મહારાણાપ્રતાપનું નામ છે,

શિવાજીનું નામ છે. જો કે દિલ્હી અને મધ્યપ્રદેશમાં કે મુંબઈમાં કેટલાંક બુદ્ધિજીવીઓ છે જેઓ આમનામાંથી પણ કેટલાંક કીડાઓ કાઢે છે. એમનો તો ઈશ્વર જ માલિક છે. ૧૩૫ કરોડ ભારતીયોમાં નાનકડાં બાળકને પણ સરદાર વલ્લભભાઈ પટેલ વિશે બોલો તો તેનું હૃદય ભારતમાતાની જય બોલવા માટે તત્પર થઈ જશે. અહીંયા જેટલા પણ લોકો છે તેમણે જીવનમાં પ્રગતિ કરી છે. હું હમણાં બહાર જોઈ રહ્યો હતો કે ઘણું મોટું યુવાધન ફરતું હતું. હજી આપણે નેશનાલિટી નથી બનાવી. આપણો દેશ આઝાદ થયો ત્યારે તુર્કી પણ આઝાદ થયું. તુર્કીની સરકાર જ્યારે બે વર્ષની થઈ ત્યારે જવાહરલાલ નહેરુ ભારતના વડાપ્રધાન હતા. જ્યારે તેમને તુર્કીમાં મુખ્ય અતિથિના રૂપમાં બોલાવવામાં આવ્યા ત્યારે તેમની એક ભૂલ થઈ. તેમણે કહ્યું કે હું ભારતમાં નેશનલ હાઈવે ઑથોરિટી બનાવી રહ્યો છું, સડક બનશે, હું ઑટોમેટિક પાવર સ્ટેશન બનાવવા જઈ રહ્યો છું, હું પુલ બનાવવા જઈ રહ્યો છું ત્યારે રાષ્ટ્રપતિ પાશા બોલ્યા કે મિસ્ટર પ્રાઈમ મિનિસ્ટર બહુ સારું કર્યું કે તમે આ બધું બનાવી રહ્યા છો. આ બધી વસ્તુઓ તો એક આર્કિટેક્ટ પણ બનાવી શકે છે, એન્જિનિયર પણ બનાવી શકે છે, હું આમાંથી કશું નથી બનાવી રહ્યો હું તો તુર્કીની નાગરિક્તા બનાવી રહ્યો છે. આ દેશમાં ૭૫ વર્ષમાં આપણે ઘણું બધું બનાવ્યું પરંતુ નાગરિક્તા નથી બનાવી. અહીંયા બેઠેલા લોકો પોતાના હૃદય પર હાથ મૂકીને બતાવે કે કોઈ એવું કામ છે જે ભારત માટે કરીએ અને આખી દુનિયા કહે કે ભારતના લોકો મહાન હતા. ૨૦૦૫માં પ્રથમવાર જાપાન ગયો ત્યારે કવિ સમ્મેલનના કાર્યક્રમમાં જ્યારે એક મોલમાં મેં જોયું તો કેટલાંક લોકો સીધા હાથે ઊભા હતા. રેલ્વે સ્ટેશન પર સીધા હાથે ઊભા હતા. આના કારણે મને પ્રશ્ન થયો કે આવું કેમ ? તો જણાવવામાં આવ્યું કે આવું એટલા માટે છે કે જેમને ઉતાવળ હોય તેઓ ડાબી બાજુથી જઈ શકે. આ દેશે એક નાનકડો વ્યવહાર બનાવ્યો છે. આપણે ખાવામાં, પીવામાં, બોલવામાં કોઈ વ્યવહાર નથી બનાવ્યો. આ બધું બનાવવાવાળા કોઈ રાજનેતા નહોતા પરંતુ આ દેશના સામાજિક નેતાઓ હતા. સાંસ્કૃતિક નેતાઓ. છેલ્લા કેટલાંક વર્ષથી જોઉં છું કે આપણાં સાંસ્કૃતિક નેતાઓ ગાયબ થઈ ગયા છે. મારા પિતા ૮૨ વર્ષના હતા અને તેઓ પ્રૉફેસર હતા. સનાતની બ્રાહ્મણ હતાં છતાં પૂજાપાઠમાં એટલા વિશ્વાસ નહોતા કરતાં. સોમવારે વ્રત રાખે. હું નાનો હતો



ત્યારે મેં તેમને પૂછ્યું કે આપ પૂજાપાઠમાં વિશ્વાસ નથી રાખતા, તો પછી વ્રત શા માટે કરો છો. તો તેમણે જવાબ આપ્યો કે એક સમય એવો હતો કે દેશમાં અનાજ ઓછું હતું અને ત્યારે લાલબહાદુર શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, 'જો તમે એક ટાઈમ ભોજન નહીં કરો તો આખા દેશનું એટલું અનાજ બચશે.' તો તેમણે વ્રત રાખેલું. શાસ્ત્રીજી તો ચાલ્યા ગયા પણ વ્રત રહી ગયું. આ નેતાની તાકાત છે, નેતા કહે અને જનતા માને એ વાત અગત્યની છે. પાટીદાર સમાજના લોકો પોતપોતાના કામ દ્વારા પોતાનું નેતૃત્વ કરી રહ્યા છે. શરૂઆતના દૌરના જેટલા પણ પુસ્તકો છે તે વિશે મેં અધ્યયન કર્યું તો ખ્યાલ આવ્યો કે સરદારમાં જે સાહસ હતું તે અપ્રતિમ હતું. તે જ માત્ર વડાપ્રધાનને 'મિસ્ટર પ્રાઈમ મિનિસ્ટર'ની જગ્યાએ - ડિયર નહેરુ કહીને બોલાવી શક્તા હતા. આ માત્ર સરદાર પટેલ જ કરી શકે છે. આજે હું આપનામાંથી ઘણાં બધાને જાણું છું જેઓ ખૂબ મહત્ત્વના લોકો છો. આ બધું ત્યારે જ થઈ શકે જ્યારે આપણી અંદર લોભ ના હોય. તમે કોઈની કૃપા છાયાથી નહીં પરંતુ સ્વયં પુરુષાર્થ કરીને આગળ આવ્યા હોય. મારા ઘણાં મિત્રો છે જેમણે ઉદ્યોગ સાહસિક્તા શરુ કરી છે. તમને ખબર છે દસ બાર કરોડ રૂપિયા કમાવવામાં ઘૂંટણ ઘસાઈ જાય છે. ખૂબ મહેનત કરવી પડે છે. પરંતુ આ ૧૫થી ૨૦ કરોડમાંથી ૨૦૦ કરોડ સુધીના ટર્ન ઓવરમાં વધારે પ્રૉબ્લેમ નથી આવતો. બે સારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રાખો, બે સારા એમબીએ રાખો અને ત્રીજો બેંક મેનેજર જે હરિદ્વાર જવાનું પસંદ કરે છે કે બેંગકોક એટલું જાણી લો તો દોઢસોનું ટર્ન ઓવર થઈ જશે. એ પછી આખા સમાજની ચિંતા તમારા પર આવી જાય છે. તમારી પાસે ગાડીથી લઈને મકાન સુધીના બધા જ ઈન્સ્ટોલમેન્ટ પર ચાલે છે. તમે મહેનત કરતા રહો અને આ સરકાર, વ્યવસ્થા સાથે ટેક્સેશન સાથે લડતા રહો, ધીમે ધીમે ચિંતાઓ ઘેરી લે છે અને ૪૫-૫૦ વર્ષની ઉંમરે એક ડૉક્ટર આવીને તમને બતાવે છે કે તમને આ જે તકલીફ થઈ છે તે ગેસની નથી પરંતુ બે નળીઓની છે. આમ પછી તમે જ્યારે તમારા બાળકોને કહો છો કે બેટા હું અહીં સુધી લઈ આવ્યો અને તું હવે આગળ વધાર. ત્યારે આ અંદરનો થાક છે તે આપણો નથી. આપણાં સમાજે અને આપણી સિસ્ટમે આપણને આપ્યો છે. તો વ્યવસ્થા તો આવી જ રહેશે. સરકાર આની આવે કે આની આવે પરંતુ કોઈ મોટું પરિવર્તન આવવાનું નથી. સામાન્ય પરિવર્તન થશે. ભારતની ન્યૂઝ ચેનલો જોઈ લો. જેમાં દસમાંથી સાત સમાચાર તો પાકિસ્તાનના હોય છે. જાણે તેમની ઈકોનોમીથી આપણને કોઈ મોટો પ્રશ્ન ઊભો થતો હોય. તો બદલાવવું કોણ પડશે ? દેશના જે મોટા રાજનેતાઓ રહ્યા છે તેમણે ક્યારેય સરકારો પાસેથી આશાઓ જગાવી નથી. રાષ્ટ્રીય ચેતના જગાવવાના ઘણાં પ્રયત્નો કર્યા પણ છેલ્લે તો ત્યાંના ત્યાં જ રહ્યા. આખરે એક વાત સ્પષ્ટ થઈ અને એ કે આપણે આપણાંમાં બદલાવ લાવવાનો છે.

**રામથી લઈને કૃષ્ણ સુધી, પટેલથી લઈને કબીર સુધી, દરેક વ્યક્તિએ પ્રયત્ન કર્યો છે કે સમાજ સન્માનનીય બને તો તેમાં સૌથી પહેલા તો આપણે પ્રયત્ન કરવાનો છે. જો સમાજના લોકો એક સાથે નહીં બેસે અને એક સાથે એક બીજાનો હાથ નહીં પકડે તો રાષ્ટ્ર નહીં બને, માનવતા નહીં બને, વિશ્વ નહીં બને. માટે સૌથી પહેલા તો પરિવારનું બનવું અગત્યનું છે.**

રામથી લઈને કૃષ્ણ સુધી, પટેલથી લઈને કબીર સુધી, દરેક વ્યક્તિએ પ્રયત્ન કર્યો છે કે સમાજ સન્માનનીય બને તો તેમાં સૌથી પહેલા તો આપણે પ્રયત્ન કરવાનો છે. જો સમાજના લોકો એક સાથે નહીં બેસે અને એક સાથે એક બીજાનો હાથ નહીં પકડે તો રાષ્ટ્ર નહીં બને, માનવતા નહીં બને, વિશ્વ નહીં બને. માટે સૌથી પહેલા તો પરિવારનું બનવું અગત્યનું છે.

આપણા વેદમાં કહ્યું છે કે હું બ્રહ્મ છું. પરંતુ એકમાં અનેક્તા. રામ જેવા પ્રભાવી રાજાને બધાં જાણતા હતા અને તેઓ જ્યારે વનમાં ગયા ત્યારે તેમણે કોઈ રાજા પાસેથી સહાયતા નોતી માંગી પરંતુ તેમણે સામાન્ય માણસોની પાસેથી સહાયતા લઈને સૌને જોડ્યા હતા અને વિશ્વના સૌથી મોટા માનવને પરાજિત કરવામાં તેઓ સફળ થયા. કોઈ



તમને પૂછે કે તમારા જીવનની સાર્થક્તા શું છે ?

તો એટલું કહીશ કે

બેવજહ દિલ પર કોઈ બોઝ ના ભારી રખીએ,
જિંદગી જંગ હૈ ઈસ જંગ કો જારી રખીએ.
કિતને દિન જિંદા રહે ઈસકી ન ગિનતી કિજીએ,
કિસ તરહ જિંદા રહે ઇસકી શુમારી રખીએ.

આ કવિ દિનકરની પંક્તિઓ છે.

બડા વહ આદમી જો જિંદગીભર કામ કરતા હૈ
બડી વહ રુહ જો રોએ બિન તન સે નિકલતી હૈ

પ્રાપ્ત અને પર્યાપ્તની વચ્ચે જે અંતર છે તે સમજવું જરૂરી છે. જે આપની પાસે છે તેના તમે કસ્ટોડિઅન છો. તમે તેના માલિક નથી. મુખ્ય સમસ્યા માલિકી ભાવમાં છે. તમે દિલ્હીમાં હોવ, અમદાવાદમાં હોવ કે પટણામાં કે કલકત્તામાં હોવ...કેટલાંક લોકોને એવો ભ્રમ હોય છે કે તેમનું હોવું ખૂબ મહત્ત્વનું છે. એક યક્ષે યધિષ્ઠિરને પૂછ્યું કે ઈશ્વરનું ભોજન શું છે ? તો યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે ઈશ્વર તો અહંકારને ખાય છે. આ જે માલિકી ભાવ છે ને તે અહમ્ છે.

જે સરદાર સાહેબે આ દેશ માટે કર્યું તે માટે જ તમે તેમની મૂર્તિ બનાવી છે. તમે તેમના નામ પર કેટલું મોટું આયોજન કરો છો. બિહાર કે હૈદરાબાદમાં બેઠેલો કોઈ વ્યક્તિ, જોધપુર રાજવંશના ખૂણામાં કામ કરતો કોઈ સામાન્ય ખેડૂત, મૂર્તિ જોવા માટે નહીં આવી શકે, પરંતુ આજે તેના કોટ પર તિરંગો લહેરાયેલો દેખાય છે...તો આ સરદાર સાહેબની જ કૃપા છે. આ તેમનું કૌશલ્ય છે. આ દેશ ઓછો કૃતજ્ઞ છે. નેતાજી સુભાષચંદ્ર બોઝને આપણે ઓળખી નથી શક્યા. આઝાદીના પંદર-વીસ વર્ષ પછી આપણને ખબર પડી કે આપણો સપૂત ક્યાં ગયો. જેમને નેતાજીનો ડર લાગતો હતો તે પણ આ વાત બતાવવા તૈયાર છે અને જે લોકો નેતાજીના નામે સરકારમાં આવ્યા તેઓ પણ તપાસ કરવા માટે તૈયાર નથી. છેલ્લી વાત તમારી સાથે એ કરવી છે કે જેમણે દેશ બનાવ્યો છે તે ગાંધી હોય કે પટેલ બંને એક સાથે રહી શકે છે પરંતુ દિલ્હીમાં જે લડી રહ્યા છે તે એક સાથે રહી શક્તા નથી.

તો કિસી રાહબર ન રાહગુજર સે નિકલેગા
હમારે પાંવ કા કાંટા હમી સે નિકલેગા
તલાશ કિજીએ ખજાના યહીં સે નિકલેગા

રાહતભાઈની આ પંક્તિઓ હું સરદાર સાહેબને સોંપીને વિદાય લઉં છું. ઈશ્વર કરે કે તમારા માધ્યમથી આ દેશને પ્રકાશ મળે અને આવનારા સમયમાં સરકાર જેની બને પરંતુ ૬૪ ટકા યુવાન દેશમાં હું એટલું તો ચોક્કસ કહી શકું તે ૧૯મી સદી ઈંગ્લેન્ડની હતી, ૨૦મી અમેરિકાની અને ૨૧મી સદી હિંદુસ્તાનની હશે. તેને કોઈ રોકી નહીં શકે. ■

સરદારધામ
GLOBAL PATIDAR BUSINESS SUMMIT

# અન્યનું ભલું કરવાથી કુદરત સફળતાનો માર્ગ મોકળો કરે છે

## સવજીભાઈ ધોળકિયા



**આપણો પાડોશી વધારે કમાવો જોઈએ, મારો પરિવાર વધુ આગળ હોવો જોઈએ, આપણો જિલ્લો આગળ હોવો જોઈએ, આવું વિચારીએ છીએ ત્યારે કુદરત આપણને મદદ કરે છે. જો આપણામાં આવા સંકલ્પ હોય તો પ્રકૃતિની તાકાત છે કે તે આપણાં સપનાં સાકાર કરવા માટે કામે લાગી જાય છે. આપણો સંકલ્પ રાષ્ટ્રનું હિત કરવાનો છે, સમાજનું હિત કરવાનો છે ત્યારે કુદરત આપણને મદદ કરે છે.**

આમ તો પાટીદારને બદલે પાણીદાર કહીએ તો ખોટું નથી. અમારે પણ હવે પચાસ ઓવરની જેમ ૨૦૨૦ કરી નાંખવી પડશે. બહુ ઝાઝું નહીં કહું પણ ખરેખર આપણાં જ ઘરમાં આપણું સન્માન થતું હોય અને મારા કાકા કે મારા ગુરુ મને સન્માન આપે ત્યારે તેનાથી મોટી કોઈ ખુશી ના હોઈ શકે. હવે હું થોડી જ વાત કરીશ.

મને ભલે દસ મિનિટ આપી અને હું સાતમાં પૂરી કરીશ. સમયથી વધારે ના બોલાય. મારા અનુભવો કહીશ. આ પાટીદારો, પાણીદારો લેવા માટે નહીં પણ દેવા માટે જન્મ્યા છે. આ દુનિયામાં આપણને કોઈ સપોર્ટ આપે તેના કરતા આપણે કોઈને સપોર્ટ આપીએ ત્યારે સો ટકા સંકલ્પ સિદ્ધ થાય છે. મને પૂછવામાં આવ્યું હતું કે તમે આટલી બધી ગાડીઓ આપી તો આની પાછળનું લોજીક શું છે ? જો તમે રિલાયન્સ હોવ તો તમે શું આપો ? આપણે આપવાના સપના કરીએ તો જ આપણને કુદરત આપે છે. હરિકૃષ્ણ એક્સપોર્ટ પાંચ હજાર કરોડનું કામ કરે તે મારું સપનું નથી પણ મારા કર્મચારીઓ કેમ વધુ કમાય તે માટેનું મારું સપનું છે. આપણો પાડોશી વધારે કમાવો જોઈએ, મારો પરિવાર વધુ આગળ હોવો જોઈએ, આપણો જિલ્લો આગળ હોવો જોઈએ, આવું વિચારીએ છીએ ત્યારે કુદરત આપણને મદદ કરે છે. જો આપણાંમાં આવા સંકલ્પ હોય તો પ્રકૃતિની તાકાત છે કે તે આપણાં સપનાં સાકાર કરવા માટે કામે લાગી જાય છે. આપણો સંકલ્પ રાષ્ટ્રનું હિત કરવાનો છે, સમાજનું હિત કરવાનો છે ત્યારે કુદરત આપણને મદદ કરે છે. મારી કંપનીમાં મારી ૧૨૦૦૦ની સેલેરી હતી ત્યારે પણ ત્રણ માણસો હતા અને અમે લોકોએ અમારા મોટિવેશન દ્વારા કર્મચારીઓને ઉત્સાહિત કર્યા. તમે ગમે તેટલાં પૈસા ખર્ચ કરશો પણ મગજમાં નહીં ઉતારો તો વેસ્ટ ઑફ ટાઈમ છે. હું કાયમ ગોવિંદકાકા સાથે રહ્યો. અને તેઓ જ્યારે વિદેશ જતાં ત્યારે હું કામ કરતો. તેમની વાતો સાંભળતો. હું ભણવામાં પણ બહુ હોશિયાર નોતો. બાજુવાળામાંથી જોઈને લખતો. પણ મારી જવાબદારી એ કે મારી માથે કોઈ જવાબદારી ના રહે એ જ જવાબદારી. આપણે બધું માથે લઈને ફરીએ એના કરતાં બધું હોશિયાર માણસોને સોંપી દઈએ તો કામ સરળ થઈ જાય. હું માલિક છું...પણ ભાઈ તું માલિક મટી નથી જવાનો....પાંચ સૂત્રો છે જેમાં પહેલું સૂત્ર છે કે આઈ એમ ધ બેસ્ટ...આવડે છે કે નથી આવડતું, ભણેલા છે કે નથી ભણેલા...અમરેલીમાં હોય તો અમેરિકામાં...આ દુનિયામાં એવું કોઈ કામ નથી કે જે કોઈ ના કરી શકે. આ દુનિયામાં એવું કોઈ કામ નથી કે જે હું ના કરી શકું. હું બધું જ કરી શકું તેમ છું. બધું જ કામ મૂકીને આ કામ કરે ત્યારે આ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ થાય છે. જે કંઈ નક્કી કરો તે આજે જ નક્કી કરો. વર્તમાનમાં રહેવું. આજથી નિર્ણય લેવાનું ચાલુ કરો તો સો ટકા તમે સફળ થશો. આવી સુંદર સમિટમાંથી પ્રેરણા એવી લેવી જોઈએ કે જ્યારે હું આર્થિક શક્તિમાન બનીશ ત્યારે હું પણ આવા મોટા કાર્યોમાં સહયોગી બનીશ એવા શુભ સંકલ્પથી આગળ વધીએ છીએ ત્યારે નેચર આપણને મદદ કરે છે. આપણે કોઈને મદદ કરીએ છીએ ત્યારે જ આપણને પ્રકૃતિ મદદ કરે છે. ■



સરદારધામ
GLOBAL PATIDAR BUSINESS SUMMIT

# નાનું શા માટે વિચારવું જોઈએ ?

## જય વસાવડા



**સીસીસી ફોર્મ્યુલા એટલે ક્રિએટિવિટી, કોન્ફિડન્સ અને કન્સર્ન. નવું કરવાની તાકાત. બીજા માટે નિસ્બત એટલે કન્સર્ન અને કોન્ફિડન્સ એટલે આત્મવિશ્વાસ. પડખું ફેરવું તો વરસ બદલી નાખું અને યુગોની તરસ બદલી નાખું. આપણે આકાશમાં વિહરવાનું છે. નીચેનું ના વિચારશો, નાનું ના વિચારશો. આ જ ભૂમિ પર જ્યારે નરેન્દ્રભાઈએ વાઈબ્રન્ટ સમિટ કર્યું હતું ત્યારે તેમણે અહીં આંધ્રપ્રદેશ કે મહારાષ્ટ્રના સ્ટોલ નહોતા નંખાવ્યા પરંતુ સિંગાપોર અને કોરિયાના સ્ટોલ નંખાવ્યા હતા. આપણે સીધું ઈન્ટરનેશનલ એક્સપોઝર મેળવવું છે. આ લાંબુ વિઝન. આપણાં બિલ ગેટ્સ માઈક્રો સોફ્ટ સત્ય નડેલાને આપીને જતા રહ્યા. સુંદર પીંચાઈને ગૂગલ સોંપીને તેના માલિકો રિટાયર્ડ થઈ ગયા. લોકો જીવતેજીવ રિટાયર્ડ થઈ જાય છે. નવી પેઢીને આપીને તેઓ રિટાયર્ડ થઈ જાય છે. આપણને બેકસીટનો શોખ છે.**

ખૂબ ખૂબ આભાર. જય સરદાર. એટલા બધા મિત્રો છે અને મોટા ભાગના પટેલ સાહેબો જ છે. હું આજે અતિથિ તરીકે નથી આવ્યો પણ હું તો ભાણેજ તરીકે અહીં આવ્યો છું. સરદાર વલ્લભભાઈ પટેલ અને ઉચ્છંગરાય ઢેબર એમ એક પાટીદાર અને બીજા નાગર. જેમણે એક સાથે મળીને દેશ માટે કામ કર્યું હતું. એ રીતે જોવા જાઉં તો હું પણ નાગરનો દીકરો અને પાટીદારોનો ભાણેજ છું. દેશ માટે મહેનત અને રાષ્ટ્ર માટે પ્રેમ હોય એનું નામ પાટીદાર. નવી પેઢી પાસે સાધનો ખૂબ છે પરંતુ સપનાં નાના છે. જૂની પેઢી પાસે સાધનો ઓછાં હતાં છતાં સપનાં મોટાં હતાં. નાનું શા માટે વિચારવું જોઈએ? આ સમગ્ર સમિટ જોતાં મને સ્વામી સચ્ચિદાનંદજીએ જોયેલું સ્વપ્ન યાદ આવે છે. સ્વામીજીએ સરસ વાત કરી હતી કે ભારતમાં ગુણકર્મ પ્રમાણે ચાર વિભાગ પડ્યા હતા. આપણી વર્ણવ્યવસ્થા તો અધોગતિનું મૂળ છે. પરંતુ ગુણકર્મ એટલે કોઈની સાહિત્યની કે બોલવાની કળા હોય તો વળી મહેનતની કળા હોય. શુદ્ર એટલા નીચા નહીં પણ શ્રમ કરવામાં પાવરફૂલ હોય, જે બોલીને સારી રીતે વેચાણ કરી શકે તે વૈશ્ય અને ક્ષત્રિય એટલે જે નિર્ભય છે, જે લોહી ખમી ખાવાની ક્ષમતાવાળો છે તે. આ ચારે ચારનો સંગમ એટલે કે ક્ષત્રિયની તાકાત, બ્રાહ્મણનું તિલક, વૈશ્યના ત્રાજવા અને શુદ્રની ત્રેવડ જો કોઈમાં જોઈ શકાતી હોય તો તે પાટીદારમાં છે. અહીં તલવાર એટલે અભયની વાત છે, પડકારાની વાત છે, પરાક્રમની વાત છે. આપણે બધાં કાર્યક્રમો કરીએ અને જ્યારે જ્યારે આપણાં ઘરમાં ઘઉં, બાજરા કે અનાજ આવતું હોય તો તે સૌથી વધારે પાટીદાર કોમ્યુનિટીમાંથી આવે છે. આ વાત હું એક સ્વતંત્ર નાગરિક તરીકે કરું છું. હું તો મારી ડાયરીના આધારે કહું છું કે મારા સિત્તેર ટકા પ્રોગ્રામમાં પાટીદાર સમાજ છે જે વિચારોના વાવેતર માટે પ્રોત્સાહન આપે છે. મહત્ત્વની વાત એ છે કે સરદાર સાહેબની મૂળ ઊંચાઈ વિશેની. તમને ખબર છે કે સરદાર સાહેબની હાઈટ કેટલી હતી ? તેમની ઊંચાઈ સાડા પાંચ ફૂટ હતી. મેં કીધું મને આ ખબર નોતી. સાડા પાંચ ફૂટ ઊંચાઈ ધરાવતા આ વ્યક્તિની આટલી ઊંચી પ્રતિમા બનાવી. પ્રવાસ વર્ણનની બુક નવેસરથી લખવી પડે તેવી આ ઊંચાઈ સરદાર સાહેબના કર્મોની છે. આ કર્મોની ઊંચાઈ આપણે પ્રાપ્ત કરવાની છે. હિન્દુસ્તાનની ધરતી પર જેણે કર્મયોગની વાત કરી છે તે છે શ્રી કૃષ્ણ. ભગવાન કૃષ્ણના ત્રણ સૂત્રો મારે આજે તમને કહેવા છે. આજના બિઝનેસમાં મારે સફળ થવું હશે તો આઉટ સોર્સિંગ કરવું પડશે. કાળયવનને મારવા માટે કૃષ્ણ છેક જૂનાગઢ સુધી આવ્યા હતા અને મુચકુંજ ઋષિને જગાડીને કાળયવનને પૂરી કર્યો અને પોતે

**સાડા પાંચ ફૂટ ઊંચાઈ ધરાવતા આ વ્યક્તિની આટલી ઊંચી પ્રતિમા બનાવી. પ્રવાસ વર્ણનની બુક નવેસરથી લખવી પડે તેવી આ ઊંચાઈ સરદાર સાહેબના કર્મોની છે. આ કર્મોની ઊંચાઈ આપણે પ્રાપ્ત કરવાની છે.**

દ્વારિકા નગરી બનાવવામાં વ્યસ્ત થઈ ગયા. આ આઉટસોર્સિંગનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. જરાસંઘનો પણ ખાત્મો આવી જ રીતે ભીમ પાસે કરાવ્યો. યોગ્ય વ્યક્તિઓને પસંદ કરીને તેને યોગ્ય ઑથોરિટી આપવાની કળા એટલે આઉટ સોર્સિંગ. તમે વિશ્વના ફોર્ચ્યુન ૫૦૦ની ચર્ચા કરશો તો તમને ઝૂકરબર્ગનું નામ જડશે. મોટા ભાગના યહુદીઓ છે. તેઓ કોઈ ધર્મની કે વિવાદની વાત પણ નથી કરતાં. તેમના દેશ ઈઝરાયેલની બોર્ડરને સાચવવા સિવાય તેઓ બીજા કશામાં પડતા નથી. પણ માત્ર નૉલેજ, નૉલેજ. વિઝન વિઝન અને વિઝન ઓરીએન્ટેશન. સીસીસી ફોર્મ્યુલા એટલે ક્રિએટિવિટી, કોન્ફિડન્સ અને કન્સર્ન. નવું કરવાની તાકાત. બીજા માટે નિસ્બત એટલે કન્સર્ન અને કોન્ફિડન્સ એટલે આત્મવિશ્વાસ. પડખું ફેરવું તો વરસ બદલી નાંખુ અને યુગોની તરસ બદલી નાંખું. આપણે આકાશમાં વિહરવાનું છે. નીચેનું ના વિચારશો, નાનું ના વિચારશો. આ જ ભૂમિ પર જ્યારે નરેન્દ્રભાઈએ વાઈબ્રન્ટ સમિટ કર્યું હતું ત્યારે તેમણે અહીં આંધ્રપ્રદેશ કે મહારાષ્ટ્રના સ્ટોલ નહોતા નખાવ્યા પરંતુ સિંગાપોર અને કોરિયાના સ્ટોલ નંખાવ્યા હતા. આપણે સીધું ઈન્ટરનેશનલ ઓક્સપોઝર મેળવવું છે. આ લાંબુ વિઝન. આપણાં બિલ ગેટ્સ માઈક્રો સોફ્ટ સત્ય નડેલાને આપીને જતા રહ્યા. સુંદર પિંછાઈનેગૂગલ સોંપીને તેના માલિકો રિટાયર્ડ થઈ ગયા. લોકો જીવતેજીવ રિટાયર્ડ થઈ જાય છે. નવી પેઢીને આપીને તેઓ રિટાયર્ડ થઈ જાય છે. આપણને બેકસીટનો શોખ છે. રતન ટાટા અને નારાયણ મૂર્તિ છોડી છોડીને પાછા આવી જાય છે. એકવાર બેસાડ્યા પછી ફરી ના બેસો. બીજું કૃષ્ણ પાસેથી એ શીખવાનું છે એ છે રી-એન્જિનિયરિંગ.ખાંડવપ્રસ્થમાંથી ઈન્દ્રપ્રસ્થ બનાવવાની પ્રેરણા કૃષ્ણે અર્જુનને આપી હતી. બહુ માથાકૂટ હોય તો હસ્તિનાપુર છોડો અને ઈન્દ્રપ્રસ્થ બનાવો. તેમણે પોતાના માટે દ્વારકા પણ નવી બનાવી અને પાંડવો માટે પણ ઈન્દ્રપ્રસ્થ નવું બનાવ્યું. આ છે રિ-એન્જિનિયરિંગ. ત્રીજો જો કોઈ ફંડા હોય તો તે છે મલ્ટિ ટાસ્કિંગ. ચીર હરી પણ લે અને ચીર પૂરી પણ દે. વાંસળી પણ રાખે અને સુદર્શન ચક્ર પણ રાખે. આપણે જગતના કોઈ બિઝનેસ ફંડાની જરૂર નથી. આપણે માત્ર એટલું જ શીખી લેવાની જરૂર છે કે એક માણસ અનેક કામ કરતો થશે તો જ આપણે બિઝનેસ કરી શકીશું. હું જ્યારે બિઝનેસ મેનેજમેન્ટ ભણાવતો ત્યારે કસ્ટમર સેટિસ્ફેક્શન વિષય આવતો. હવે તો સંતોષ ગ્રાહક ના આવે. મોબાઈલ અને ટી.વી. એવા આવે છે કે બદલવા પડે. નવો ફંડા છે કસ્ટમર ડિલાઈટ. એટલે કે ગ્રાહકને મોજ કરાવો. જો તેને મોજ આવશે તો પાંચ રૂપિયાની પોપકોર્ન રૂ.૧૮૦માં વેચાય છે. જો કોઈ પ્રેમીને વધુ મજા આવી ગઈ તો તે વીસ રૂપિયા છૂટા લેવા માટે પણ ઊભો નથી રહેતો. આઈસક્રીમની કિંમત પાંચ રૂપિયાની હશે પરંતુ તેનું વાતાવરણ સુંદર હશે તો તેની પાછળ બીજા પચાસ ખર્ચાયા હશે. લાલબહાદુર શાસ્ત્રીજીએ જય જવાન જય કિસાન સૂત્ર આપ્યું હતું. એ પછી જ્યારે અટલજી ભારતના વડાપ્રધાન બન્યા અને તેઓ જ્યારે વિજ્ઞાનથી પ્રેરાયા અને અબ્દુલ કલામ સાથે સંમિલિત થઈને જય જવાન, જય કિસાન અને જય વિજ્ઞાન ઉમેરાયું. સવજીભાઈ વેકરિયાએ રફાળા ગામને નવું બનાવીને આપ્યું. તેમણે વિચાર્યું કે મારા મા-બાપની સ્મૃતિમાં હું છાપામાં જાહેરાતો છપાવું, ફોટા મૂકાવું કે તક્તી મુકાવું એના કરતાં આખું ગામ જ નવું ના બનાવું. એ ગામનું ઉદ્દઘાટન કરવા માટે મોરારિબાપુ આવ્યા હતા અને તેમણે એક નવું સૂત્ર આપ્યું અને એ હતું જય જવાન જય કિસાન જય વિજ્ઞાન અને જય ઈમાન. બ્રાંડ એટલે હોર્ડિંગ કે સાઈન બોર્ડ નહીં પરંતુ બ્રાંડ એટલે વિશ્વાસ. એક શબ્દ છે હેલ્પ. એચઈએલપી કરતાં શીખો. ગાંધીજીના વારસદાર સિવાય આખી દુનિયા એમનો જન્મદિવસ ઊજવે છે. સવારના પહોરમાં એક બોખા મોઢા અને વાળ વગરના ચહેરાને નોટ પર જોઈને આપણે મોટા થયા છીએ. કારણ કે ગાંધીજીએ પોતાનાથી વધુ ક્ષમતાવાળા માણસોની ટીમ ઊભી કરી હતી. એચ ફોર હેબિટ- સારી ટેવ પાડો. કોઈ ના હોય ત્યારે આપણે સારી રીતે વર્તીએ એ કેરેક્ટર છે. ઈ ફોર અર્ન. એલ ફોર લવ. પ્રેમ ઓછો ના કરતાં. પી એટલે કોઈ ઊભા થઈને આવે એટલે ઊભા જ થઈ જવાનું હોય પણ પી એટલે પ્રોગ્રેસિવનેસ. તમે પાછળથી જોઈ શકો પ્રોગ્રેસિવ થઈ શકો. આવતીકાલ કેવી હશે, નવી પેઢી કેવી હશે. સરદારધામની આ ટીમને હું સલામ એટલે કરું છું કે લોકો સાથે જમી નથી શકતા તે વખતે તમે બધાંને ભેગા કર્યા તેનો જ એવોર્ડ મળવો જોઈએ. સાથે આવ્યા તે જ મોટી વાત છે. આખી હેલ્પવાળી ફોર્મ્યુલા ગગજીભાઈને જોતાં જોતાં મનમાં આવી છે. સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનું સુંદર સૂત્ર આપ્યું છે. પાટીદારોની શાળાઓ અને છાત્રાલયોમાં અનેક સમાજના બાળકો મોટા થઈને આગળ વધ્યા છે. આપણે માત્ર ફાઉન્ડેશનને મજબૂત બનાવવાનું છે. આપણે મેનહટ્ટનમાં પાણીપુરી અને પેરીસમાં પાત્રા ખાવાના છે. ■

સરદારધામ

GLOBAL PATIDAR BUSINESS SUMMIT

# પાટીદાર સમાજ  જમીનને સ્પર્શીને ચાલનારો સમાજ છે

## કાજલ ઓઝા વૈદ્ય



**લોકો બાલિ અને મોરેશ્યસ ફરવા જાય અને ત્યાંથી ફેસબુક પરથી ફોટા અપલોડ કર્યા કરે. ફેસબુકની લાઈક પણ વાડકી વ્યવહાર જેવી છે. તમે મને લાઈક કરશો તો હું કરીશ અને તમે નહીં કરો તો હું લાઈક નહીં કરું. મને જે સમજાયું છે એ એ છે કે આપણે અહીંયા ભેગા થયા છીએ એક બીજાને મળવા, એક બીજાનો સંબંધ કાયમ રહે એટલા માટે. ગગજીભાઈએ આપણને એક સાથે એટલા માટે ભેગા કર્યા છે કારણ કે માણસનો માણસ સાથેનો સંબંધ છે તે વિશ્વની કોઈ ટેક્નોલોજી નહીં કરી શકે. કોઈને હાથ પકડીને એટલું કહીએ કે, "હું આવી ગઈ છું." એટલે આ પ્રેમ, હૂંફ અને કેરનો અહેસાસ સ્વાભાવિક રીતે થાય છે. આ બધું એટલા માટે ચાલી રહ્યું છે કારણ કે પટેલો ગ્રાઉન્ડેડ છે. જમીન સાથે જોડાયેલા છે. જે દિવસે પટેલો ઉડવા માંડશે ત્યારે સમજજો કે આ પૃથ્વી હલવા લાગશે.**

કોઈ પાર્ટીમાં મિત્રો આવે અને એ પાર્ટી પૂરી થાય ત્યારે છેલ્લી ઘડી સુધી તમને પ્લેટો ઉંચકાવીને છેક સુધીની મૈત્રી નિભાવે એ પટેલ છે. સરદારધામ એવી દીકરીઓને તક આપે છે જે સપનું જોઈ શકે. એક રૂપિયામાં દીકરીને રહેવા-ખાવા અને ભણવાની વ્યવસ્થા સરદારધામ કરીને આપે છે. બે ટકા સ્ત્રીઓ એવી છે જેને ભણવાની તક મળી છે, બે ટકા એવી સ્ત્રીઓ છે જે મારી અને સંધ્યાબેનની જેમ આ સ્ટેજ પર ઊભી રહીને વાત કરી શકે છે. બાકીની મોટા ભાગની આ દેશની સ્ત્રીઓ એવી છે જેને કોઈ તક મળતી નથી. એ સોળ, સત્તર વર્ષની થાય એટલે એના માટે છોકરા જોવાય છે, અઢાર ઓગણીસ વર્ષે પરણાવી દેવાય છે અને એકવીસમે વર્ષે મા બની જાય છે અને તેની આખી જિંદગી તેના રસોડામાં પૂરી કરાવવામાં આવે છે. બધાને ભેગા કરવા બહુ મોટી વાત છે. પણ જેને તક નથી મળતી તેને તક આપવા જેટલી આ જગતમાં કોઈ બીજી વાત જ નથી. પટેલની દીકરી પાંચસો રૂપિયામાં પણ ઘર ચલાવે અને પાંચ કરોડમાં પણ ઘર ચલાવે. ઘરમાં ત્રણ ત્રણ કૂક હોય તો પણ તે રસોડામાં ગયા વગરની ના રહે. પાટીદારો જમીન સાથે જોડાયેલા છે. અહીંયા ઘણાં બિલ્ડર્સ છે. તે બધાં જ જાણે છે કે મકાન ઊંચું બાંધવું હોય તો તેના પાયા જમીનમાં વધારે ઊંડા નાંખવા પડે. પટેલો એટલે આગળ છે કારણ કે તેમના પાયા ઊંડા છે. બધાં જ પટેલોના પગ જમીન પર હોય અને આંખો આકાશમાં હોય છે અને હાથ પાંખની જેમ ફેલાયેલા હોય છે. હમણાં હમણાં હું જોઉં છું કે દીકરીઓને ભણાવવામાં મા-બાપ બીવે છે. એવું વિચારે છે કે એને સરખો છોકરો નહીં મળે. દીકરીને પ્રેમથી ભણાવો. આપણે એમ.બી.બી.એસ સાથે એમ.બી.બી.એસ નથી પરણાવવાના પણ છોકરા સાથે છોકરીને પરણાવવાની છે. પાસબુક સાથે પાસબુક નથી પરણાવવાની. આપણે એવું વિચારીએ છીએ કે ડૉક્ટર છોકરી સાથે ડૉક્ટર છોકરો જ જોઈએ. પણ એવું ના પણ બને. આજકાલ અનેક પરિવારો પોતાની દીકરીઓને વધુ સુંદર અને રૂપાળી બનાવવાનો પ્રયત્ન કરતા હોય છે. મોસમ જેવા પરફ્યુમની એડ આપણે બધાએ જોઈ છે...પાસ આયી તુ મહેકી મહેકી...તો ભાઈ પરફ્યુમની બાટલી જ રાખને ભાઈ પત્નીની ક્યાં જરૂર છે. આજકાલ અનેક પ્રકારના એનાલિસીસ થાય છે, ઘણાં બધાં સંશોધનો થાય છે પરંતુ માણસ બદલાતો નથી. આપણાં માનવીય ગુણોને ના ભૂલતા કારણ કે એ તો એના એ જ રહેશે. એ ક્યારેય નહીં બદલાય. આગળ જતાં એટલી બધી ટૅક્નોલોજી આવી રહી છે કે વ્યક્તિ ફોન દ્વારા પ્રેમમાં પડી શકે છે પણ બે કામમાં તો આપણે જાતે જ જવું પડે...એક તો કોઈને ભેટવું હોય અને બીજું કોઈને ફટકારવા હોય તો...બે તમાચા મારવા હોય તો જાતે જ જવું પડે. વચ્ચે ચાર મિત્રો તાપણું કરતાં હતા અને એવામાં એક મોટર સાઈકલ ચાલકે આવીને પૂછ્યું, ''મનિષ, કોનું નામ છે ?''

પેલા બાઈસાઈકલ ચાલકે મનિષને ધોઈ નાંખ્યો. એટલે પાસે બેઠેલા જે ત્રણ જણાં હતા તેમણે પૂછ્યું, ''અલા તારું નામ ક્યાં મનિષ છે તો તે આટલો માર ખાધો ?''

પેલાએ કીધું કે, ''હું જાણવા માંગતો હતો કે તે મનિષ વિશે શું કહે છે?'' લોકોને કોનું, શું, કેવું આવી બધી પંચાતમાં ખૂબ રસ છે. આપણને આપણાં ભીતરની ખબર નથી. બહારના કોલાહલમાં વધુ રસ છે. ભીતરના

કોલાહલમાં આપણને રસ નથી. ચાર જણાં જ્યારે બહાર નીકળે ત્યારે ચારેયના હાથમાં ફોન હોય છે. ચારેય જણાં ફોનમાં માથું નાંખીને ચાલતા જતાં હોય ત્યારે એવું થાય કે આના કરતાં તો ઘેર બેસીને ફોન જુઓ. આટલા પૈસા શા માટે બગાડો છો ?

લોકો બાલિ અને મોરેશ્યસ ફરવા જાય અને ત્યાંથી ફેસબુક પરથી ફોટા અપલોડ કર્યા કરે. ફેસબુકની લાઈક પણ વાડકી વ્યવહાર જેવી છે. તમે મને લાઈક કરશો તો હું કરીશ અને તમે નહીં કરો તો હું લાઈક નહીં કરું. મને જે સમજાયું છે એ એ છે કે આપણે અહીંયા ભેગા થયા છીએ



**આપણે એવું કહીએ છીએ કે હું મારી દીકરીને દીકરાની જેમ ઉછેરું છું. અહીં બેઠેલી દરેક દીકરીઓને સમાન તક મળી છે. પરંતુ તમારા દીકરાઓને એટલું શીખવાડજો કે જ્યારે તારી પત્ની સતત કામ કરતી હોય અને ક્યારેક તું વહેલો આવે ત્યારે એક કપ ચા બનાવજે. આને ઈક્વલ ઓપોર્ચ્યુનિટી કહી શકાય. ઈક્વલ ઓપોર્ચ્યુનિટી તો પુરુષની જવાબદારી છે.**

એક બીજાને મળવા, એક બીજાનો સંબંધ કાયમ રહે એટલા માટે. ગગજીભાઈએ આપણને એક સાથે એટલા માટે ભેગા કર્યા છે કારણ કે માણસનો માણસ સાથેનો સંબંધ છે તે વિશ્વની કોઈ ટૅક્નોલોજી નહીં કરી શકે. કોઈને હાથ પકડીને એટલું કહીએ કે, ''હું આવી ગઈ છું.'' એટલે આ પ્રેમ, હૂંફ અને કેરનો અહેસાસ સ્વાભાવિક રીતે થાય છે. આ બધું એટલા માટે ચાલી રહ્યું છે કારણ કે પટેલો ગ્રાઉન્ડેડ છે. જમીન સાથે જોડાયેલા છે. જે દિવસે પટેલો ઉડવા માંડશે ત્યારે સમજજો કે આ પૃથ્વી હલવા લાગશે. તેમના વજનથી જ આ પૃથ્વી ટકી છે. ગમે તેટલાં ઉપર નીકળી જાઓ તો પણ પૃથ્વી પર જ પગ રાખજો. તમારા સ્નેહનું ગ્રેવિટેશન છે. આ લાગણી તમારા ઈમોશનના કારણે ટકેલી છે. માટે તમે બધા અહીંયા ભેગા થયા છો. શું તમે અહીંયા બિઝનેસ કરવા આવ્યા છો ? પૂછો તમારા દિલને...તમારો બિઝનેસ ઓછો ચાલે છે. તમારા માટે અહીંયા આવવું એટલો સમય પણ નથી. પણ આ બિઝનેસની બીટુબી મીટ નથી પણ ઈટુઈની મીટ છે. અહીં તમે એ લોકોને મળવા આવ્યા છો જેમને તમે લાંબા સમયથી નથી મળ્યા. ગગજીભાઈએ આ ઈમોશનથી ઈમોશન માટેની મીટ કરી છે. તેના માટે આપણે તેમનો આભાર માનવો પડે. સ્ત્રી એ વિશ્વની પહેલી ખેડૂત છે. સ્ત્રીને તમે અનાજ આપોને તો તે ભોજન બનાવીને આપે, તમે તેને મકાન આપો તો તે ઘર બનાવીને આપે, તમે તેને સ્પર્શ આપો તો આખો જીવ જન્માવીને આપે. આપણે તેને શું આપીએ છીએ તે આપણે નક્કી કરવાનું છે કારણ કે તે એકનું હજાર કરીને આપે છે. તમે તેને તિરસ્કાર આપશો તો તે એક હજારગણો કરીને પાછો આપશે. તમે એને સ્નેહ આપશો તો તે એક હજારગણો કરીને આપશે. તમે તેને શું આપો છો તેના પર નિર્ભર છે. એક હજારગણું કરવું તેનો સ્વભાવ છે. આપણે ધનતેરસની પૂજા કરીએ છીએ પણ આપણાંમાંથી એવા કેટલાં છે કે જે ગૃહલક્ષ્મીની પૂજા કરીને કહે કે તું મને ઘરે જમાડે છે તો હું



**સ્ત્રીના સમાન અધિકારની વાત જો કોઈએ કરી હોય તો તે કૃષ્ણએ કરી. સોળ હજાર એવી સ્ત્રીઓ જે તિરસ્કૃત થયેલી હતી તેને એવું કહ્યું હતું કે જ્યાં જઈને વસવું હોય ત્યાં વસો અને કોઈપણ પૂછે તો કહેજો કે હું કૃષ્ણની પત્ની છું. સોળ હજાર સ્ત્રીઓને સન્માન આપ્યું...**

પણ તને સાચવું. આપણાંમાંથી કોઈ એવું નથી કહેતા બસ માની લઈએ છીએ કે આ તો તેની ફરજ છે. પણ એ ફરજની પ્રશંસા કરવી એ આપણી પણ ફરજ છે. સ્ત્રીને તક મળે સારી વાત છે, બિઝનેસવુમન સારી વાત છે. આ સફળ સ્ત્રી પર થતાં બળાત્કારની જવાબદારી કોની, તેના મોલેસ્ટેશનની જવાબદારી કોની ? એ દરેક પુરુષની જે તેને અટકાવે. દરેક માએ પોતાના દીકરાને કહેવાનું છે કે બેટા ક્યાંય પણ કોઈ દીકરીની છેડતી થતી હોય તો તે દીકરીની પડખે ઊભો રહેજે. આપણે એવું કહીએ છીએ કે હું મારી દીકરીને દીકરાની જેમ ઉછેરું છું. અહીં બેઠેલી દરેક દીકરીઓને સમાન તક મળી છે. પરંતુ તમારા દીકરાઓને એટલું શીખવાડજો કે જ્યારે તારી પત્ની સતત કામ કરતી હોય અને ક્યારેક તું વહેલો આવે ત્યારે એક કપ ચા બનાવજે. આને ઈક્વલ ઓપોર્ચ્યુનિટી કહી શકાય. ઈક્વલ ઓપોર્ચ્યુનિટી તો પુરુષની જવાબદારી છે. આ જ દીકરાઓ અમેરિકા જાય ત્યારે ડિશો ધોવે, સબવેમાં કામ કરે, પેટ્રોલપંપમાં કામ કરે પણ આ જ દીકરાઓ જ્યારે ઘરે આવે ત્યારે કામ કરતાં નથી. આજે બેઠેલી મમ્મીઓને સમજાવવું છે કે તમારા દીકરાઓને એટલું ચોક્કસ સમજાવજો કે ઘરે કામ કરે. જો સ્ત્રીઓ પગભર થશે તો તે જાતે પોતાની દિશા પણ શોધશે અને આવા સમયે દીકરાઓ તેને પ્રેમ આપવાને સક્ષમ નહીં હોય તો તેના છૂટાછેડા કોઈ અટકાવી નહીં શકે. સ્ત્રીના સમાન અધિકારની વાત જો કોઈએ કરી હોય તો તે કૃષ્ણએ કરી. સોળ હજાર એવી સ્ત્રીઓ જે તિરસ્કૃત થયેલી હતી તેને એવું કહ્યું હતું કે જ્યાં જઈને વસવું હોય ત્યાં વસો અને કોઈપણ પૂછે તો કહેજો કે હું કૃષ્ણની પત્ની છું. સોળ હજાર સ્ત્રીઓને સન્માન આપ્યું. થાકેલો-પાકેલો આવીને જો પુરુષ જેવો છે તેવું ના વર્તી શકે તો સમજવું કે તે પુરુષમાં કંઈક ખૂટે છે. મારે અહીંયા બેઠેલી બહેનોને કહેવું છે કે ક્યારેય કોઈપણ પ્રકારની સમાનતાની ચર્ચા ઘરમાં ન કરવી. પરંતુ સાથે મળીને બહારના માણસ સાથે કરવી. હવેનો સમય એવો છે કે પતિ-પત્નીએ સાથે મળીને કામ કરવું પડશે. તમે અબજો રૂપિયા કમાતા હશો પણ જો ઘરમાં સુખ નહીં હોય તો તે અબજો રૂપિયા નકામા છે. ગુલઝાર સાહેબની એક સરસ વાત યાદ આવે છે....સુખી દેખાવું એ જરૂરી નથી પણ સુખી હોવું એ જરૂરી છે. ચપ્પલ ફાટેલી હશે તો બહુ વાંધો નહીં આવે પણ ચહેરા પર સ્મિત હશે તો લોકોનું ધ્યાન તમારા ચહેરા પર જ જશે. તમારી બ્રાંડ કોઈ કામની નથી.

# સફળ થવા માટે એક ચોક્કસ લક્ષ્ય જરૂરી

ચેતન ભગત



**આપણે ખુશ રહેવા માટે જીવીએ છીએ. અહીં જે શબ્દ લખ્યો છે તે જોરથી વાંચવાનો છે. આજકાલ તો ઈમોજીની ભાષા ખૂબ ચાલે છે. અહીં કેટલાં એવા છે કે જે સફળ થવા નથી માંગતા? સફળતાની એક વાત કહું કે હું જેને પણ પૂછીશ તો અલગ અલગ જવાબ આવશે. મારા માટે સફળતા પૈસા હોવા, મારા માટે મારું નામ મોટું થાય એ સફળતા છે, કોઈના માટે સમાજ આગળ વધે એ સફળતા છે, કોઈ પોતાનું વજન ઉતરવાને સફળતા માને છે, કોઈને શાંતિ જોઈએ છીએ. તો કોઈ ના માટે કોઈ તો કોઈના માટે કોઈ...આમ સફળતા એ વ્યક્તિએ વ્યક્તિએ સાપેક્ષ છે. દરેકની સફળતાની વ્યાખ્યા અલગ અલગ છે. સફળતા દરેકની અલગ અલગ છે. તેની સરખામણી પણ ના થવી જોઈએ. આપણે અડધી જિંદગી સરખામણીમાં જ વીતાવી દઈએ છીએ.**

આપણે એટલા આગળ નથી વધી રહ્યા જેટલાં આપણે આગળ વધવું જોઈએ. હું રાજકારણમાં નહીં પડું. નવું દશક ચાલુ થયું છે. આપણે કશું નથી કર્યું એવું નથી. એક એવરેજ ભારતીયની આવક એવરેજ બે હજાર ડૉલર છે. આપણી આવક દસ વર્ષ પહેલાં કરતાં ડબલ થઈ છે. આ એક સારી વાત છે. સાડા સાત ટકામાં વધારો થયો છે. આપણી ગાડી સાડા સાત ટકાની સ્પીડે ચાલી રહી છે. આજે સાડા ચાર ટકા થઈ ગયા. ઘણાં કહે છે કે તે બે કે ત્રણ જ છે. જો આપણે પાછળના દસ વર્ષમાં એક થઈને કામ કરીએ અને એક દિશામાં જઈએ તો સાડા સાતના સાડા નવ સુધી પહોંચી શકીએ છીએ. આપણે થોડું દબાણ કરીને આગળ વધવું જોઈએ. આપણો ધ્યેય શું છે ? આપણે સુપર પાવર બનવાની કોઈ જરૂર નથી. આપણે સાડા નવ ટકાએ ગ્રોથ કરવાનો છે. પાંચ હજાર ડૉલરે જઈએ તો આપણે સાડા ત્રણ લાખે પહોંચી શકીએ તો એક સુંદર જીવન જીવી શકીએ. તેની પાસે બધું જ હશે. આ આપણે આગળના દસ વર્ષમાં કરી શકીએ. માત્રને માત્ર આ જ ધ્યેય હોવો જોઈએ. હિન્દુ-મુસ્લિમ આ બધી નૌટંકીબાજીમાં પડીશું તો આપણે કશું નહીં કરી શકીએ. એકવાર પાંચ હજાર અને એ પછી દસ હજાર ડૉલર સુધી પહોંચી શકીએ તો આપણે ખરેખર એક વિકસિત દેશ તરીકે આપણી છાપ ઊભી કરી શકીશું. આંદોલન, અહીંયા-તહીંયા જેવી વસ્તુમાં પડીશું તો આપણે કશું નહીં કરી શકીએ. આગળના દસ વર્ષમાં પાંચથી બાર હજારે પહોંચવું જોઈએ. એક સરેરાશ ઈકોનોમીનો આપણે વિચારતા નથી. પાટીદારોનો જીડીપી ગ્રોથ ભારતના જીડીપી ગ્રોથ કરતાં વિશેષ છે. અહીં બેઠેલાં દરેક વ્યક્તિ વિદ્યાર્થી જ છે. હું ખૂબ જ વ્યવહારિક વ્યક્તિ છું. મને બાબા બનવામાં કોઈ રસ નથી. આપણે જીવન કેમ જીવીએ છીએ ? આપણે ખુશ રહેવા માટે જીવીએ છીએ. અહીં જે શબ્દ લખ્યો છે તે જોરથી વાંચવાનો છે. આજકાલ તો ઈમોજીની ભાષા ખૂબ ચાલે છે. અહીં કેટલાં એવા છે કે જે સફળ થવા માંગતા નથી? સફળતાની એક વાત કહું કે હું જેને પણ પૂછીશ તો અલગ અલગ જવાબ આવશે. મારા માટે સફળતા પૈસા હોવા, મારા માટે મારું નામ મોટું થાય એ સફળતા છે, કોઈના માટે સમાજ આગળ વધે એ સફળતા છે, કોઈ પોતાનું વજન ઉતરવાને સફળતા માને છે, કોઈને શાંતિ જોઈએ છીએ. તો કોઈના માટે કોઈ...તો



**આગળના દસ વર્ષમાં પાંચથી બાર હજારે પહોંચવું જોઈએ. એક સરેરાશ ઈકોનોમીનો આપણે વિચારતા નથી. પાટીદારોનો જીડીપી ગ્રોથ ભારતના જીડીપી ગ્રોથ કરતાં વિશેષ છે**

કોઈના માટે કોઈ...આમ સફળતા એ વ્યક્તિએ વ્યક્તિએ સાપેક્ષ છે. દરેકની સફળતાની વ્યાખ્યા અલગ અલગ છે. સફળતા દરેકની અલગ અલગ છે. તેની સરખામણી પણ ના થવી જોઈએ. આપણે અડધી જિંદગી સરખામણીમાં જ વીતાવી દઈએ છીએ. મોટા ભાગના છોકરાઓ આ જ પ્રેશરમાં રહે છે. દરેકની પોતપોતાની વ્યાખ્યા છે. જો તમારે એવોર્ડ જોઈએ છીએ તો

કોઈ વાંધો નથી. ઘણાં એવોર્ડ પાછો પણ આપે છે. મને એવોર્ડ મળ્યો જ નથી એટલે પાછો આપવાનો સવાલ નથી થતો. જો કે લેખક તો મોટા ભાગે ગરીબ જ હોય છે. લેખકમાં પણ લોકોને એવો લાગે છે કે તે લઘર વઘર આવે પણ મારે તો પૈસાદાર લેખક બનવું છે.

ગોલ એટલે લક્ષ્ય. કોઈ પણ હોય પરંતુ જીવનમાં આગળ માટે કોઈ ગોલ હોવો જરૂરી છે. જો આ ગોલ નહીં હોય તો આપણે જઈશું કઈ તરફ. સપનાંમાં અને ગોલમાં ફર્ક છે. સપનાં બધાના હોય છે. એક દિવસ મારે અમીર થવું છે, ઘણાંનું એવું માનવું છે કે ફીટ બનવું છે. એક સારી નોકરી કરવી છે. મારે દેશને આગળ વધારવો છે. આ બધાં સપનાં છે. તમારે શરીરનું વજન ઘટાડવું છે પરંતુ કેટલું ઘટાડવું છે ? ક્યાં સુધીમાં તમારે પાતળા થવું છે. એક મહિનામાં કે એક વર્ષમાં. તમારે પૈસા કમાવવા છે, પણ કેટલાં કમાવવા છે. કેટલા સ્તરે તમારે કામ કરવું છે તે ગોલ છે. ઉપરછલ્લી વાત માત્ર સપનાં છે. સમય પણ અગત્યનો છે. તમારે ક્યાં સુધીમાં સારા પૈસા કમાવવા છે, કેટલાં કમાવવા છે...એક લાખ કે કેટલાં...નંબર નાંખવા જરૂરી છે. આવનારા પાંચ વર્ષમાં મારે આ કરવું છે. જ્યાં સુધી લક્ષ્ય નહીં હોય ત્યાં સુધી તમે સફળ નહીં થાવ.

**લાંબી મહેનત પણ જરૂરી છે. કોઈપણ લક્ષ્યને સાધવા માટે લાંબાગાળાની મહેનત જરૂરી છે. કોઈએ પોતાનો બિઝનેસ લગાવ્યો, કોઈએ પુસ્તક લખ્યું, કોઈ માઉન્ટ એવરેસ્ટ પર ચઢી ગયું. આના માટે લાંબા ગાળાની મહેનત થાય છે.**

લાંબી મહેનત પણ જરૂરી છે. કોઈપણ લક્ષ્યને સાધવા માટે લાંબાગાળાની મહેનત જરૂરી છે. કોઈએ પોતાનો બિઝનેસ લગાવ્યો, કોઈએ પુસ્તક લખ્યું, કોઈ માઉન્ટ એવરેસ્ટ પર ચઢી ગયું. આના માટે લાંબા ગાળાની મહેનત થાય છે. નાની મહેનત આપણે કરી લઈએ છીએ. હું કહીશ કે તમારે તમારો રૂમ સાફ કરવાનો છે. એક કલાક કે બે કલાકમાં કામ પતી ગયું. શાક લઈને આવ્યા એ પણ એક મહેનત છે. પણ તેમાં ઓછી મહેનત લાગે છે. નાની મહેનતના કોઈ વખાણ નથી થતાં. તમે એક કલાક જીમમાં જઈ આવશો પરંતુ એક વર્ષ સુધી તમે એ કામ નહીં કરી શકો. જ્યારે જીવનમાં આપણી હિંમત તૂટી જાય છે ત્યારે આપણે લાંબી મહેનત છોડી દઈએ છીએ. જે લાંબા ગાળાની મહેનત કરે છે તે સફળ થાય છે.

પેઈનનો અર્થ શું થાય ? કષ્ટ, પીડા અને દુઃખ...આપણે આખી જિંદગી દર્દથી ભાગીએ છીએ. ખરું ને ? આપણે આપણી તકલીફોને દૂર કરતાં રહીએ છીએ. આ સારું નથી લાગતું. જ્ઞાનની વાત તો એ છે કે સુખમાં દુઃખ છે અને દુઃખમાં સુખ છે. આ લાગે છે બાબાની વાત. તમને ભણવાની ઈચ્છા નથી થતી, કોણ ભણે ? જીમ કોણ જાય ? તેમાં પણ પેઈન છે. આના કરતાં તો યુ ટ્યુબમાં વીડિયો જોઈ લઈએ. ખૂબ સુખ લીધું અને પછી જોયું તો ટકા ઓછા આવ્યા. તમે જીમ ના ગયા અને તમે ગુલાબ જાંબુ ખાધા તો થોડા મહિના પછી તમે ખુદ ગુલાબજાંબુ જેવા થઈ ગયા. દરેક વસ્તુમાં આવું છે. દરેક સુખ સમય જતાં તે પૂરું થાય છે અને દુઃખમાં પરિવર્તિત થાય જ છે. આ નિયમ છે. આપણે સતત દુઃખથી પીછો છોડાવતા રહીએ છીએ. કોઈ છોકરો ઈચ્છે કે ફલાણી છોકરી મારી ગર્લ ફ્રેન્ડ બની જાય. બની ગઈ અને પછી તેનો ફોન ના આવ્યો તો તે વાત દુઃખ બની ગઈ. લોકો બાળકો પેદા કરે છે. બાળકો મોટા થાય છે અને મા-બાપને પૂછતા પણ નથી ત્યારે તે આનંદ દુઃખમાં પરિવર્તિત થઈ જાય છે. તમે નવું ઘર લો છો અને થોડા દિવસ પછી તેનું ફ્લશ ખરાબ થઈ ગયું. તમે દુઃખી થઈ ગયા. એ જ વસ્તુ આપણને દુઃખ આપી રહી છે જેમાં આપણે સુખની અનુભૂતિ કરતાં હતા. હું એ વાત નથી કરતો જેમાં તમને વાગી ગયું અને લોહી નીકળ્યું. પરંતુ આ મનની સ્થિતિની વાત છે.

હું મહેનતના પેઈનની કે દુખાવાની વાત કરું છું. જીવનમાં કોઈ પ્યોર દુઃખ કે સુખ નથી હોતું. જો તમે સુખ અને દુઃખનો વિચાર કર્યા કરશો તો તમે સફળ નહીં થાઓ. અત્યારે દુઃખનો વિચાર કરીને તેને છોડી દેશો તો તે વ્યાજ સાથે આવશે અને અત્યારે સુખ છોડી દેશો તો પાછળથી વ્યાજ સાથે આવશે. આખી જિંદગી દર્દથી ના ભાગશો. મહેનત કરવાથી દુઃખ થાય છે પરંતુ તેનાથી સુખ મળશે. ડિસ્ટ્રેક્શનની વાત કરીએ. અત્યારે ઈમોજીનો જમાનો છે. આપણને ડિસ્ટ્રેક્ટ કરનારા પરિબળો ઘણાં છે. સતત આપણો સમય બગાડે છે. થોડીવાર ફેસબુક કરી લઉં. થોડીવાર યુ ટ્યૂબ પર ફિલ્મ જોઈ લઉં. આવા વિચારોથી આપણે સતત સમય બગાડ્યા કરીશું તો કેવી રીતે આપણે સફળ થઈ શકીશું. હું એમ નથી કહેતો કે તમે તેનો ઉપયોગ



'દુનિયામાં આટલી બધી છોકરીઓ છે અને તને કોઈ પણ મળી જશે.'

'તેનો કોઈ બીજો મિત્ર બની ગયો...'

તારું દિલ તૂટી ગયું છે...મગજ નથી તૂટ્યું. આટલા સંઘર્ષના સમયમાં તમે આવું કરશો તો શું થશે ? આવું માત્ર છોકરાઓનું જ નહીં. પણ છોકરીઓનું પણ બને છે. કોઈ મોટું તીર નહીં મારી લો. પ્રેમ કરવો હોય તો તમારા લક્ષ્યને પ્રેમ કરો. તમારે બેલેન્સ રાખવું પડશે. તમારે નક્કી કરવું પડશે કે તમારા સંબંધો તમારા જીવનમાં ડિસ્ટ્રેક્શન બની ગયા છે કે નહીં. નિષ્ફળતા એક મોટું દુઃખ છે. સૌથી વધારે પીડાનું નામ જ નિષ્ફળતા છે. એમાં આવું મજનુ પ્રકારનું વર્તન વધુ મુશ્કેલી ઊભી કરે છે. કોઈ એવો સફળ વ્યક્તિ નહીં હોય જેણે

સાવ શૂન્ય કરી દો. એવું કહીશ તો તમે કરશો પણ નહીં. પરંતુ પાંચ કલાક ઓનલાઈન રહેતા હોવ તો બે કલાક રહી શકાય. તો પણ તમારા ત્રણ કલાક મળે છે. જો તમે રોજના ત્રણ કલાક એમ એક વર્ષ નક્કી કરો તો કોઈપણ કામમાં લગાવી દો તો તમે એક કલાકમાં ક્યાંના ક્યાંય પહોંચી જશો. અહીં તો તમે યુ ટ્યૂબમાં ક્યાંય નહીં પહોંચો. યુ ટ્યૂબમાં બાળકોને એટ્રેક્ટ કરવા માટે સાયન્ટિસ્ટ બેસાડવામાં આવ્યા છે. બીજા નંબરનું ડિસ્ટ્રેક્શન છે, પ્રેમ. વિદ્યાર્થી જીવનમાં પ્રેમ એક મોટો અંતરાય બને છે. જે ઉંમરે ભણવાનું હોય ત્યારે જ પ્રેમનો તબક્કો આવે છે. વળી પાછું આ જ ઉંમરે તમારે ભણવામાં પણ ધ્યાન રાખવું પડે છે. બે પ્રકારે લોકો પોતાના લક્ષ્યથી વિમુખ થઈ જાય છે. એક તો પ્રેમ થઈ જાય છે અને પછી બ્રેક અપનું દુઃખ સહન કરે છે. મારી પાસે ઘણાં સ્ટુડન્ટ આવે છે અને કહે છે કે સર મારું ભણવામાં ધ્યાન નથી રહેતું. તે મને છોડીને જતી રહી. એટલે પૂછું કે, 'શું થઈ ગયું ?' 'તેનામાં કંઈ વિશેષ હતું.'

નિષ્ફળતાનો સ્વાદ ના ચાખ્યો હોય. નિષ્ફળતામાં તમે જ્યારે પીડાતા હોવ છો ત્યારે લોકોને પણ તેનો ખ્યાલ આવી જાય છે. લોકો શું કહેશે ? તેનો ડર આપણે વિશેષ છે. આ વખતે આપણે વર્લ્ડ કપ હારી ગયા. એ વખતે તો વિરાટ કોહલીને ખરાબ લાગ્યું હશે. તેને એ દિવસે નિષ્ફળતાની ફિલિંગ પણ આવી જ હશે. પણ આપણે તેને ક્રિકેટ છોડી દેવાનું કહીએ છીએ ? મોટામાં મોટા વૈજ્ઞાનિક નિષ્ફળ ગયા છે. ચંદ્રયાનમાં કંઈક આવું જ થયું. સમગ્ર ભારતની સામે થયું હતું. ચારેય બાજુ કેમેરા લાગી ગયા હતા અને તાળીઓનો ગડગડાટ થવાની તૈયારી હતી અને નિષ્ફળતા મળી. નિષ્ફળતાની ટ્રેનમાં ઘણાં સ્ટેશન આવશે. નિષ્ફળતા એક, નિષ્ફળતા બે, નિષ્ફળતા ત્રણ...આ બધા સ્ટેશનો ઘણાં ખરાબ છે. લોકો તમારા પર ટામેટા ફેંકશે. પણ તમે ડગતા નહીં. આ બધા માટે કોઈ મોટા જીનિયસ બનવાની જરૂર નથી. ખાસ તો ડિસ્ટ્રક્ટ કે વિમુખ ના થશો. આભાર...

# સરદાર સાહેબની પ્રતિમા જોઈને હું ખૂબ ભાવુક બની ગયો

## મુકેશ પટેલ



ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૦માં ૨૦/૨૦ જેવું વાતાવરણ ઊભું થયું છે. ગઈકાલે જે સરદાર સાહેબની પ્રતિમાનું ઉદ્ઘાટન થયું અને તેના કારણે સરદાર પટેલ રિંગરોડને એક અનોખી ઓળખ આપી છે. મારા ઘણાં બધા યુવાન મિત્રો છે. સમસ્ત ભારત અને વિશ્વમાંથી પાટીદારો પધાર્યા છે. સરદાર સાહેબની પ્રતિમા સમક્ષ ઊભા રહીને એક ક્ષણ તો મને એવું થયું કે પાટીદાર વિશેનો એક શેર મને સ્ફૂર્યો અને મેં ઊભા ઊભા લખ્યો તે હું ગગજીભાઈ અને સમિટને સમર્પિત કરું છે. હું મેં પાટીદાર સરદાર કા વારસદાર, ખુદ્દાર જરૂર મગર ફીર ભી દિલદાર રહેતા મેં રુઆબદાર જીતા હું ચમકદાર નામ મેરા પાટીદાર ઔર કામ મેરા શાનદાર મિત્રો, માત્ર પાટીદાર હોય ત્યારે હૈયું ઊભરાતું હતું અને દીકરી સ્વાવલંબન યોજનમાં ધોધ વહેતો હોય તેમ દાન મળ્યા છે. જ્યારે સરદારધામની સાથે એક સૂત્ર જોડ્યું છે તે પણ સમસ્ત પાટીદારોની એક્તાનું ધામ. જેમણે આખા દેશને એક કર્યો એવા પાટીદાર સમાજના શેરની કિંમત પચીસ લાખની પડી શકે એટલે હવે શેર સંભળાવતા જરા ધ્યાન રાખજો. ગગજીભાઈને કોઈ પહોંચે નહીં પણ તેમના માટેનો પ્રેમ અને આદર મને હંમેશાં રહેશે. મિત્રો, નાણાંકીય આયોજન એ મારો વિષય છે, પણ એની સાથેની વીંટળાયેલી અનેક વાતો પણ મને કરવી ગમશે. સૌ પ્રથમ આપણે જ્યારે સરદારશ્રીને યાદ કરીએ ત્યારે મારા યુવાકાળમાં મને સરદાર સાહેબની વાત સાંભળેલી જે હું તમને કહીશ, વલ્લભભાઈના બાળપણની વાત. વલ્લભભાઈ જ્યારે કરમસદની શાળામાં હતા ત્યારે એક દિવસ તેમના શિક્ષકે તેમને કહ્યું કે તમે મોટા થઈને શું બનવા માંગો છો ? એકે કહ્યં હું શિવાજી બનીશ. એકે કહ્યું હું ઝાંસીની રાણી બનીશ. આવામાં નાનકડાં વલ્લભે કહ્યું, દ્ધહું મોટો થઈને વલ્લભભાઈ પટેલ બનીશ.શ આમ આવા સરદાર સાહેબના ગુણો આપણે વિકસિત કરીએ અને સમાજને સમાજ વિકાસથી રાષ્ટ્ર વિકાસના કાર્યમાં આગળ લાવવામાં મદદરૂપ થઈએ. જય સરદાર જય હિંદ.

**મેં પાટીદાર સરદાર કા વારસદાર, ખુદ્દાર જરૂર મગર ફીર ભી દિલદાર રહેતા મેં રુઆબદાર જીતા હું ચમકદાર નામ મેરા પાટીદાર ઔર કામ મેરા શાનદારમિત્રો**



# અસરકારક બ્રાંડ બિલ્ડિંગ






ચિંતન પટેલ



ચિરંજીવી પટેલ




તમારા બ્રાંડને ઓળખ આપવી મહત્વપૂર્ણ છે. ઉપભોક્તાઓને તમારા બ્રાન્ડને સંપૂર્ણ રૂપે જોવા અને અનુભવવા દો. તમારી બ્રાંડમાં કંઈક એવું જુએ કે જે ગ્રાહક તેમની પસંદીદા કાર, સેલફોન અથવા કમ્પ્યુટર્સ સાથે તેઓ સરખાવીને તેના જેટલું ઓળખવા માંગે છે. બ્રાન્ડ બિલ્ડિંગ એ વ્યક્તિગત અને વ્યવસાયિક વિકાસનું એક અભિન્ન પાસું છે. તે ફક્ત કોઈ બ્રાન્ડનો અવાજ અને ગ્રાહક જાગૃતિ વધે છે, પરંતુ તે તેને એક ઓળખ અને મૂલ્ય પણ આપે છે. સહભાગી અને ઇન્ટરેક્ટિવ પ્લેટફોર્મ્સના આગમનથી ઘણા વ્યવસાયોને બ્રાન્ડ જાગૃતિ અને ઇક્વિટી વધારવાની તક મળી છે. જો તમે કોઈ વ્યક્તિગત અથવા વ્યવસાયિક બ્રાન્ડ બનાવવાનું વિચારી રહ્યા છો, તો તમારા માટે તે જાણવું મહત્વપૂર્ણ છે કે બ્રાન્ડ બિલ્ડિંગ એ સમય અને સંસાધનોમાં મોટો વ્યવહાર લે છે. બ્રાન્ડ બિલ્ડીંગ માટે શ્રી જક્ષય શાહ, ચિરંજીવી પટેલ, પારસ પટેલ અને શ્રી ચિંતન પટેલના વિચારોથી જાણકારી મેળવીએ.

## જક્ષય શાહ




આપ સૌને ગુડ આફટરનૂન, મને અહીં બોલાવવા બદલ હું આપનો આભારી છું. મારું સૌભાગ્ય છે કે મને પત્થરમાંથી પાણી કાઢી શકે એવા ખડતલ સમાજના અગ્રણીઓ વચ્ચે બોલવાનો મોકો મળ્યો છે. રસ્તામાં આવતા આવતા વિચારી રહ્યો હતો કે શું બોલું ? ખરેખર જોઉં તો સાચા અર્થમાં બ્રાંડ તો પાટીદાર સમાજે બનાવી છે. હું તમારી હીસ્ટ્રીમાંથી જ શોધતા શોધતા આ વિષય પર પહોંચ્યો છું. આપના સમાજ અને આપના જ વિશે બોલીશ. મને મારા અપબ્રિંગિંગ વિશે પણ કહેવાનું છે. ૯૦૦ એકરનો એક પ્રોજેક્ટ કેન્સ વિલે ગોલ્ફ કોર્સ જે બાવળા પાસે છે, જ્યારે હાઈવે પર શપથ સિરિઝ અને સેવી સ્વરાજ ટાઉનશીપ તમે બધાએ જોઈ હશે. હું પોતે ક્રેડાઈ નેશનલમાં ચેરમેન છું અને લગભગ વીસ હજાર જેટલાં ડેવલપર્સ તેમાં સભ્ય છે. આપ સૌમાંથી પણ ઘણાં મિત્રો તેમાં જોડાયેલા છે અને ભારતના ૨૦૭ શહેરોમાં અમે કામ કરી રહ્યા છીએ. મારો જન્મ અમદાવાદમાં થયો હતો અને શાળા અભ્યાસ સેન્ટ ઝેવિયર્સમાં કર્યો. મારા પિતા અને દાદા મહેસાણાથી અમદાવાદ આવ્યા. મારું મોસાળ પણ ખેરવા. એ જમાનામાં એ કપડું લઈને આવે અને શાકભાજી લઈને જાય. એટલે એ જમાનામાં બાર્ટર સિસ્ટમ હતી. એ જમાનામાં એ સ્ટ્રીટ લાઈટમાં ભણ્યા અને બીએસસી કર્યું અને મારી વાત કરું તો હું બાયોલોજીમાં સેકન્ડ હાઈએસ્ટ હતો. એ વખતે મેં એન્જિનિયરિંગમાં જવાની ઈચ્છા વ્યક્ત કરી. બાયોલોજીમાં સેકન્ડ હાઈએસ્ટ હોવા છતાં પણ મેં સિવિલ એન્જિનિયરિંગમાં જવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે મને પૂછવામાં આવ્યું કે તારે ઘરમાં કોઈ સિવિલ એન્જિનિયરિંગ સાથે સંકળાયેલું છે ખરું ? ત્યારે મેં મારા ફાધરને ફોન કર્યો અને વસાણી સાહેબે કીધું હતું કે તમારો દીકરો ખાડામાં પડી રહ્યો છે. કારણ કે એ વખતે મને મેડિકલમાં એડમિશન મળી રહ્યું હતું અને પરિવારની પણ એવી જ ઈચ્છા હતી કે એક વ્યક્તિ ઘરમાંથી મેડિકલ ફિલ્ડમાં જાય. પણ મારી ઈચ્છા સિવિલ એન્જિનિયરિંગની હતી. દરેક તક જવાબદારી સાથે આવે છે. દરેક સત્તા પણ સાથે કેટલીક વિશ્વસનિયતા સાથે આવે છે. મને એટલી

**બિઝનેસમાં ઓપનનેસ જરૂરી છે. બિઝનેસ કેવી રીતે સ્ટાર્ટ થાય છે. પૈસા... ઈચ્છાશક્તિ... હિંમત...હું કહું છું કે બિઝનેસ શરૂ કરવા માટે આઈડિયા જોઈએ. આપણે ઊંધી બાજુ જઈએ છીએ. આ બધું જરૂરી છે તેને કહીશ કે બિઝનેસ એક આઈડિયાથી નક્કી થાય છે. તમે નક્કી કરો કે આ કરવું છે તેને ફોલો કરો. તમારામાં જીન્સ તો છે પણ પછી મહેનત અને પેશન જોઈશે.**

ખબર પડી કે મારે મારી જાતે જ ઊભા થવાનું છે. ત્રણ વર્ષ એન્જિનિયરિંગ હોય અને પછી નોકરી માટે તૈયાર રહેવાનું છે. ત્રીજા વરસથી જ નાની નાની સાઈટો હું જોવા જતો. બિઝનેસમાં ઓપનનેસ જરૂરી છે. બિઝનેસ કેવી રીતે સ્ટાર્ટ થાય છે. પૈસા... ઈચ્છાશક્તિ... હિંમત... હું કહું છું કે બિઝનેસ શરૂ કરવા માટે આઈડિયા જોઈએ. આપણે ઊંધી બાજુ જઈએ છીએ. આ

બધું જરૂરી છે તેને કહીશ કે બિઝનેસ એક આઈડિયાથી નક્કી થાય છે. તમે નક્કી કરો કે આ કરવું છે તેને ફોલો કરો. તમારામાં જીન્સ તો છે પણ પછી મહેનત અને પેશન જોઈશે. સેકન્ડ જનરેશન હોય કે ફર્સ્ટ જનરેશન....જોય ઓફ વર્કિંગને માણે છે. આજની પેઢીમાં એક વસ્તુ દેખાય છે કે નવી પેઢીમાં ના પાડવાની હિંમત છે. ત્રણ વર્ષ જોબ કરી. સાતસો રૂપિયા પગાર હતો અને છેલ્લે છોડી ત્યારે ૧૪૦૦ રૂપિયા પગાર હતો. મારો ટ્રેક રેકોર્ડ એટલો ખરાબ હતો કે પરિવારમાંથી એ જમાનામાં સો શેર લીધા. સીધી પ્રાઈઝ ઘટી ગઈ. પછી સ્થિતિ બગડી. દાદા પાસે ચાળીસ હજાર માંગવા ગયો. સાંજે એક મોંઘી હોટલમાં જમવા ગયા. મારા દાદા સાથે ફેઈલ્યોર સેલિબ્રેટ કરી. પરપઝ વગરની બ્રાંડનો કોઈ મતલબ નથી. તમને નશો હોવો જોઈએ કે મારે કેટલાં લોકોને રોજી રોટી આપવાની છે. બિઝનેસ વિથ પરપઝ એ બ્રાંડ છે. પર્સનલ લાઈફ વીથ પરપઝ ઈઝ ઈમ્પોર્ટન્ટ. આટલા ફાસ્ટ જમાનામાં આપણે એક જ વસ્તુ શીખવાની છે. અભણ એ છે જેને રીલર્ન કે અનલર્ન કરતા નથી આવડતું. અનલર્ન અને રીલર્ન અગત્યનું છે. ગ્રાહક જ્યારે ફરિયાદ કરવા આવે છે ત્યારે એક તક સાથે આવે છે. ઘણીવાર અમારા વ્યવસાયમાં પઝેશન આપી દીધા પછી કસ્ટમર એક ટીપ ટોપ ફ્લેટમાં કોઈ નુકસાન કરીને આવે અને અમને ફરીયાદ કરે કે આ વસ્તુ તો તૂટી ગઈ છે. છતાં હંમેશા અમે ખર્ચો કરતાં અચકાતાં નહીં. કારણ એટલું જ હતું કે એક કરોડના ફ્લેટમાં કદાચ ગ્રાહક પોતે પણ નુકસાન કરીને આપણી પાસે આવે અને આપણે બધાં જ નુકસાનનો સરવાળો મારીએ તો પણ પચીસ-ત્રીસ હજાર રૂપિયા થતાં હોય છે. આવા સમયે આપણી ગુડવીલ વધુ ઉપયોગી બને છે. જે સાચા અર્થમાં બ્રાંડ વેલ્યૂ ક્રિએટ કરે છે. એક સારી છાપ લઈને જ્યારે ગ્રાહક માર્કેટમાં જાય છે ત્યારે અનેક લોકોના મોઢે આપણી બ્રાંડ વિશે વાત કરે છે તે જ સાચી બ્રાંડ વેલ્યૂ છે. કસ્ટમરની સંધી છૂટી પાડો તો કસ્ટ અને મર એટલે તેનું કસ્ટ આપણે મારવાનું છે. હું ત્રણસો પાંસઠ દિવસ મોબાઈલ રાખું છું. એટલી જ તકેદારી હું મારા ગ્રાહકની રાખું છું અને તત્પર રહું છું. આટલી સ્પષ્ટતા, આટલી ડિસિપ્લિન હશે તો તમારી બ્રાંડ બનવાની જ છે. બિઝનેસ દરિયો છે. ઓપનનેસ હોવી જોઈએ. કેવી રીતે સારી રીતે નિષ્ફળ જવું તેવું મનમાં રાખશો તો તમારે ક્યારેય પાછા નહીં પડવું પડે. જય ભારત...જય હિંદ...



# ચિરંજીવી પટેલ



આ સમિટમાં મને આ પ્લેટફોર્મ પર બોલાવવા માટે હું તમામ ટ્રસ્ટીઓ અને સૌ શ્રોતાઓનો આભાર માનું છું. મારો એક સવાલ એ છે કે અસરકારક બ્રાંડિગ માટે મને બાર મિનિટ બોલવા માટે કહ્યું છે પણ નટુકાકા, ગગજીકાકા, જ્યંતિકાકા જ બ્રાંડ બિલ્ડિંગ માટે કાફી છે. આપણે આ સ્કેલની સમિટ કરીને એક પ્લેટફોર્મ બનાવીશું તેવું મને નોતું લાગતું પરંતુ આજે આ સપનું સાચું ઠરતું લાગે છે. બ્રાંડિંગ આજના જમાનાનો ખૂબ જ અગત્યનો વિષય થઈ ગયો છે. હું કન્સ્ટ્રકશન કોન્ટ્રાક્ટિંગના બિઝનેસમાં છું અને હું થર્ડ જનરેશન એન્ટરપ્રેન્યોર છું. હું કોઈ બ્રાંડિગના બિઝનેસમાં નથી. જુન ૨૬ ૨૦૧૯માં વિક્રમ સારાભાઈ પછી જ્યારે યુનાઈટેડ નેશન્સમાં મારું વક્તવ્ય આપ્યું હતું ત્યારે મને ગર્વ હતો કે હું આ પાટીદાર સમાજને રિપ્રેઝન્ટ કરી રહ્યો છું. ઈન્ટરનેશનલી જીપીબીએસનું આયોજન થાય એવી આશા રાખીએ જેમાં વર્લ્ડ લીડર ભાગ લે. આપણે આપણાં બિઝનેસનું પણ બ્રાંડિગ કરવું પડે. બધા બોલે છે પરંતુ જ્યારે ઈમ્પ્લિમેન્ટ કરવાનું આવે ત્યારે આપણે બેઝિક વસ્તુઓ ભૂલી જઈએ છીએ. જો તમારામાં વિઝન ક્લિઅર ના હોય તો લેવલ પકડાતું નથી. સરદારધામ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૦થી શ્રેષ્ઠ ઉદાહરણ બ્રાંડિંગનું કોઈ નથી. આ સમિટ માટે વિઝન ક્લિઅર હતું. ત્રીજી સમિટ સુરતમાં છે અને ચોથી રાજકોટ અને દસમી ન્યુયોર્કમાં કરીશું. દરેક જણ પાસે એની સ્ટોરી કહેવા માટે સમય છે. હું જ્યારે બારમામાં નાપાસ થયો ત્યારે ઘરમાં બહુ મોટું પ્રેશર હતું. તમારી સ્ટોરી લાઈન ખૂબ જ અગત્યની છે. વિશ્વાસ પણ ખૂબ જ અગત્યનો છે. તમારા બોલવા પર કેટલો વિશ્વાસ મુકવો તે જરૂરી છે. આપણે બ્રાંડની વાત કરીએ ત્યારે તમારી સામે એક એડના અનેક આયામ હોય છે. એક કસ્ટમર તમારી ઘણી બધી વસ્તુઓ તેના નોલેજ પ્રમાણે માર્ક કરે છે. બ્રાંડિગના ૩૬૦ ડિગ્રી ખૂબ જ અગત્યના છે. મોડું થાય કે ધીમે થાય કે પછી નિષ્ફળતા આવે છતાં તમારા ડેડિકેશનમાં કે તમારા કમિટમેન્ટમાં એક ઈંચની ભૂલ ના થાય. ગમે તેટલું નુકસાન જતું હોય છતાં પણ કમિટમેન્ટને વળગી રહેલા માણસ એ બ્રાંડનું મહત્ત્વ આપે છે. લેગસી પણ એક લાંબા ટ્રસ્ટની બ્રાંડનું મહત્ત્વ આપે છે. તમારી વાતમાં એટલો દમ હોવો જોઈએ કે તમારા ભવિષ્યમાં તમારે એક વિશ્વાસ મૂકવાનો છે કે આગામી સમયમાં તમારી બ્રાંડ ક્યાં હશે. તમારી લેગસી સ્ટ્રોંગ હશે પરંતુ ફ્યૂચરમાં દમ નહીં હોય તો બ્રાંડ નબળી પડશે. ઓનલાઈન મળતી એવી ઘણી વસ્તુઓ છે કે તેમાં બ્રાંડિંગ નથી. અને એવી ઘણી બધી વસ્તુઓ છે જેના માટે આપણે તેના ઘરે જઈને તે બ્રાંડ લઈ આવીએ છીએ. આ લાંબાગાળાની વિશ્વસનીયતા બ્રાંડિંગમાં અગત્યની છે. એવી કેટલીય મહિલાઓ છે કે જેની એક સારી પ્રોડક્ટ હોય જેના માટે લોકો તેમના ઘરે જઈને તે બ્રાંડ લાવવાનું પસંદ કરે છે. કારણ કે તેમાં ઓથેન્ટિસિટી છે વિશ્વસનિયતા છે. કોઈ એવું માનતું હોય કે વિશ્વસનીયતા વિના માત્ર રૂપિયા નાંખવાથી બ્રાંડ બની જશે તો તે ખોટું છે. ૩૬૦ ડિગ્રીનું બ્રાંડિગ એ કોઈપણ કંપની માટે ખૂબ જ ઉપયોગી છે. ખાસ તો એ છે કે દરેક કંપનીના ટોર્ચ બેરર્સ એટલે કે તેના પ્રણેતાઓ પર પણ તે બ્રાંડનો આધાર છે. જેમ કે જીપીબીએસ એક એવું પ્લેટફોર્મ છે, જેમાં તેમના ટોર્ચ બેરર પર લોકોને વિશ્વાસ હતો એ પ્રમાણે જ સમગ્ર સમિટ થયું. આપણે બધા જ સૌ પાસેથી શીખીને સમાજને આપીએ. અહીં બેઠેલા સૌનો સમય ખૂબ જ મૂલ્યવાન છે. આપણે તેનો સદુપયોગ કરીએ એ જ સૌથી મોટી બ્રાંડ બિલ્ડિંગ છે.

## પારસ પટેલ



૨૦૧૮માં જે જીપીબીએસની સમિટ થઈ તે વખતે જીપીબીએસની સફળતા પાછળ ૫૧ ટકા ભાગ પ્રવેગનો હતો. પરંતુ આ વખતે જે સ્કેલ પર આપણે આયોજન કરી શક્યા છીએ તેની સફળતાની ચર્ચા તો ઈવેન્ટ પતશે ત્યારે થશે ત્યારે જે સ્કેલ પર આપણે કરી શકયા છીએ તેનો ૫૧ ટકા યશ હું શ્રી ગગજીભાઈને અર્પણ કરું છું. દિવસ-રાત ખૂબ મહેનત કરી છે. બ્રાંડ બિલ્ડિંગ પર બોલવાનું હતું ત્યારે મેં કેટલાંક યુવાનો સાથે વાત કરી. તમને શું સાંભળવું ગમે ? હું શું બોલું ? તેમણે કહ્યું કે અમારે મોટિવેશનલ સ્પીચ નથી સાંભળવી. મોટિવેશનલ સ્પીચ એક અફીણ જેવું કામ કરે છે. એક દિવસ મજા આવે છે પણ બીજા દિવસે એવાને એવા. એવી વાત કરો કે અમને કંઈક શીખવા મળે અને અમારો ગ્રોથ થઈ શકે. છેલ્લા વીસેક વર્ષથી અમે પ્રવેગમાં જ માસ કોમ્યુનિકેશન અને એડવર્ટાઈઝિંગ ક્ષેત્રે કામ કરીએ છીએ. આ બ્રાંડ બિલ્ડિંગ ખૂબ ગહન વિષય છે. એના પર ઘણાં પુસ્તકો લખાયા છે. ટેકનિકાલિટીઝ ઘણી છે. એમાં ઘણીવાર ફિઝિક્સ જેવું દેખાય છે. એને સરળ કરીને સમજાવવાનો હું આપને નમ્ર પ્રયાસ કરીશ. મિત્રો, બ્રાંડ બિલ્ડિંગમાં મારી દ્રષ્ટિએ બે પ્રકારના સી અગત્યના છે. એક તો કમિટમેન્ટ. જ્યારે આપણે કંઈક વેચીએ છીએ ત્યારે આપણે બ્રાંડ સાથે વચન આપીએ છીએ. એ વખતે જો કોઈ કચાસ રહી જાય ત્યારે મોટી તકલીફ પડે છે. આપણે વચનનું પાલન કરવું જોઈએ. એક કામ આવે અને એ કામ અઠવાડિયાનું હોય. અમે તેમને ત્રણ-ચાર દિવસમાં પૂરું થઈ જશે. આવું કહેવાથી આ કામ બગડે છે. આપણે વગર કારણે વગર સ્વાર્થે આવા કમિટમેન્ટ કરવા ટેવાઈ ગયા છીએ. ટાઈમ ફ્રેમ અને ક્વૉલિટી થકી સાચા કમિટમેન્ટ કરીએ તો બ્રાંડ બિલ્ડિંગની અડધી લડાઈ આપણે જીતી જઈએ. વિદેશમાં અમને અનેક વાર સાંભળવા મળ્યું છે કે તમે ઈન્ડિયન્સ એટલે ઓવર કમિટમેન્ટ અને અંડરક્વોલિટી ડિલિવરી. આપણાં કમિટમેન્ટ આપણે હંમેશા સાચા આપીએ. બીજો સી એટલે કોમ્યુનિકેશન. કોમ્યુનિકેશન ઘણું બ્રોડર ટર્મ છે. તેના ઘણાં સ્ટેજીસ છે. કોમ્યુનિકેશનના સ્ટેજનું સૌથી

**બે પ્રકારના સી અગત્યના છે. એક તો કમિટમેન્ટ. જ્યારે આપણે કંઈક વેચીએ છીએ ત્યારે આપણે બ્રાંડ સાથે વચન આપીએ છીએ. ટાઈમ ફ્રેમ અને ક્વૉલિટી થકી સાચા કમિટમેન્ટ કરીએ તો બ્રાંડ બિલ્ડિંગની અડધી લડાઈ આપણે જીતી જઈએ. બીજો સી એટલે કોમ્યુનિકેશન. કોમ્યુનિકેશન ઘણું બ્રોડર ટર્મ છે. તેના ઘણાં સ્ટેજીસ છે. કોમ્યુનિકેશનના સ્ટેજનું સૌથી પહેલું સ્ટેજ છે આપણો લોગો જે પ્રથમ આઈડેન્ટિટી છે.**

પહેલું સ્ટેજ છે આપણો લોગો. આ લોગો એ બ્રાંડની પ્રથમ આઈડેન્ટિટી છે. મિત્રો અહીં બે લોગો જોઈ શકશો. એક લોગો ગોલ્ડન છે અને જમણી બાજુ જે લોગો છે એ બીજો લોગો છે. આપને આમાંથી વધારે અપિલિંગ કયો લાગે છે. લોગો ડિઝાઈનની એક ટર્મિનોલોજી છે. લોગો ડિઝાઈન પણ એક વિશાળ ફિલ્ડ છે. કોઈ ડિઝાઈનર લઈને આવ્યો હોય ત્યારે

આપણે તેની સાથે છેડછાડ કરીએ છીએ. આપણે આ જે લોગો ડિઝાઈન છે તેને બીજું સરસ ઉદાહરણ આપું. દુનિયામાં સૌથી વધુ પોપ્યુલર લોગો કયો. ગૂગલ નહીં પણ કોકાકોલા. દુનિયાની જે એક હજાર ટોપ કંપની છે તેમાંથી સાઈઠ ટકા કંપનીઓએ પોતાના કલરમાં બ્લ્યુ કલર વાપર્યો છે. આ લોગોની વાત કરી. જીપીબીએસમાં લગભગ ચાળીસ જેટલાં સ્પોન્સર આપણી સાથે જોડાયેલા છે. આ ચાલીસેય લોગો એક જ સાઈઝના છે અને તેમાંથી જોજો કે તમને ક્યા લોગો આકર્ષે છે. જે આકર્ષે છે તેમાં તેમણે એક્સપર્ટને રોક્યા છે. આપણાં ગ્રાહકમાં પચાસ ટકા લોગો એવરેજ કરતાં પણ ઓછા ડિઝાઈન થયેલા છે. કોમ્યુનિકેશનની બીજી વાત છે તેનું મીડિયમ. આપણે સૌ જાણીએ છીએ કે આપણી પ્રોડક્ટ કેવી રીતે ગ્રાહક સુધી પહોંચે છે. તે છે મીડિયમ. પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા લાંબી ચર્ચાનો વિષય છે. ભારતમાં પચાસ ટકા બ્રાંડ છે જેમાં એક્સ લોકો સુધી પહોંચવું હોય તો સો રૂપિયા, ટીવીમાં ચાળીસ રૂપિયા અને સોશિયલ મીડિયા કે ઓનલાઈન મીડિયામાં માત્ર બાર રૂપિયામાં અનેક લોકો સુધી પહોંચી શકાય છે. આપણે એક્સપર્ટને ઈન્વોલ્વ કરવા પડે. આપણે કન્ટેન્ટ પાછળ પૈસા ખર્ચવામાં કંજુસાઈ કરીએ છીએ. કન્ટેન્ટમાં પૈસા ખર્ચો. કેવી રીતે કોમ્યુનિકેશન કરવા માંગીએ છીએ. આપણી પાસે એક બજેટ અલગ રાખવું પડે. આપણે ઘણીવાર મોટા મોટા બજેટની જાહેરાતો જાતે ડિઝાઈન કરીએ છીએ અને એજન્સીને કોઈ ફ્રીડમ આપતા નથી અને તેના કારણે સારામાં સારા કેમ્પેઈન ટીચાઈ જતાં હોય છે.

અને છેલ્લે એક વાત છે...ઈનોવેશન...ઈનોવેશન ખૂબ જરૂરી છે. અલીબાબા નામની એક કંપની છે. આ મોટી કંપનીએ દસ એક્સપર્ટ રાખ્યા છે જેમને આખો દિવસ કેબિનમાં બેસી રહેવાનુ અને કંઈ જ નહીં કરવાનું અને માત્ર બેસી રહે અને પગાર લે છે. આ લોકો ઘણાં મોટા લોકો છે અને તેઓ માત્ર કંપનીના ગ્રોથ વિષે સજેશન આપે છે. જે મોટી કંપનીઓ છે તે આ લાઈન પર એફર્ડ કરી શકતી હોય તો આપણે ગુજરાતના મોટા પ્લેયર્સના બદલે વર્લ્ડ પ્લેયર્સ બની શકીએ.



## ચિંતન પટેલ




સૌ પ્રથમ આપ સૌ ટીમ સરદારધામ અને ટ્રસ્ટી શ્રીઓનો આભારી છું. બ્રાંડ એ નથી કે આપણે શું કહેવા માંગીએ છીએ. પણ બ્રાંડ એ છે કે લોકો શું જુએ છે. આ ટોટલી ડિફરન્ટ પરસેપ્શન છે. આપણે એવું ઈચ્છતા હોઈએ છીએ કે લોકો વધુને વધુ આપણી બ્રાંડ વિશે જાણે અને ઓળખે. બ્રાંડ બિલ્ડિંગ પાછળનો આપણો ગોલ શું છે. એ અગત્યનું છે. આપણું ટાર્ગેટ ઓડિયન્સ કોણ છે એ સૌથી વધુ ક્રિટિકલ છે. આપણે એવું સમજીએ છીએ કે જેટલાં છે એટલા મારા કસ્ટમર બનવા જોઈએ. પણ એ વસ્તુ શક્ય નથી.

તમારા બિઝનેસ માટે ત્રણ વસ્તુ છે. અવેબિલિટી, વિઝિબિલિટી અને વેલ્યુ ફોર મની. વેલ્યૂ ફોર મની એટલે સસ્તું નથી.

આપણા ગોપાલભાઈ ગીર ગૌશાળા થકી એક સોશિયલ મિશન ચલાવી રહ્યા છે. ગોપાલભાઈ એકસો વીસ કે એકસો ત્રીસ રૂપિયે દૂધ વેચે છે. મલ્ટિનેશનલ કંપની પચાસ રૂપિયે વેચે છે. તમે કેવી રીતે વેલ્યૂ ફોર મનીને જસ્ટીફાય કરો. આજે ગોપાલભાઈનું ૧૦૦ ટકા ગીર ગાયનું દૂધ છે. જેમાં પ્યોરીટી છે. તે દૂધ નથી વેચતા પણ તેઓ વિશ્વાસ વેચે છે. મને આ વસ્તુની ખબર પડી ત્યારે મારી ત્રણ વર્ષની દીકરી માટે મેં બંસી ગીર ગૌશાળામાંથી દૂધ મંગાવવાનું ચાલુ કર્યું.

અમે ત્યાં જઈને જોયું તો અમે ખૂબ જ પ્રભાવિત થયા અને સેલિંગ પોઈન્ટ કોઈ રહ્યો જ નહોતો. બંસી ગૌશાળાની આજ સુધી કોઈ એડવર્ટાઈઝ નથી જોઈ. ગ્રાહકે તેમની પ્રોડક્ટને શેર કરી છે.

આજની તારીખે કસ્ટમર સૌથી મોટો બ્રાંડ ડ્રાઈવર છે. બીજું જે પહેલાં પણ વાત કરી કે વિશ્વાસથી મોટું કશું નથી. આજે આપણને બધાને ઓવરનાઈટ સક્સેસ જોઈએ છે.

સૌથી મોટી વસ્તુ તમારું કમિટમેન્ટ છે. તમારું કમિટમેન્ટ પ્રાથમિક્તા છે. આજે સૌથી મોટી મોટી આઈપીઓ કંપનીઓ છે.

**તમારા બિઝનેસ માટે ત્રણ વસ્તુ છે. અવેબિલિટી, વિઝિબિલિટી અને વેલ્યુ ફોર મની. વેલ્યૂ ફોર મની એટલે સસ્તું નથી. આપણા ગોપાલભાઈ ગીર ગૌશાળા થકી એક સોશ્યલ મિશન ચલાવી રહ્યા છે. ગોપાલભાઈ એકસો વીસ કે એકસો ત્રીસ રૂપિયે દૂધ વેચે છે. મલ્ટિનેશનલ કંપની પચાસ રૂપિયે વેચે છે. તમે કેવી રીતે વેલ્યૂ ફોર મનીને જસ્ટીફાય કરો**

એક જ રાતમાં બ્રાંડ બની જતી નથી. દરેક બ્રાંડને બનવામાં સમય લાગે છે. કોઈપણ યંગ એન્ટરપ્રિન્યોર હોય તેના માટે કોઈ શોર્ટ કટ નથી.

જ્યારે આપણાં દેશમાં રાઈટ પોપ્યુલેશન ટાર્ગેટ કરશો તો તમને ચોક્કસ સફળતા મળશે.

જ્યારે સરદારધામ દ્વારા આટલું મોટું બેનર મળે છે એટલે એક સારું પુશ મળ્યું છે. ■

# ઉદ્યોગ ગૃહોનું સમાજ પ્રત્યેનું પ્રદાન

## પદ્મશ્રી મથુરભાઈ સવાણી



**વિદેશના યુવાનો સાથે વિમર્શ કરતાં એક વાત એ જાણવા મળી છે કે પશ્ચિમમાં ભલે વિજ્ઞાનનો ફેલાવો થયો હોય પરંતુ ત્યાંનો યુવાન બાહ્ય ભારણથી મુક્ત છે. વ્યક્તિની બેઝિક જરૂરિયાતો મકાન, ભણતર, પરિવાર અને પ્રવાસ છે. પરંતુ આ સિવાયના અનેક ખર્ચાઓ છે. જેના કારણે આપણાં યુવાનોને ભારણ આવે છે. આજે હજારો લાખો કરોડોની સંખ્યામાં યુવાનો થનગની રહ્યા છે, તેમના માટે વિચારવાની જરૂર છે. આપણાં પૂર્વજોએ જે નિયમો બનાવ્યા હતા તે સમજી વિચારીને બનાવ્યા હતા. એક દીકરીના લગ્ન થઈને તે સાસરે જાય અને પ્રથમ પ્રસૂતિ પછી તેને વીસ કિલો લાડવા એટલે આપવામાં આવતા જેથી તેને પૌષ્ટિક ખોરાક મળી રહે. પરંતુ આજે એજ પ્રથાને લાંબી કરીને પાંચ હજાર અને દસ હજાર માણસો સુધી વિસ્તારીને એક સામાજિક ભારણ ઊભું કરવામાં આવ્યું છે. આનો કોઈની પાસે જવાબ નથી.**

અત્રે ઉપસ્થિત મહાનુભાવો. ઘણાં લાંબા સમયથી સરદારધામ જેવી સંસ્થાની એક જરૂરિયાત હતી. વળી ગુજરાતના તમામ ખૂણાના ૩૦૩ ટ્રસ્ટીઓએ મળીને આ સંસ્થાનું નિર્માણ કર્યું છે. આવા સુંદર અવસર માટે શ્રી ગગજીભાઈ, શ્રી નટુભાઈ, શ્રી પારુલભાઈ અને શ્રી જશુભાઈને મારા ખૂબ ખૂબ અભિનંદન.

આજે નવા યુવાનોને મળીએ છીએ ત્યારે તેમના વિચારો જાણવા મળે છે. વિદેશના યુવાનો સાથે વિમર્શ કરતાં એક વાત એ જાણવા મળી છે કે પશ્ચિમમાં ભલે વિજ્ઞાનનો ફેલાવો થયો હોય પરંતુ ત્યાંનો યુવાન બાહ્ય ભારણથી મુક્ત છે. વ્યક્તિની બેઝિક જરૂરિયાતો મકાન, ભણતર, પરિવાર અને પ્રવાસ છે. પરંતુ આ સિવાયના અનેક ખર્ચાઓ છે. જેના કારણે આપણાં યુવાનોને ભારણ આવે છે. જે લોકો હજારો લાખો કરોડોની સંખ્યામાં યુવાનો થનગની રહ્યા છે તેમના માટે વિચારવાની જરૂર છે.

આપણાં પૂર્વજોએ જે નિયમો બનાવ્યા હતા તે સમજી વિચારીને બનાવ્યા હતા. એક દીકરીના લગ્ન થઈને તે સાસરે જાય અને પ્રથમ પ્રસૂતિ પછી તેને વીસ કિલો લાડવા એટલે આપવામાં આવતા જેથી તેને પૌષ્ટિક ખોરાક મળી રહે. પરંતુ આજે એજ પ્રથાને લાંબી કરીને પાંચ હજાર અને દસ હજાર માણસો સુધી વિસ્તારીને એક સામાજિક ભારણ ઊભું કરવામાં આવ્યું છે. આનો કોઈની પાસે જવાબ નથી. પ્લાસ્ટર વગરના મકાનમાં રહેવાય પણ લગ્ન માટે ખર્ચ તો કરવો જ પડે.

આવા સામાજિક ભારણમાંથી યુવાનોને મુક્તિ અપાવીશું તો આપણે આપોઆપ દુનિયામાં મુક્તિનો અનુભવ કરીને વિશ્વ સાથે સ્પર્ધા કરી શકીશું. તેને તનાવમુક્ત કરવો પડશે. એ માટે પણ સમાજે ગંભીર રીતે વિચારવાની જરૂર છે. ફરી ફરી આ સરદારધામના જે યુવાનો અને દાતાઓ છે તેઓને મારા ખૂબ ખૂબ અભિનંદન.■



# ગૌસંસ્કૃતિ થકી દેશનો વિકાસ

ગોપાલ સુતરિયા



ગાય માતા દ્વારા એક નવી ક્રાંતિ આવી શકે તેમ છે. આપણે કેમિકલમાંથી આમાં જવામાં અચકાઈએ છીએ. ત્રણ વર્ષ નહીં પણ, બે વર્ષ નહીં પરંતુ પહેલી સિઝનના પાંચમા પાકમાં તમને પરિણામ મળે છે. આપણે દેશી ગાયનું દૂધ, ઘી અને માખણ ખાશું અને તંદુરસ્ત રહીશું. જો સ્વાભિમાનથી આપણે કામ કરીશું તો ચોક્કસ આગળ વધી શકીશું. ભેગા મળીને એક એવો અભ્યાસક્રમ બનાવવામાં આવે જેમાં કર્મનિષ્ઠા અને ધર્મનિષ્ઠા સાથે ચરિત્ર નિર્માણ શીખવવામાં આવે. જો આપણાં સમાજને આગળ લાવવો હશે તો સંસ્કારને આગળ લાવવા પડશે.

જીપીબીએસના સફળ આયોજન બદલ ખૂબ ખૂબ અભિનંદન. બધા વડીલો, મિત્રો, ભાઈઓ-બહેનોને વંદે માતરમ્. આપણે આવ્યા છીએ ખેતીમાંથી જ. ઉત્તમ ખેતી મધ્યમ ધંધો અને કનિષ્ટ નોકરી.


આ વાત વેદોમાં કહી છે. જેવી ગૌમાતાની સ્થિતિ તેવી આપણી સ્થિતિ. ખેડૂત અને ગાય દુઃખી હશે તો દેશ પર તેની અસર પડશે. પંચગવ્યમાં દૂધ, દહીં ઘી, ગોબર અને ગૌમૂત્રનો સમાવેશ થાય છે.

અમે ૪૫૦ ગૌમાતાઓનો અભ્યાસ કરીને એ તારણ પર આવ્યા કે સુવર્ણ કપિલા, શ્વેત કપિલા જેવી વિવિધ વિશિષ્ટતાઓ ધરાવતી ગૌમાતાઓના પંચગવ્યમાં પણ ફેર છે. કેટલીક ગૌમાતાઓના ગોબર અને ગૌમૂત્રથી વધુ સારું પરિણામ મેળવી શક્યા છીએ. અમે એકવીસ જાતની ઔષધિઓ મેળવી એક એવું દ્રાવણ બનાવ્યું જે ઈન્સ્ટન્ટ પરિણામ આપતું થયું. અમે આ દ્રાવણ કૃષિ વૈજ્ઞાનિકોને આપ્યા અને એ તારણો મેળવ્યા કે જે ઉનાળામાં અમને એ કીટ નિયંત્રકો મળી રહ્યા છે જે ચોમાસામાં તૈયાર થાય છે. અચાનક અળશિયા જોવા મળ્યા અને કોઈ રોગ નથી આવતો અને એનએફડીએફમાં પણ તેનું માઈક્રો લેવલે સંશોધન કરાવ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે આ દ્રાવણ એક એમએલ પાણીમાં બૅક્ટેરિયા નાંખવામાં આવે છે તો એક જ અઠવાડિયામાં દોઢ લાખ બૅક્ટેરિયા થઈ જાય છે. એટલે આ બેક્ટેરિયાનો ડિએનએ અને આરએનએનો અભ્યાસ કરવો. આ દ્રવ્યમાંથી આઠ બેક્ટેરિયા એવા નીકળ્યા. જે યુરિયા જેવું કામ કરે છે.

પાકોમાં પણ તે ઉપયોગી થાય છે. આ પાકોમાં જે કૂકડવા નામનો રોગ છે તે પચીસ હજારની દવા નાંખો તો પણ નથી જતો પરંતુ આ ગૌઅમૃતમ્ નાંખ્યાના પાંચ જ દિવસમાં તે ચાલ્યો જાય છે. ગૌમૂત્ર અને ગોબરમાં જે બેક્ટેરિયા નીકળ્યા અને તેને ધાવીને જે અનાજ થાય તેની તુલના ડીએપી કે યુરિયા સાથે થઈ શકે ખરી ? જુનાગઢ જિલ્લાના એક ગામમાં સાડી ત્રણસો કેન્સરના કેસ છે. જેઓ વ્યસન નથી કરતાં એવા લોકોને પણ કેન્સર થવાની જે સ્થિતિ છે તેનું નિવારણ ગાય માતા લાવી શકે તેમ છે. ગોબર-ગૌમૂત્ર થકી જે માઈક્રોન્યૂટ્રિશન છે. તેના કારણે છોડની ઈમ્યુનિટી બદલાઈ જાય છે. હાલમાં તપાસ કરતાં છ બેક્ટેરિયા કમ્પોસ્ટિંગના નીકળ્યા છે. આ બેક્ટેરિયા સ્પ્રે કરો એટલે ત્રીસ જ દિવસમાં કામ કરે છે. જેમ દૂધ ગરમ કરીએ એટલે વિટામિન બી-૧૨ ઊડી જાય, તેને પેશ્ચુરાઈઝ કરીએ એટલે તેમાંથી ૯૦ ટકા તત્ત્વો ઊડી જાય.

ગાયના છાણમાં રહેલા બી-૧૨ અને અન્ય માઈક્રોન્યૂટ્રિશન્સ તે રોપાને આપે છે. ઘરમાં આ માત્ર પંદર પૈસે લિટર પડે છે. આજે કંપનીઓ ત્રણ બેક્ટેરિયાનું કમ્પોઝિશન ૨૫૦૦ રૂપિયે લીટરે વેચે છે. ગૌમૂત્ર અને ગોબરમાં અડતાળીસ જેટલા બેક્ટેરિયા આઈડેન્ટીફાઈ થઈ ચૂક્યા છે અને હજુ થઈ રહ્યા છે. આવી દુનિયામાં કોઈ પ્રોડક્ટ નથી. આજે ખેડૂતોના ઘરમાંથી ૧૨ લાખ કરોડ રૂપિયા જાય છે. આપણા ગુજરાતમાં સ્થિતિ સારી છે પરંતુ ભારતમાં દરેક ખેડૂત પાસે સરેરાશ બે એકર જમીન છે.

આ મિત્ર જીવાણુઓ હવામાંથી નાઈટ્રોજન લઈને જમીનને વધુ ફળદ્રુપ બનાવે છે. આની સામે કેમિકલ યુરિયા છે તે ખૂબ જ હાનિકારક છે. ચાર મિત્ર જીવાણું એવા છે જે ફંગસ દ્વારા સપાટી પર કામ કરે છે. આ માટે ૪૪ પાકોના અમારી પાસે પરિણામ આવી ચૂક્યા છે. રીંગણ, ભીંડા જેવા જટિલ



જેના કારણે તેમને ખાવાના પણ વાંધા છે. એટલા જ કારણથી અમે આ પ્રૉડક્ટને નિ:શુલ્ક આપવાનું નક્કી કર્યું છે.

આના એટલા સરસ પરિણામ આવ્યા કે વ્યારા પાસે એક ગામમાંથી એક હજાર બોટલ લઈ ગયા. પાંજરા પોળમાં દૂધ ના દેતી હોય તેવી ગાયો ગોબર તો આપવાની જ છે. તેને આના દ્વારા કંમ્પોસ્ટ કરો. પાંચસો ગાયો આદિવાસી પરિવારોએ પાંજરાપોળમાંથી વિક્સાવી. ત્રણ મહિનામાં દસ હજાર ખેડૂતોએ આ પદ્ધતિ અપનાવી લીધી છે. બે-ત્રણ વર્ષમાં આખા ભારતમાં આ પદ્ધતિ લાગુ થાય તેનો અમારો પ્રયત્ન છે. અત્યારે અળશિયાને સારું વાતાવરણ મળતું નથી. આજે જેવું આ દ્રાવણ નાંખીએ છીએ કે પાંચમા દિવસે અળશિયા પેદા થવા લાગે છે. જે મિત્ર જીવાણું બૅક્ટેરિયા વીસ ગ્રામ માટીમાં બે કરોડ બૅક્ટેરિયા હતા પરંતુ આજે સાવ ઓછા થઈ ગયા છે. અનેક ખેડૂત મિત્રોને ત્યાં અળશિયાના ઢગલાં થઈ ગયા છે. એક મિત્રએ તો ત્રીજા માળે અળશિયા પેદા કર્યા. એક વખત ઉપયોગ કરીએ તેના કારણે જમીન પોરસ બની જાય. ચેક ડેમ બનાવવાની પણ જરૂર ના પડે. દેશનો જળસ્તરનો પ્રોબ્લેમ ગાયમાતા દ્વારા હલ થઈ જશે. આખા વિશ્વનું સોલ્યુશન ગાય માતામાં છે. માત્ર ચાર મહિનામાં એરંડામાં વિકાસ ના દેખાય એવો દેખાય છે. વનસ્પતિમાં હોર્મોનલ બૅક્ટેરિયા પણ છે. જમરુખડીના રોપામાં નેમિટોડ લાગ્યો ત્યારે આપણું દ્રાવણ નાંખ્યું તો ત્રીજા દિવસે પાંદડા નીકળવા લાગ્યા અને સરસ પરિણામ મળ્યું.

ડબલ ઉત્પાદન, સારી મીઠાશ બંને મળી રહ્યા છે. પપૈયાના છોડમાં પણ સારા પરિણામ મળ્યા છે. અમે ખેડૂતોને કહીએ છીએ કે તમારી પાસે વીસ એકર જમીન છે તો તેમાં અડધા એકરમાં નાંખો અને પ્રયોગ કરો. રાતોરાત બદલાવવાની જરૂર નથી.

આમ આપણાં ખેડૂતોએ સ્વાભિમાનથી ગૌકૃપા અમૃતમ્ બૅક્ટેરિયા નામ પાડ્યું છે. આપના ખેડૂતોને તમે મફત પ્રશિક્ષણ માટે લાવી શકો છો. ખેડૂતોને બીટી કપાસ અને યુરિયા છોડાવવા ખૂબ અઘરા છે. પણ હવે મહારાષ્ટ્રની સંસ્થાઓ દ્વારા ગૌકૃપા અમૃતમ્ સૌને મળે તે માટેનો એક નવો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ગૌકૃપા અમૃતમ્ દ્વારા દેશના બાર લાખ કરોડ રૂપિયા બચશે. આની સામે કેન્સરનો રેશિયો ઘટશે અને સાત્વિક્તા વધશે.



**ગૌકૃપા અમૃત્તમ દ્વારા દેશના બાર લાખ કરોડ રૂપિયા બચશે. આની સામે કેન્સરનો રેશિયો ઘટશે અને સાત્વિક્તા વધશે. આમ ગાય માતા દ્વારા એક નવી ક્રાંતિ આવી શકે તેમ છે.**

આમ ગાય માતા દ્વારા એક નવી ક્રાંતિ આવી શકે તેમ છે. આપણે કેમિકલમાંથી આમાં જવામાં અચકાઈએ છીએ. ત્રણ વર્ષ નહીં પણ, બે વર્ષ નહીં પરંતુ પહેલી સિઝનના પાંચમાં પાકમાં તમને પરિણામ મળે છે. આપણે દેશી ગાયનું દૂધ, ઘી અને માખણ ખાશું અને તંદુરસ્ત રહીશું. જો સ્વાભિમાનથી આપણે કામ કરીશું તો ચોક્કસ આગળ વધી શકીશું.

ભેગા મળીને એક એવો અભ્યાસક્રમ બનાવવામાં આવે જેમાં કર્મનિષ્ઠા અને ધર્મનિષ્ઠા સાથે ચરિત્ર નિર્માણ શીખવવામાં આવે. જો આપણાં સમાજને આગળ લાવવો હશે તો સંસ્કારને આગળ લાવવા પડશે. મનજીતસિંહ સરદાર નામના એક છત્તીસગઢી ખેડૂત સારા પરિણામથી અનેક લોકોને જોડી રહ્યા છે. વિવિધ રાજ્યોમાં તેના સેન્ટર બનાવવામાં આવી રહ્યા છે. શુક્લ યજુર્વેદમાં એવું કહેવામાં આવ્યું છે કે એવું કયું તત્ત્વ છે જેનું સમગ્ર બ્રહ્માંડમાં મહત્ત્વ હોય ત્યારે ગૌમાતાનું જ નામ મળે. છેલ્લે એક વાત યાદ આવે છે કે ભગવાન શ્રી કૃષ્ણએ એટલું કહ્યું છે કે જ્યારે ગૌધૂલીનો સમય હોય અને એવા ટાણે જ્યારે ધૂળથી હું નાહી જતો તે વેળાને હું મારી ધન્યવેળા ગણું છે. વંદે માતરમ્, વંદે ગૌમાતા.

# બિઝનેસમાં ડિસિપ્લિન









બીજા દિવસના બપોરના સેશનમાં બિઝનેસમાં ડિસિપ્લિનની પેનલ ડિસ્કશન કરવામાં આવી હતી. જેમાં સરદારધામના સીઈઓ શ્રી એચ.એસ.પટેલ, મેન્ટેકાર્લોના ડિરેક્ટર શ્રી બ્રિજેશ પટેલ, રાજકોટના જાણીતા બિલ્ડર અને સમાજસેવક શ્રી પરેશ ગજેરા અને  પીએસપીના મહિલા એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર પૂજા પટેલે પોતાના વિવિધ મંતવ્યો રજૂ કર્યા હતા.






# કોર્પોરેટ અને સોશિયલ જવાબદારી ખૂબ જ સરળતાથી નિભાવી શકું છું

– પરેશ ગજેરા

મારી જર્ની ખૂબ જ ઝીરો લેવલથી સ્ટાર્ટ થઈ. મારા પિતા આજે પણ ખેતી કરવા જાય છે. એકવીસ વર્ષે હું રાજકોટમાં કોર્પોરેટરની ચૂંટણી લડ્યો હતો. સાથે સાથે મનમાં એવું હતું કે હું કેવી રીતે સમાજને કંઈક આપું અને કેવી રીતે સમાજને ઉપયોગી થઈ શકું. સમાજની નાની મોટી જરૂરિયાત હોય તેના માટે સમાજની સંસ્થા ખોડલધામમાં પણ કામ કર્યું. રિઅલ એસ્ટેટમાં હું આવ્યો. જાહેર જીવનમાં મેં બે ભાગ પાડ્યા. એક પાર્ટ જમીનની ખરીદી અને બીજું પ્લાનિંગ અને આર્કિટેક. સાઈટની જવાબદારી મેં ભાઈઓને સોંપી. સમયનો બચાવ કરીને હું સમાજને પણ ઉપયોગી થવાનો પ્રયત્ન કરું છું.

**આપ પોતે ક્રેડાઈના પ્રમુખ છો અને અત્યારના સમય પ્રમાણે તમને કેવું લાગે છે ? અત્યારે રેરાને કારણે ડેવલપર્સ કેવી રીતે કામ કરી રહ્યા છે ?**

જ્યારથી રેરા આવ્યું ત્યારથી જ બધું ટ્રાન્સપરન્ટ થઈ ગયું છે. તમારું બિલ્ડિંગ કેટલે પહોંચ્યું અને ક્યાં કેટલું બન્યું એ બધું જ રેરાની વેબસાઈટથી સમજી શકાય છે. કસ્ટમરને કેવા પ્રકારની ડિમાન્ડ છે. મોટા ભાગના કસ્ટમરની ડિમાન્ડ પ્રિમિયમ ક્વૉલિટીની છે. ખાસ તો તમારો પ્રૉજેક્ટ ટાઈમ લિમિટમાં પૂરો થાય તે જરૂરી છે. કારણ કે પોતાના સપનાંનું ઘર ટાઈમ લિમિટમાં મળે એ જરૂરી હોય છે. જે વસ્તુ બિલ્ડરે કમિટ કરી તેના કરતાં સારી વસ્તુ આપવી મહત્ત્વની છે. બિલ્ડર જ્યારે ડિસિપ્લિન મેઈન્ટેઈન કરે ત્યારે તે મોટો વર્ગ આકર્ષે છે.

ચેતન ભગતે સવારમાં કહ્યું કે લાંબો પ્રયત્ન જોઈએ....રિઅલ એસ્ટેટમાં તો રાતોરાત પરિસ્થિતિઓ બદલાતા જોઈએ છીએ. તો તમે આ વિશે શું કહો છો ?

છેલ્લા પંદર વર્ષમાં રિઅલ એસ્ટેટે જેટલો ગ્રોથ કર્યો છે એટલો કોઈ અન્ય ઈન્ડસ્ટ્રીઝે નથી કર્યો. આ ક્ષેત્રે એકદમ મેનેજ થઈ શકે તેવું છે. કોઈપણ વ્યક્તિ આવે તો આખો પ્રૉજેક્ટ સંભાળતો થઈ જાય. આ ક્ષેત્ર ખૂબ સહેલું છે. આગળના વર્ષો પણ આ ઈન્ડસ્ટ્રીઝના છે. આ રાજ્યમાં પણ પિસ્તાળીસ ટકા જનરેશનને શહેરોમાં જ આવવું છે. હજુ પણ શહેરોમાં રહેવાની જ રેકમેન્ડ છે. જમીનનું કોઈ પ્રોડક્શન નથી તેના કારણે તેમાં સતત ગ્રોથ થયા કરે છે.

મને મારા સોશિયલ વર્ક, બિઝનેસ અને પરિવારને બેલેન્સ કરવામાં સારા માણસો મળ્યા છે. મારા મેરેજ થયા ત્યારે કોર્પોરેટર હતો ત્યારે મારા પત્નિ  અને મારા ભાઈએ હંમેશાં મને સહકાર આપે છે. પ્રૉજેક્ટ કેવી રીતે બનાવવો અને જમીન લેવા સુધીની જવાબદારી મારા ઉપર છે. સાઈટની જવાબદારી મારી ટીમ પર છે જેના કારણે હું વધુને વધુ સમય સોશિયલ વર્કમાં આપી શકું છું.

**બિઝનેસ ડિસિપ્લિન માટે બે લીટીમાં કહેવું હોય તો તમે શું સંદેશો આપી શકો ?**

સર આમ જોઈએ તો મહેનત એટલી કરો કે ઉપરવાળાને દેવું પડે. કોઈપણ ક્ષેત્ર હોય. ડિસિપ્લિન પહેલેથી જ મેઈન્ટેઈન કરી હતી. સમયસર ઑફિસથી લઈને ફેમિલી સાથેના કલાકો આમ સૌ પ્રકારે દરેક રીતે શિસ્ત અને સમય પ્રમાણે કેમ કામ કરવું તે અગત્યનું છે. સાથે પાર્ટનરો અને કર્મચારીઓને કેવી રીતે સાથે રાખવા તે પણ ખૂબ જ અગત્યનું છે. નૈતિક્તાથી મહેનત કરીએ તો ઉપરવાળાને આપણને આપવું જ પડે છે.

**પ્રશ્નઃ નટુભાઈ પટેલ- ક્યારેક મોડું થયું હોય ત્યારે ઘરે પત્નીને શું બહાનું બતાવો છે ?**



**ઉત્તર :** હું સાચું બોલું છું. ક્યારેય બહાનું નથી બતાવતો. વચ્ચે એક મીટિંગમાં મારી હાજરી જરૂરી હતી અને મારી બર્થડે હતી. અને એ કારણથી મોડું થયું તો આવી બાબતે મારે કશું છુપાવવાનું રહેતું નથી.

# દરેક કંપનીનું વર્કિંગ કલ્ચર ખૂબ જ અગત્યનું છે

**- બ્રિજેશભાઈ પટેલ**

મને અહીં બોલાવવા બદલ આભાર. બિઝનેસ ડિસિપ્લિન એ ઘણો મોટો વિષય છે. ૧૯૯૫માં અમારા પિતાએ અમારી કંપની સ્ટાર્ટ કરી. આજે અમે સૌથી વધુ રોડ પછી માઈન, ઈરિગેશનમાં અમે કામ કરી રહ્યા છીએ.

**આપ મોટા મોટા પ્રૉજેક્ટ હેન્ડલ કરો છો ત્યારે એવી કઈ બાબતો છે જેમાં તમે ટ્રાન્સપરન્સી મેઈન્ટેઈન કરો છો ?**

કોઈપણ ટેન્ડર મળ્યા પછી વર્કિંગ કલ્ચર ખૂબ જ અગત્યનું છે. સમય મર્યાદામાં કોઈપણ કામને તેના તમામ પેરામિટર્સને જાણીને એચીવ કરવામાં જે કંઈ કરવું પડે તે અમે અનુકૂળ પરિસ્થિતિ ઉત્પન્ન કરવા માટે અમે ટ્રેઈનિંગ લઈને કામ કરીએ છીએ.

**આપ ક્વોલિટી કંટ્રોલ કેવી રીતે કરો છો ? ફાઈનાન્સિયલ ડિસિપ્લિન, વર્ક ડિસિપ્લિન અને ફેમિલિ ડિસિપ્લન.**

ક્વોલિટી માટે અમારા જે પ્રોજેક્ટ ચાલી રહ્યા હોય તેમાં અમે દરેક લેબોરેટરીમાં મોકલીએ છીએ. હાઈલી



ક્વોલિફાઈડ એન્જિનિયરો ક્વોલિટી વર્ક આપે છે. આ ઉપરાંત ક્વોલિટી વિંગ છે જે ટેસ્ટિંગ પેરામિટર્સ, સ્ટ્રક્ચર્સ વિગેરેને સંભાળે છે. દરેકે દરેક વસ્તુમાં અમે એક સિસ્ટમ દ્વારા કામ કરીએ છીએ.

અમારા જે પ્રોજેક્ટ ચાલી રહ્યા હોય તેમાં અમે દરેક લેબોરેટરીમાં મોકલીએ છીએ. હાઈલી ક્વોલિફાઈડ એન્જિનિયરો ક્વોલિટી વર્ક આપે છે. આ ઉપરાંત ક્વોલિટી વિંગ છે જે ટેસ્ટિંગ પેરામિટર્સ, સ્ટ્રક્ચર્સ વિગેરેને સંભાળે છે. દરેકે દરેક વસ્તુમાં અમે એક સિસ્ટમ દ્વારા કામ કરીએ છીએ.

**કૉન્ફ્લિક્ટ મેનેજમેન્ટને તમે કેવી રીતે મેઈન્ટેઈન કરો છો ?**

ખૂબ જ સરસ પ્રશ્ન છે. આને ઈન્ટર ઈગો પણ કહી શકાય. ઈગો એક એવી વસ્તુ છે કે માણસમાં તરત ઊભો થાય છે. કંપનીને ડેવલપ કરવા માટે ઓછામાં ઓછા ઈગોના પ્રશ્ન થાય તો ઘણી સરળતા રહે છે. આના માટે કંપનીના ઈન્ટર કોર્ડિનેશન માટે પ્રયત્ન કરવો પડે છે.



# એવું કોઈ કાર્ય નથી જે મહિલા ના કરી શકે

**- પૂજા પટેલ**

પીએસપીમાં એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર તરીકે હું કાર્યરત છું. મારા પિતા પી.એસ.પટેલે તેમનું શિક્ષણ બાલાછડીમાંથી કરેલું. જેના કારણે તેઓ નાનપણથી જ શિસ્ત અને અનુશાસન થકી જીવન જીવે છે. આના કારણે ડિસિપ્લિન એ ગળથૂથીમાં જ આવી ગઈ છે. કોઈપણ કામમાં ચોરી ન કરવી કે જુઠ્ઠું ન બોલવા જેવી વાતોને અમે કંપનીમાં પણ ડેવલપ કરી છે. જેના કારણે આજે અમારા મોટા ભાગના પ્રોજેક્ટ્સ ટાઈમથી અથવા તો ટાઈમ કરતાં પહેલા પૂરા થઈ જાય છે. ક્વૉલિટી માટે પણ નહીં કરવાની એમાં પણ ખાસ તો પૈસા બચાવવા માટે ક્યાંય ચોરી નહીં કરવાની. ત્યાં સુધી કે જ્યારે તમે સાઈટમાં જાવ ત્યારે પણ હેલમેટ, શૂઝ જેવા સેફ્ટી મેઝરને અનુસરીને જ સાઈટ પર જવાની એક ડિસિપ્લિન છે. આમ અમે સેફ્ટને પ્રાથમિક્તા આપીએ છીએ. કન્સ્ટ્રક્શન એક વાઈડ સ્પાન બિઝનેસ છે. જો તમારા ડિસિપ્લિન હોય તો તમે પાન ઈન્ડિયામાં પણ વિવિધ કલ્ચરના અને માઈન્ડ સેટના લોકો સાથે કામ કરવાનું આવે ત્યારે ફર્ક પડે છે.

**પ્રશ્ન : પ્રોજેક્ટ એક્ઝિક્યૂટ કરતી વખતે એક પાટીદાર મહિલા તરીકે આપનો પાટીદાર સમાજની દીકરીઓને શું મેસેજ છે ?**

મારા પિતાની જ કંપની છે એટલે ક્યાંય જેન્ડર બાયસ જેવું નથી લાગતું. હું જ્યારે એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતી હતી ત્યારે અમારી બે બેચ હતી. પહેલા દિવસે ક્લાસરૂમમાં એન્ટર થઈ ત્યારે જ ખ્યાલ આવ્યો કે હું એકલી વુમન હતી. પણ એક જોતાં એવું પણ લાગ્યું કે આ ફિલ્ડમાં ફીમેલ પણ કામ કરી શકે છે. માત્ર કન્સ્ટ્રક્શનમાં જ નહીં પરંતુ કોઈપણ ઈન્ડસ્ટ્રીઝમાં છોકરીઓ પણ કામ કરી શકે છે. બાળકોના જે ડ્રિમ્સ હોય તેના માટે તેને મદદ કરવી જોઈએ.

આપણી વિધાનસભાના બિલ્ડિંગને પણ તમે જોતાં હતાં. સ્કાય લેબ પડવાનું હતું છતાં ટાઈમ લિમિટમાં કામ કર્યું. આમ આપે પણ કામ કર્યું છે તો આવા પ્રોબ્લેમમાંથી તમે કેવી રીતે બહાર આવો છો ?

એ પ્રૉજેક્ટ અમારા માટે સૌથી વધુ અગત્યનો પ્રૉજેક્ટ હતો. અમને જ્યારે કશું ન મળતું ત્યારે પણ અમે ધીમે ધીમે અમે બધું કરતાં ગયા જેના કારણે અમને જેમ જેમ લાઈન મળતી ગઈ એમ એમ અમે લેબર થકી ફટાફટ કામ પૂરું કરી શક્યા. ફેબ્રુઆરીમાં તો અમે એસેમ્બલી હૉલ તૈયાર કરીને આપી દીધો હતો. અમારે ૨૪ કલાકની પરમિશન

લઈને રાતના નવથી સવારના નવ સુધી કામ કરતા હતા.

**પ્રશ્નઃ પીએસપી પણ મોન્ટેકાર્લોની માફક લિસ્ટેડ કંપની છે ત્યારે આપણી ઘણી ફર્મ અનસ્ટ્રક્ચર્ડ ફોર્મમાં છે ત્યારે કોઈપણ બાબતને સ્ટ્રક્ચર્ડ વેમાં લાવવામાં આવે તો જ કંઈક પરિણામ આવે. એક વેલ્યૂ બેઝ કંપની તરીકે પીએસપીને તમે કેવી રીતે આગળ લઈ જવા માંગો છો ?**

જ્યારે ૨૦૦૬માં અમે કંપની ચાલુ કરી ત્યારે અત્યારે ત્રીસ વર્ષના અંતે અમારે બધા જ ડિપાર્ટમેન્ટ છે. હવે બધાની પાસે બધા જ પ્રકારની એકાઉન્ટેબિલિટી આવી ગઈ છે. અમારે પ્રોપર ચેનલ છે. પણ કોઈપણ વ્યક્તિ કોઈને પણ મળી શકે છે.

પિતા પાસેથી અમે મહેનત શીખ્યા અને ડિસિપ્લિન એ ખૂબ જ જરૂરી છે. હું જ્યારે શાળામાં ભણતી ત્યારે પણ સ્કૂલમાં સાડા સાતે પહોંચી જતી અને આજે પણ ઑફિસમાં જવાનું હોય ત્યારે પણ સાડા નવ પહેલાં પહોંચી જાઉં છું. બીજી વસ્તુ છે પ્લાનિંગ જે ખૂબ જ જરૂરી છે. પ્લાનિંગ કરવાથી ૯૫ ટકા કામ સારી રીતે થાય છે.

એક મહિલા તરીકે મારે કોઈ મોટા પડકારો નથી આવ્યા પણ જ્યારે હું પહેલીવાર સાઈટ પર જવા માંગતી હતી ત્યારે તેમની ઈચ્છા એવી હતી કે હું ઑફિસ જોઈન કરું. આજે મારું પાંચમું વર્ષ ચાલી રહ્યું છે અને જે સાઈટ પર કામ કરીએ છીએ. આજે અમારા કારણે અનેક છોકરીઓને પણ હિંમત આવી. અમારી સાથે અનેક છોકરીઓ પણ આગળ આવી. છોકરીઓ માટે દરેક ઈન્ડસ્ટ્રીઝમાં સ્કોપ છે. આ કન્સેપ્ટ મારા પપ્પાએ વિચાર્યો ત્યારે અમે એવું વિચાર્યું કે આ કંપનીની એક્ઝિક્યૂટીવ ડિરેક્ટર એક દીકરી છે તો એક એવી સાઈટ હશે કે જ્યાં માત્ર છોકરીઓ દ્વારા કામ થાય.



ભૂતકાળમાં દરેક સમાજે ગુંડાગીરીનો સામનો કર્યો છે. હવે આ સમાજ એવા સ્ટેજે છે, જેમાં આપણે હિંમતમાં પણ આગળ હોવા જઈએ. સરદારધામમાં સમાજ સુરક્ષા અને સંવાદિતા સમિતિની રચના કરી છે. જે કોઈપણ ખૂણે રહેતા પાટીદાર સભ્યોને કાયદાકીય માર્ગદર્શન આપે છે. કળીયુગમાં સંઘની શક્તિ ઉત્તમ છે. એક્તા આપણને વધુને વધુ નજીક લાવે છે. સરકારના દરેક ક્ષેત્રમાં આપણી હાજરી વધશે ત્યારે આપણે જાણીશું કે આપણી નૈતિક હિંમતમાં વધારો થઈ રહ્યો છે. આપણાંમાંથી વધુમાં વધુ લોકો સરકારમાં જાય એ જરૂરી છે. ગગજીભાઈ હંમેશા કહે છે કે આપણે યહુદીઓ જેવા બનવાનું છે. યહુદીઓ જેટલાં આર્થિક રીતે સમૃદ્ધ છે એટલા બહાદૂર પણ છે. આપણે જિલ્લા લેવલે ટીમ બનાવવા જઈ રહ્યા છીએ. વ્યક્તિગત જ્યારે પ્રશ્ન ઊભો થાય, ત્યારે તે વ્યક્તિગત રીતે સામનો કરી શક્તો નથી. આવા સમયે તેને હૂંફ અને સહકાર આપવા માટે આપણે જિલ્લા લેવલે એક ટીમ બનાવવા જઈ રહ્યા છીએ અને વ્યક્તિગત કેસમાં પણ એક હૂંફ આપવા જઈ રહ્યા છીએ.



# સુરક્ષિત સમાજ એ સમયની માંગ

**ડી.જે.પટેલ**
આઈ.પી.એસ. (નિ.)

ટીમ પહોંચી જશે અને શું થયું તેની જાણકારી મેળવશે. રેવન્યૂ અને પોલીસમાં કેવી રીતે કાયદાકીય પગલાં લેવા તે માટે આપણે સહકાર આપીશું. કોઈ કેસ ના લડી શકે તેવી પોઝિશનમાં હશે ત્યારે સરદારધામ હંમેશા સાથે રહેશે. હિંમત ખીલે તે માટેના પ્રયત્નો આપણે કરવા જઈ રહ્યા છીએ. જ્યુડિશિયરીના માણસો, રિટાયર્ડ અધિકારીઓની એક ટીમ બનાવીને આ દિશામાં પણ આપણે આગળ વધવું છે. સર્વાંગી વિકાસ કોને કહેવાય ? જેમાં શારીરિક, આર્થિક અને માનસિક શક્તિથી સમગ્ર સમાજ ઉભરી આવે તે જરૂરી છે. સમાજમાં નિડરતાના ગુણો ખીલવવા છે. આગામી સમયમાં આ હિંમત જોવા મળશે. સમાજના કોઈપણ સભ્ય પીડિત હોય તો અમારું ધ્યાન દોરજો જેથી આપણે મદદરૂપ થઈ શકીએ. આ સમાજ સર્વ સમાજના સભ્યને થતાં અન્યાય અને ત્રાસ પણ સમજશે અને અન્યાય, ત્રાસનો પ્રતિકાર કરવામાં તેઓની પણ સાથે રહેશે. ■

**કળીયુગમાં સંઘની શક્તિ જરૂરી છે. એક્તા આપણને વધુને વધુ નજીક લાવે છે. સરકારના દરેક ક્ષેત્રમાં આપણી હાજરી વધશે ત્યારે આપણે જાણીશું કે આપણી નૈતિક હિંમતમાં વધારો થઈ રહ્યો છે.**

# જીપીબીએસ એક સામાજિક યજ્ઞ છે

નટુભાઈ પટેલ



**.....કાર્યક્રમના ઉત્તરાર્ધમાં ખૂબ જ હળવી વાણીમાં સમગ્ર સમિટનો સફળ નીચોડ કાઢતા સરદારધામના ઉપપ્રમુખ શ્રી નટુભાઈ પટેલે દરેક સંસ્મરણો વાગોળવાની સાથે સરદારધામની એક નાની યાત્રાને શાબ્દિકરૂપ આપીને સરદારધામ એક શિક્ષણ મંદિર છે તે બાબતે વાત કરી હતી. જે સૌને સ્પર્શી ગઈ હતી. સરદારધામ એક પરિવાર છે અને એ પરિવાર વધુને વધુ બહોળો થઈ રહ્યો છે તે વાત તેમણે સુંદર રીતે રજૂ કરી હતી.**

ઘર ઘરની વાત છે. જે રીતે શાન રાખી અને આ સુંદર પ્રસંગને ઓપ આવ્યો એ જોઈને આજે હૈયું ગદ્‌ગદિત થઈ જાય છે. આ પચીસ વર્ષની ઉંમર કે તેનાથી નાની ઉંમરના યુવાનો-યુવતીઓએ ઉત્સાહ પ્રેરીને આ સમગ્ર ઈવેન્ટને સુંદર આકાર આપ્યો તે માટે સૌ અભિનંદનને પાત્ર છે. ખાસ તો આટલી વિશાળ કક્ષાએ ઈવેન્ટ યોજવા બદલ શ્રી પારસભાઈ પટેલના આભારી છીએ. વી. જી. બ્રાંડને શત્ શત્ વંદન છે. આ એક યજ્ઞ છે. જેમાં જવ, તલ, કંકુ, ચોખા અને અબીલ-ગુલાલ નાંખવામાં આવે એમ આ સમગ્ર ઈવેન્ટમાં સતત બધાએ ભેગા થઈને કંઈકને કંઈક સારું નાંખ્યું છે. ગગજીભાઈનો વિશ્વાસ અને તેમની મહેનત રંગ લાવી છે. ગગજીભાઈ સતત મહેનત કર્યા કરે છે અને અમને સાથે રાખે છે પણ તેમની ઓથમાં અમને પણ એ ખબર નથી કે અમે શું કરીએ છીએ. પણ અમને આ યશના ભાગીદાર બનાવ્યા છે. આ યુવક યુવતીઓ જેમનું મુખ્ય કામ તો ભણવાનું છે. છતાં તેમણે સમય કાઢીને જ્યારે જ્યારે ફ્રી પડ્યા છે ત્યારે ત્યારે સમાજને ઉપયોગી થવાનું કામ કર્યું છે. ગગજીભાઈને તો મારે કશું કહેવાનું નથી. કારણ કે હું તો વાણિયો છું અને તેમનાથી તો મારે બચવાનું હોય. હંમેશાં તેઓ સમાજ માટે તત્પર હોય છે.

૨૦૨૨થી આપણો ભાર હલકો કરી દીધો છે કે અંકલેશ્વર, વાપી, ભરુચ અને વડોદરાના મિત્રો સંકળાઈને સુરત જીપીબીએસ-૨૦૨૨માં જોડાશે. આપણે આ સુંદર અવસરમાં તમે બધાએ સહકાર આપીને પૂરો કર્યો તે બદલ જય સરદાર.■



# હું કોઈ ખિતાબ માટે નહીં પણ યુવાનોના વિકાસ માટે કામ કરી રહ્યો છું

## ગગજી સુતરિયા






ગ્લોબલ સમિટનું પરિણામ શું છે ? આજે આખા ગુજરાતમાં એક જ ચર્ચા છે....સરદારધામ....એક જ ચર્ચા છે...ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ.... વિશ્વની બીજા નંબરની સરદારની પ્રતિમા...આ પ્રતિમા આપણને ઘણું બધી કહી રહી છે. એટલા માટે મેં સીએમ સાહેબને કહ્યું કે માત્ર એકલી સરકાર દ્વારા આ દેશનો વિકાસ નહીં થાય. આના માટે કોર્પોરેટ, એનજીઓ અને સરકારના ત્રિવેણી સંગમની જરૂર છે. જેવી રીતે ભારતની ૫૬૫ રિયાસતને એક કરીને દેશને બનાવવામાં સરદાર સાહેબની ભૂમિકા હતી. તેવી જ રીતે દેશને મહાન બનાવવામાં પણ સરદાર સાહેબના વિચારોનો રોલ હશે તેવું હું વિશ્વાસથી કહી શકું છું. સરદારધામ સંસ્થા એ માત્ર ઈમારત નથી પણ એક વિચારયાત્રા છે...એક વિચાર છે.

સરદારધામ આયોજિત મિશન-૨૦૨૬ અંતર્ગત જીપીબીએસ-૨૦૨૦ સમાપન સમારોહમાં ઉપસ્થિત ટીમ સરદારધામના મારા સાથી મિત્રો, સ્થાપક ટ્રસ્ટીશ્રીઓ, ગૌરવવંતા ટ્રસ્ટીશ્રીઓ, ટીમ જીપીબીઓ, ટીમ જીપીબીએસ, યુવા તેજ-તેજસ્વિનીના મિત્રો, સ્પોન્સરશ્રીઓ, સ્ટોલ ધારકો, ડેલિગેટ્સ મિત્રો સરદારપ્રસાદમાં આર્થિક રીતે સહયોગી બનેલા દાતા શ્રીઓ, સ્વયં સેવકો, મનોજભાઈ ડોબરિયા, સંજયભાઈ સાવલિયા સૌની દિલેરી સાથે જે વ્યવસ્થા કરી આપવામાં આપી છે, કેળવણીધામના સૌ દીકરા-દીકરીઓ, કે.પી.હોસ્ટેલના ટ્રસ્ટીગણની શુભકામનાથી દીકરીઓ પધારી છે તેમનો પણ આભાર માનીએ છીએ. સૌ મારા બંધુ-ભગિનીઓ, આ સમિટમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આ સમિટને સજાવી છે, જેમણે કોઠાસૂઝથી સમિટને સજાવી છે તેવા મિત્રો, મીડિયાકર્મીઓ, કલાકાર મિત્રો, સર્વ સમાજના મંત્રીશ્રીઓ, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, એમ.એલ.એ. અને એમ.પી અને ત્રણ ત્રણ દિવસથી આજે સમાજની જે શોભા બની ગઈ છે અને જેમના મારું દિલ ધડકે છે અને મારી નસ-નસમાં મારું ખૂન વહે છે અને જેમના માટે જીવું છું એ પાટીદાર સમાજની વીરાંગનાઓ અને યુવાનોને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને વંદન કરું છે.

આ વિકાસના યજ્ઞને કરોડો લોકો નિહાળી રહ્યા છે. આ માત્ર ગ્લોબલ સમિટ નથી પણ એક ગ્લોબલ ચળવળ છે. આ આર્થિક ઐતિહાસિક ક્રાંતિની પાટીદાર સમાજે શરૂઆત કરી છે. પાટીદાર સમાજ ગામથી લઈને વિશ્વ સુધી દરેક જગ્યાએ કંઈકને કંઈક ફાળો આપે છે. હું ટ્રેંટ ગામમાં ગયો હતો એવી રીતે અમારા ગામમાં પણ અમે સ્કૂલ બનાવી છે. કોઈપણ ગામમાં શિક્ષણ કે આરોગ્યનું કામ હોય તે કામ પાટીદાર સર્વ સમાજને સાથે લઈને સર્વ સમાજને ઉપયોગી થતો આવ્યો છે. જેમાં આપણે સર્વ સમાજને જોડવાનો પ્રયાસ કર્યો. આખી દુનિયા ફેસબુક દ્વારા જોઈ રહી છે કે પાટીદાર સમાજ એક નવો ઈતિહાસ લખવા જઈ રહ્યો છે. ૩૦૩ ટ્રસ્ટીઓ આ સમિટના માધ્યમથી જોડાયા તે પાયાના પત્થરો છે. અને હવે પછી બીજા



**લોકો પૂછે છે કે તમને શું જોઈએ છે ? ના તો મારે રાજકારણની ટિકિટ જોઈએ, ના મારે કોઈ ખિતાબ કે તુલાવિધીઓ કરાવવી છે. મારે તો ભડવીર, શૂરવીર અને દાનવીર એવા બહુ જ બધા સરદાર જોઈએ છે.**

*હમ રહે ના રહે... કલ હો ના હો...*
*પર હે યુવાશક્તિ આપકા વૈભવ અજર ઔર અખંડ રહે....*

*લોગ કહેતે હૈ... તુઝે ક્યાં ચાહીયે...*
*મે કહેતા હું નામ મેરા જીજી હૈ ઔર રહેતા બિઝી*
*હું લેકિન અપનોં કે લિએ ઈઝી હું...*

લોકો પૂછે છે કે તમને શું જોઈએ છે ?


ના તો મારે રાજકારણની ટિકિટ જોઈએ, ના મારે કોઈ ખિતાબ કે તુલાવિધિઓ કરાવવી છે. મારે તો ભડવીર, શૂરવીર અને દાનવીર એવા બહુ જ બધા સરદાર જોઈએ છે.

ગ્લોબલ સમિટનું પરિણામ શું છે ? આજે આખા ગુજરાતમાં એક જ ચર્ચા છે... સરદારધામ... એક જ ચર્ચા છે... ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ... પછી વિશ્વની બીજ નંબરની સરદારની પ્રતિમા... આ પ્રતિમા આપણાં માટે ઘણું બધી કહી રહી છે. એટલા માટે મેં સીએમ સાહેબને કહ્યું કે માત્ર એકલી સરકાર દ્વારા દેશ નહીં બને અને આપણે વિકાસની સાથે જોડાયેલા છીએ. દેશનું નવનિર્માણ એનજીઓ, કોર્પોરેટ અને સરકારના સંયુક્ત પ્રયાસથી જ થશે. જેવી રીતે ભારતની ૫૬૫ રિયાસતને એક કરીને દેશને બનાવવામાં સરદાર સાહેબની ભૂમિકા હતી તેવી રીતે દેશને મહાન બનાવવામાં સરદાર સાહેબના વિચારોની પણ ભૂમિકા




**મારે યુવાનોને એ સંદેશ આપવાનો છે કે આપની સેવા દ્વારા આપનો પરસેવો હું એળે નહીં જવા દઉં. તમે કહી શકશો કે જીપીએસસી કે યુપીએસસીની ટ્રેનિંગના ક્રાઈટેરિયા પ્રમાણે તમે દીકરા-દીકરીઓને જે કંઈ શક્ય હોય તે આપો બાકી સરદારધામ તેમને ભણાવી દેશે**

હશે તેવું હું વિશ્વાસથી કહી શકું છું. સરદારધામ એક વિચારયાત્રા છે. જીપીબીએસ કે જીપીબીઓ એ વિચાર છે. આ બધી વિચારધારાઓ છે. સરદારધામે નક્કી કર્યું છે કે ત્રણ જી પર કામ કરવું... એક જી જીપીબીએસ, બીજો જીપીએસસી અને ત્રીજો જી છે જીપીબીઓ. જીપીબીએસ-૨૦૨૨ની સમિટ આપણે સુરત ખૂબસુરતમાં કરવા જઈ રહ્યા છીએ. તમે કાલે જોયું કે નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસિકોનું સંગઠન ભાવિન પટેલ અને તેની ટીમ ૧૨૦૦૦ ઉદ્યોગપતિઓનું સંગઠન બનાવી શક્યા છે. મને આનાથી પણ સંતોષ નથી. હું તો વિકાસનો ભૂખ્યો વ્યક્તિ છું. સમાજના વિકાસના આ ટબ્બાઓ છે. એ ઝાડ સુધી કોઈ પહોંચ્યું નથી એવા દેશ અને દુનિયાની અંદર તેમની સૃષ્ટિ ક્યાંય છે અને દ્રષ્ટિ સમાજ તરફ છે. સમાજનો એક વર્ગ આદિવાસીની સ્થિતિમાં જીવે છે. થોડી જમીન છે અને કોઈ આવક નથી આવા પરિવારો માટે આપણાં સૌનું દિલ ધડકે છે. મરદ કો દર્દ નહીં હોતા પર હમકો તો દર્દ ઓર બેદર્દ ભી હોતા હૈ. ચાર સ્ટેન્ટ લાગેલા છે અને બીજા ચાર લગાવી દઈશ. આ સમિટ કેવી રીતે થઈ છે ને એ તમારે સમજવાની જરૂર છે. આ આપણાં સૌ યુવાનો માટે એક પાઠશાળા છે. ત્રણ દિવસની આ ગ્લોબલ સમિટ મોટામાં મોટી યુનિવર્સિટી છે. તમારા માટે દેશ અને દુનિયાના અનેક ઉદ્યોગપતિઓ પોતાનો કિંમતી સમય છોડીને તમને મળવા માટે આવેલા છે. આ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટની ફલશ્રુતિ રૂપે નવા ૨૫ ટ્રસ્ટીઓ અને સ્થાપક ટ્રસ્ટીઓ સરદાર-ધામમાં જોડાઈ ચૂક્યા છે. બીજી મોટી વાત એ છે કે ૫૦૦ દીકરા-દીકરીઓની ક્ષમતાવાળું શિક્ષણ સંકુલ વડોદરા ખાતે થવા જઈ રહ્યું છે જેનું આગામી ૧૨મી જાન્યુઆરીના રોજ ભૂમિપૂજન રાખવામાં આવેલું છે. આ ઉપરાંત સરદારધામના ઉપપ્રમુખ અને ઉદ્યોગપતિ એવા પરેશભાઈ ગજેરા, મહેન્દ્રભાઈ ફળદુ, પોપટબાપા, ઓ.આર.પટેલના સપના સાકાર કરવા માટે ૨૦૨૪માં ગ્લોબલ પાટીદાર સમિટ-રાજકોટ ખાતે થશે. તમને એમ થાય કે દીકરી સ્વાવલંબન યોજનામાં કાલે લૉંચિંગ થયું



તમે દીકરા-દીકરીઓને જે કંઈ શક્ય હોય તે આપો બાકી સરદારધામ તેમને ભણાવી દેશે.

**ગ્લોબલ સમિટ એટલે સમસ્ત પાટીદારની એક્તાનું અભિયાન. ગ્લોબલ સમિટ એટલે સર્વ સમાજના વિકાસનું અભિયાન અને ગ્લોબલ સમિટ એટલે દેશના વિકાસનું મોડેલ. સરકાર અને પ્રાઈવેટમાં જેટલો તફાવત હોય છે એટલો ફર્ક અહીંયા જીપીબીએસના સ્ટોલમાં જોઈ શકાય છે. સરકાર સાથે તાલમેલ કરીને આપણે કામ કરવા તૈયાર છીએ**

અને જશુભાઈ ચેરમેન છેઅને જાગૃતિબેન તેના કન્વીનર છે. જેમાં ૧૨૦૦ દિકરીઓ દત્તક લેવાઈ ચૂકી છે. સરદારધામમાં એક હજાર દીકરીઓ અને એક હજાર દીકરાઓ રહેશે ત્યારે ઘણાંના છાતીના પાટીયા ભિંસાતા હતા પણ હવે છાતી છપ્પનની થઈ ગઈ છે. તેનો યશ રમેશભાઈ પટેલ- મેઘમણી ગ્રૂપનો છે. આ ઉદ્યોગપતિઓએ દિકરીઓ માટે આ કામ કર્યું છે. નટુભાઈ જેવા ઉદ્યોગપતિઓ દેશમાં દસ હજાર ઉદ્યોગપતિઓ છે. આજે પણ ગાડી કરીને જઈએ તો રોજ અડધો અડધો ડઝન સ્થાપક ટ્રસ્ટી અને ટ્રસ્ટી લઈને આવી શકે એવી ક્ષમતાવાળા ઉદ્યોગપતિઓ અહીં બેઠા છે. અને એ કરવું પડશે. સરદારધામ અહીંયા ચલાવવાનું છે, મધ્ય ગુજરાત ખાતે, ભાવનગરમાં તો ભૂમિપૂજન થઈ ગયું છે. ભાવનગરમાં તો પચાસ કરોડની જમીન મળી છે. હવે મારે યુવાનોને એ સંદેશ આપવાનો છે કે આપની સેવા દ્વારા આપનો પરસેવો હું એળે નહીં જવા દઉં. તમે કહી શકશો કે જીપીએસસી કે યુપીએસસીની ટ્રેનિંગના ક્રાઈટેરિયા પ્રમાણે

મારી યુવાશક્તિ મારી ધડકન આજે મોજૂદ છે. પાટીદાર સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે પહેલી હરોળના દસ હજાર ઉદ્યોગપતિઓ માટે અહીંથી જ મોક્ષ અપાવી દેવો છે. પાંત્રીસ હજાર ફૂટની ઊંચાઈ પર જઈને ત્યાં કોઈ વૈકુંઠધામ નથી, કૈલાસધામ નથી માત્ર વિકાસનું ધામ સરદારધામ અહીંયા દેખાય છે. ગ્લોબલ સમિટ એટલે સમસ્ત પાટીદારની એક્તાનું અભિયાન. ગ્લોબલ સમિટ એટલે સર્વ સમાજના વિકાસનું અભિયાન અને ગ્લોબલ સમિટ એટલે દેશના વિકાસનું મોડેલ. સરકાર અને પ્રાઈવેટમાં જેટલો તફાવત હોય છે એટલો ફર્ક અહીંયા જીપીબીએસના સ્ટોલમાં જોઈ શકાય છે. સરકાર સાથે તાલમેલ કરીને આપણે કામ કરવા તૈયાર છીએ.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સપના સાથે આપણે જોડાઈશું. એક સોસાઈટીથી લઈને કેન્દ્ર સરકાર સુધીના મેનેજમેન્ટમાં કોર્પોરેટ, એનજીઓ અને ઈન્ડસ્ટ્રીઝની સહિયારી ભાગીદારીથી કંઈક સારું કરી શકાય તેમ છે. આપણે દિવસે સપનાં જોવા છે અને તે પણ સાકાર કરવા માટે. જય સરદાર... જયહિંદ... ■

## ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૦ની ઉપલબ્ધિ



